سُوْرَةُ بَنِيْٓ اِسْرَآءِيْلَ مَكِّيَّةٌ وَّهِيَ مِائَةٌ وَّاَحَدَ عَشَرَةَ اٰيَةً وَّاثْنَا عَشَرَ رُكُوْعًا

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

سُبْحٰنَ الَّذِيْٓ اَسْرٰى بِعَبْدِهٖ لَيْلًا مِّنَ الْمَسْجِدِ
الْحَرَامِ اِلَى الْمَسْجِدِ الْاَقْصَا الَّذِيْ بٰرَكْنَا حَوْلَهٗ
لِنُرِيَهٗ مِنْ اٰيٰتِنَا ۭ اِنَّهٗ هُوَ السَّمِيْعُ الْبَصِيْرُ ① وَاٰتَيْنَا
مُوْسَى الْكِتٰبَ وَجَعَلْنٰهُ هُدًى لِّبَنِيْٓ اِسْرَآءِيْلَ
اَلَّا تَتَّخِذُوْا مِنْ دُوْنِيْ وَكِيْلًا ② ذُرِّيَّةَ مَنْ حَمَلْنَا
مَعَ نُوْحٍ ۭ اِنَّهٗ كَانَ عَبْدًا شَكُوْرًا ③ وَقَضَيْنَآ اِلٰى
بَنِيْٓ اِسْرَآءِيْلَ فِي الْكِتٰبِ لَتُفْسِدُنَّ فِي الْاَرْضِ
مَرَّتَيْنِ وَلَتَعْلُنَّ عُلُوًّا كَبِيْرًا ④ فَاِذَا جَآءَ وَعْدُ
اُوْلٰىهُمَا بَعَثْنَا عَلَيْكُمْ عِبَادًا لَّنَآ اُولِيْ بَاْسٍ شَدِيْدٍ

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧]**

**પવિત્રતા છે તેને[૨] જે લઇ ગયો[૩] પોતાના બન્દાને[૪] રાતો રાત મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી[૫] જેની આજુ બાજુ અમે બરકત મૂકી[૬] જેથી અમે તેને અમારી મહાન નિશાનીઓ દેખાડીએ. બેશક ! તે સાંભળતો દેખતો છે (૧) અને અમે મૂસાને કિતાબ[૭] આપી અને તેને બની ઇસરાઇલ માટે હિદાયત બનાવી કે મારા સિવાય અન્યને કારસાઝ બનાવો નહિ (૨) અય તેમની ઔલાદ ! જેમને અમે નૂહ સાથે[૮] સવાર કર્યા, બેશક ! તે ઘણો શુક્રગુઝાર બન્દો હતો[૯] (૩) અને અમે બની ઇસરાઇલને કિતાબ[૧૦] માં વહી મોકલી કે જરૂર તમે ધરતીમાં બે વાર ફસાદ મચાવશો[૧૧] અને જરૂર ખૂબ ઘમંડ કરશો[૧૨] (૪) પછી જ્યારે તેમાંનો પહેલી વાર[૧૩] નો વાયદો આવ્યો[૧૪] (ત્યારે) અમે તમારા પર અમારા બન્દાઓ મોકલ્યા સખત લડાઇખોર[૧૫] તો તેઓ શહેરોમાં તમને ઢૂંઢવા ઘુસ્યા[૧૬]. આ**

૧. સૂરએ બની ઇસરાઇલ એનું નામ સૂરએ અસરા અને સૂરએ સુબ્હાન પણ છે. આ સૂરત મક્કિયહ છે સિવાય કે ''વઇન કાદુ લયુફતિતૂનક'' થી ''નસીરા'' સુધીની આઠ આયતો, આ કતાદાનું કહેવું છે. બયઝાવીએ એ વાતને ભાર પૂર્વક કહી છે કે આ આખી સૂરત મક્કી છે. આ સૂરતમાં બાર રૂકૂઅ, એકસો દસ આયતો બસરી લોકોના હિસાબે અને કૂફી લોકોના હિસાબે ૧૧૧ આયતો છે અને ૫૩૩ શબ્દો તેમજ ૩૪૬૦ અક્ષરો છે.

૨. ૫ર છે તેની જાત પ્રત્યેક ઐબ અને ખોટથી.

૩. મેઅરાજની રાત્રે.

૪. મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને.

૫. જેનું અંતર ૪૦ મન્ઝિલો એટલે કે સવા મહીના કરતા વધારેનો રસ્તો.

**શાને નુઝૂલ** : જ્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ મેઅરાજની રાત્રે બુલંદ દરજ્જાઓ અને ઊંચા મરતબાઓને વર્યા ત્યારે અલ્લાહ તઆલાએ પૂછયું : અય મોહમ્મદ ! (સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ) આ શ્રેષ્ઠતા અને માન મેં તમને શા માટે આપ્યું ? હુઝૂરે કહ્યું, એટલા માટે કે તેં મને તારો પોતાનો બન્દો કહ્યો. તે બાબત આ આયત ઉતરી. (ખાઝિન)

૬. દીની અને દુનિયવી બન્ને કારણ કે તે પવિત્ર ધરતી વહી ઉતરવાનું સ્થાન અને પૈગમ્બરોની ઇબાદત કરવાની જગ્યા અને તેમનું રહેઠાણ અને ઇબાદતનો કિબ્લો છે.

તેમજ નહેરો અને ઝાડોના વિપુલ પ્રમાણથી તે જમીન લીલીછમ અને મેવાઓ અને ફળોના ભંડારોથી

એશ અને રાહતનું સ્થાન છે.

**મેઅરાજ શરીફ** : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમનો એક મહાન મો'જિઝો અને અલ્લાહ તઆલાની મોટી નેઅમત છે. અને એનાથી હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને અલ્લાહના દરબારમાં જે કમાલ દરજ્જાની ''નિકટતા'' પ્રાપ્ત છે તે જાહેર થાય છે જે આપના સિવાય અલ્લાહની મખ્લૂકમાં બીજા કોઇને મળી નથી. નબુવ્વતના બારમા વર્ષે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ મેઅરાજથી સન્માનવામાં આવ્યા, મહીના બાબત મતભેદો છે પણ વધારે મશહૂર એ છે કે રજબની ૨૭મીએ મેઅરાજ થઇ. હુઝૂરનું મક્કા શરીફથી રાતના થોડા ભાગમાં બયતુલ મૂકદ્દસ સુધી જવું કુરઆની સ્પષ્ટ આયતથી સાબિત છે એનો ઇન્કાર કરનાર કાફિર થઇ જશે અને આસ્માનોની સેર તેમજ નિકટતાની મંઝિલોમાં પહોંચવું સહીહ, વિશ્વાસપાત્ર અને મશહૂર હદીષોથી સાબિત છે જેને દરેક સમયમાં અગણિત સંખ્યામાં લોકો માનતા આવ્યા છે. એનો મુન્કિર ગુમરાહ છે. મેઅરાજ શરીફ જાગૃત અવસ્થામાં શરીર અને રૂહ બન્ને સાથે થઇ લગભગ બધા જ મુસ્લિમોનો એ અકીદો છે અને હુઝૂરના સહાબીઓની ઘણી મોટી સંખ્યા અને હુઝૂરના મોટા મોટા સહાબીઓ એવી જ માન્યતા ધરાવનાર હતા. કુરઆન અને હદીષના ફરમાનોથી પણ એવું જ જાણવા મળે છે. ફિલોસોફીના અંધ દિમાગોના વહેમો તદ્દન ખોટા છે, અલ્લાહની તાકાતમાં શ્રદ્ધા રાખનાર પાસે તે બધી જ શંકાઓ નરી અવાસ્તિક છે. હઝરત જિબ્રઇલનું બુરાક લઇને હાજર થવું સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને ખૂબ જ માનપૂર્વક સવાર કરીને લઇ જવું. બયતુલ મૂકદ્દસમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમનું બધા જ પૈગમ્બરોની ઇમામત કરવું. પછી ત્યાંથી આસ્માનોની સહેલ પર ઉપડવું, જિબ્રઇલ અમીનનું દરેક આસ્માનનો દરવાજો ઉઘાડાવવું, દરેક આસ્માન પર ત્યાં રહેનાર નબીની ઝિયારતથી સન્માનિત થવું અને હુઝૂરની ઇજ્જત કરવી, પધારવા બદલ મુબારકબાદ આપવું, હુઝૂરનું એક આસ્માન પછી બીજા આસ્માનની સેર કરવું, ત્યાંની અજાયબીઓ જોવી અને બધા જ નિકટતા ધરાવનારાઓની હદ સિદરતુલ મુન્તહાએ પહોંચવુ, જ્યાંથી આગળ ધપવાની હિમ્મત કોઇ નિકટતમ ફરિશ્તામાં પણ નથી. જિબ્રઇલનું ત્યાં માફી માંગી રહી જવું પછી ખાસ નિકટતાના સ્થાનમાં હુઝૂરનું પ્રગતિ કરવું અને તે ખાસ નજીકમાં પહોંચવું કે જેની કલ્પના માત્ર કરવાથી પણ મખ્લૂકના દિમાગો અને વિચાર શક્તિઓ અશક્તિમાન છે, ત્યાં રહમ અને કરમનું ઉતરાણ સ્થાન બનવું અને અલ્લાહના ઇનામો અને ખાસ નેઅમતોથી માલા માલ થવું અને ધરતી આકાશના રહસ્યો બલ્કે તેનાથી પણ શ્રેષ્ઠ અને ઉચ્ચ એવાં ઇલ્મો મેળવવા અને ઉમ્મત માટે નમાઝો ફર્ઝ થવી, હુઝૂરનું શફાઅત ફરમાવવું, જન્નત અને દોઝખની સહેલ કરવી અને પછી પોતાના મૂકામ પર પરત આવવું અને આ બનાવની ખબરો આપવી, કાફિરોનું એ બાબત બુમરાણ મચાવવું, બયતુલ મૂકદ્દસની ઇમારતની હાલત હુઝૂરે કહી કાફલાઓના આગમન પર તેની સત્યતા જાહેર થવી, આ બધું જ હદીષની સહીહ કિતાબોની વિશ્વાસપાત્ર હદીષોથી સાબિત છે અને ઘણી જ હદીષો આ બધી વાતોના બયાન અને એની વિગતથી ભરેલી પડી છે.

૭. અર્થાત તવરાત.

૮. વહાણમાં.

૯. અર્થાત હઝરત નૂહ અલયહિસ્સલામ ખૂબ જ શુક્ર ગુઝાર હતા જ્યારે કંઇક ખાતા પીતા કે પહેરતા ત્યારે અલ્લાહના વખાણ કરતા અને તેનો શુકર કરતા હતા તો તેમના વંશ માટે અનિવાર્ય છે કે તેમની રીત પર જામેલા રહે.

**એક વાયદો હતો[૧૭] જે પુરો થવાનો (હતો) (૫) પછી અમે તેમના પર ઉલ્ટાવીને તમારો હુમ્લો કર્યો[૧૮] અને તમને માલ અને દીકરાઓથી મદદ કરી અને તમારૂં જૂથ વધારી આપ્યું (૬) જો તમે ભલાઇ કરશો (તો) પોતાનું જ ભલું કરશો[૧૯] અને જો બુરૂં કરશો તો પોતાનું જ પછી જ્યારે બીજીવારનો વાયદો આવ્યો[૨૦] કે દુશ્મન તમારૂં મોઢું બગાડે[૨૧] અને મસ્જિદમાં પ્રવેશે[૨૨] જેવા કે પહેલીવાર પ્રવેશ્યા હતા[૨૩] અને જે વસ્તુ હાથ લાગે[૨૪] તેને તબાહ બરબાદ કરી નાખે (૭) નજીક છે કે તમારો રબ તમારા પર મહેરબાની કરે[૨૫] અને જો તમે ફરી નાલાયકી કરશો[૨૬] તો અમે ફરી અઝાબ કરીશું[૨૭] અને અમે જહન્નમને કાફિરોની જેલ બનાવી છે (૮) બેશક ! આ કુરઆન તે રસ્તો દેખાડે છે જે બધાથી સીધો છે[૨૮] અને ઇમાનવાળાઓને ખુશી સંભળાવે છે જેઓ સદકાર્યો કરે કે તેમના માટે મહાન સવાબ છે (૯) અને એ કે જેઓ આખેરત પર ઇમાન લાવતા નથી અમે તેમના માટે દુ:ખદાયક અઝાબ તૈયાર કરી રાખ્યો છે (૧૦) અને આદમી**

سبحن الذي ١٥ بني اسرآءيل ١٧

فجاسوا خلل الديار وكان وعدا مفعولا ۝ ثم
رددنا لكم الكرة عليهم وامددنكم باموال
وبنين وجعلنكم اكثر نفيرا ۝ ان احسنتم احسنتم
لانفسكم وان اساتم فلها فاذا جاء وعد الاخرة
ليسوءا وجوهكم وليدخلوا المسجد كما دخلوه
اول مرة وليتبروا ما علوا تتبيرا ۝ عسى ربكم
ان يرحمكم وان عدتم عدنا وجعلنا جهنم
للكفرين حصيرا ۝ ان هذا القران يهدي للتي
هي اقوم ويبشر المؤمنين الذين يعملون الصلحت
ان لهم اجرا كبيرا ۝ وان الذين لا يؤمنون بالاخرة
اعتدنا لهم عذابا اليما ۝ ويدع الانسان بالشر

૧૦. તવરાત.

૧૧. આનો મતલબ સિરીયા અને બયતુલ મૂકદ્દસની ધરતી છે અને બે વાર ફસાદનું બયાન આગલી આયતમાં આવે છે.

૧૨. અને અત્યાચાર તેમજ બંડખોરીમાં મગ્ન બનશો.

૧૩. ના ફસાદના અઝાબ.

૧૪. અને તેમણે તવરાતના હુકમોનું ઉલ્લંઘન કર્યું અને હરામ કામો તેમજ ગુનાહો કર્યા અને હઝરત શઅયા પૈગમ્બર અને અમુકના મંતવ્યનુસાર હઝરત અરમિયા અલયહિસ્સલામને કત્લ કર્યા. (બયઝાવી વિ.)

૧૫. ખૂબ જોરાવર અને તાકાતવાન, તેમને તમારો કબ્જો આપ્યો. અને તે સંજારીબ અને તેના સૈન્યો છે અથવા બુખ્તનસર અથવા જાલૂત, જેમણે બની ઇસરાઇલના આલિમોને કતલ કરી દીધા, તવરાતને સળગાવી દીધી, મસ્જિદને વેરાન કરી અને તેમનામાંથી ૭૦,૦૦૦ ને કેદી બનાવ્યા. ૧૬. કે તમને લૂંટે અને કતલ તેમજ કેદ કરે.

૧૬. કે તમને લૂટે અને કતલ તેમજ કેદ કરે.

૧૭. અઝાબનો જે અનિવાર્ય હતો.

૧૮. જ્યારે તમે તવબહ કરી અને ઘમંડ તેમજ ફસાદ છોડી દીધા ત્યારે અમે તમને દૌલત આપી અને જે તમારો કબ્જો કરી બેઠા હતા તેમની પર તમને વિજય આપ્યો.

૧૯. તમને એ ભલાઇનો સારો બદલો મળશે.

سبحٰن الذي ١٥ — بنی اسرآءيل ١٧

دُعَآءَهٗ بِالْخَيْرِ ۭ وَكَانَ الْاِنْسَانُ عَجُوْلًا ﴿١١﴾ وَجَعَلْنَا الَّيْلَ
وَالنَّهَارَ اٰيَتَيْنِ فَمَحَوْنَآ اٰيَةَ الَّيْلِ وَجَعَلْنَآ اٰيَةَ النَّهَارِ
مُبْصِرَةً لِّتَبْتَغُوْا فَضْلًا مِّنْ رَّبِّكُمْ وَلِتَعْلَمُوْا عَدَدَ
السِّنِيْنَ وَالْحِسَابَ ۭ وَكُلَّ شَيْءٍ فَصَّلْنٰهُ تَفْصِيْلًا ﴿١٢﴾
وَكُلَّ اِنْسَانٍ اَلْزَمْنٰهُ طٰۗىِٕرَهٗ فِيْ عُنُقِهٖ ۭ وَنُخْرِجُ لَهٗ يَوْمَ
الْقِيٰمَةِ كِتٰبًا يَّلْقٰىهُ مَنْشُوْرًا ﴿١٣﴾ اِقْرَاْ كِتٰبَكَ ۭ كَفٰى بِنَفْسِكَ
الْيَوْمَ عَلَيْكَ حَسِيْبًا ﴿١٤﴾ مَنِ اهْتَدٰى فَاِنَّمَا يَهْتَدِيْ
لِنَفْسِهٖ ۚ وَمَنْ ضَلَّ فَاِنَّمَا يَضِلُّ عَلَيْهَا ۭ وَلَا تَزِرُ وَازِرَةٌ
وِّزْرَ اُخْرٰى ۭ وَمَا كُنَّا مُعَذِّبِيْنَ حَتّٰى نَبْعَثَ رَسُوْلًا ﴿١٥﴾
وَاِذَآ اَرَدْنَآ اَنْ نُّهْلِكَ قَرْيَةً اَمَرْنَا مُتْرَفِيْهَا فَفَسَقُوْا
فِيْهَا فَحَقَّ عَلَيْهَا الْقَوْلُ فَدَمَّرْنٰهَا تَدْمِيْرًا ﴿١٦﴾ وَكَمْ

ربع

**અનિષ્ટની દુઆ માંગે છે[૨૯] જેવી કે ભલાઇ માંગે છે[૩૦] અને માનવી ઘણો ઉતાવળીઓ છે[૩૧] (૧૧) અને અમે રાત્રી અને દિવસને બે નિશાનીઓ બનાવી[૩૨] તો રાતની નિશાનીઓ ભૂંસાએલી રાખી[૩૩] અને દિવસની નિશાનીઓ દેખાડનાર[૩૪] કે (જેથી) પોતાના રબની કૃપા ઢુંઢો[૩૫] અને[૩૬] વરસોની ગણાત્રી અને હિસાબ જાણો.[૩૭] અને અમે દરેક વસ્તુ ખૂબ અલગ અલગ જાહેર કરી દીધી[૩૮] (૧૨) અને પ્રત્યેક માનવીનું ભાગ્ય અમે તેના ગળે વળગાડી દીધું[૩૯] અને તેના માટે કયામતના દિવસે એક લખાણ કાઢીશું જેને ખુલ્લું પામશે[૪૦] (૧૩) ફરમાવવામાં આવશે કે, 'પોતાનું ખાતું વાંચ, આજે તુ પોતે જ તારો હિસાબ કરવા માટે પુરતો છે' (૧૪) જે (સીધા) માર્ગે ચઢયો તે પોતાના ભલા ખાતર જ ચઢયો[૪૧] અને જે ભટક્યો તે પોતાના બુરા ખાતર જ ભટક્યો.[૪૨] અને કોઇ વજન ઊંચકનાર જીવ બીજાનું વજન નહિ ઊંચકે.[૪૩] અને જ્યાં સુધી રસૂલ ન મોકલી લઇએ ત્યાં સુધી અમે અઝાબ કરતા નથી[૪૪] (૧૫) અને જ્યારે અમે કોઇ વસ્તીનો વિનાશ કરવા ઇચ્છીએ છીએ (ત્યારે) તેના સુખી લોકો[૪૫] પર હુકમો મોકલીએ છીએ પછી તેઓ એમાં આજ્ઞાપાલન કરતા નથી તો તેના પર વાત પુરી થઇ જાય છે તો અમે તેને તબાહ કરીને બરબાદ કરી દઇએ છીએ (૧૬)**

૨૦. અને તમે ફરી ફસાદ મચાવ્યો હઝરત ઇસા અલયહિસ્સલામને મારી નાખવા તૈયાર થયા પણ અલ્લાહ તઆલાએ તેમને બચાવ્યા અને પોતાની તરફ ઉઠાવી લીધા અને તમે હઝરત ઝકરિયા તેમજ હઝરત યહયા અલયહિસ્સલામને કત્લ કર્યા તો અલ્લાહ તઆલાએ ફારસ અને રોમવાળાઓને તમારા પર ચઢાવી મોકલ્યા કે તમારા તે દુશ્મનો તમને કત્લ કરે કેદ કરે અને તમને એટલા સતાવે.

૨૧. કે ચિંતા અને પરેશાનીનાં ચિન્હો તમારા ચહેરાઓથી દેખાય આવે.

૨૨. અર્થાત બયતુલ મૂકદ્દસમાં અને તેને વેરાન કરે.

૨૩. અને એને વેરાન કર્યું હતું તમારા પ્રથમ ફસાદ વખતે.

૨૪. બની ઇસરાઇલનાં શહેરોમાંથી...

૨૫. બીજીવાર પછી પણ જો તમે તવબહ કરો અને ગુનાહો છોડી દો.

૨૬. ત્રીજીવાર.

૨૭. જેમકે એવું જ બન્યું અને તેઓ ફરી પાછા પોતાની નાલાયકી તરફ વળ્યા અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમના બરકતવંત સમયમાં આપને જૂઠાડયા તો કયામત સુધી તેમના માથે અપમાન ઠોકી દેવામાં આવ્યું અને મુસલમાનોને તેમના પર કાબૂ આપવામાં આવ્યો, જેમકે કુરઆન શરીફમાં યહૂદીઓ બાબત ફરમાવ્યું છે કે ''વદુરિબત અલયહિમુઝ ઝિલ્લત'' (તેમના પર ઝીલ્લત ચોંટાડી દેવાઇ)

૨૮. અને તે અલ્લાહનું એક હોવું તેના રસૂલો પર ઈમાન લાવવું અને તેમની તાબેદારી કરવી છે.

૨૯. પોતાના માટે અને પોતાના ઘરવાળાઓ માટે અને પોતાની માલ દોલત માટે અને પોતાની

سبحٰن الذی ١٥ — بنی اسرآءیل ١٧

اَهْلَكْنَا مِنَ الْقُرُوْنِ مِنْۢ بَعْدِ نُوْحٍ ۭ وَكَفٰى بِرَبِّكَ
بِذُنُوْبِ عِبَادِهٖ خَبِيْرًۢا بَصِيْرًا ⑰ مَنْ كَانَ يُرِيْدُ الْعَاجِلَةَ
عَجَّلْنَا لَهٗ فِيْهَا مَا نَشَاۗءُ لِمَنْ نُّرِيْدُ ثُمَّ جَعَلْنَا لَهٗ جَهَنَّمَ ۚ
يَصْلٰىهَا مَذْمُوْمًا مَّدْحُوْرًا ⑱ وَمَنْ اَرَادَ الْاٰخِرَةَ
وَسَعٰى لَهَا سَعْيَهَا وَهُوَ مُؤْمِنٌ فَاُولٰۗىِٕكَ كَانَ سَعْيُهُمْ
مَّشْكُوْرًا ⑲ كُلًّا نُّمِدُّ هٰٓؤُلَاۗءِ وَهٰٓؤُلَاۗءِ مِنْ عَطَاۗءِ رَبِّكَ ۭ
وَمَا كَانَ عَطَاۗءُ رَبِّكَ مَحْظُوْرًا ⑳ اُنْظُرْ كَيْفَ فَضَّلْنَا
بَعْضَهُمْ عَلٰي بَعْضٍ ۭ وَلَلْاٰخِرَةُ اَكْبَرُ دَرَجٰتٍ وَّاَكْبَرُ
تَفْضِيْلًا ㉑ لَا تَجْعَلْ مَعَ اللّٰهِ اِلٰـهًا اٰخَرَ فَتَقْعُدَ مَذْمُوْمًا
مَّخْذُوْلًا ㉒ وَقَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْٓا اِلَّآ اِيَّاهُ وَبِالْوَالِدَيْنِ
اِحْسَانًا ۭ اِمَّا يَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَآ اَوْ كِلٰهُمَا

**અને અમે કેટલીએ કોમો[૪૬] નૂહ પછી હલાક કરી નાખી,[૪૭] અને તમારો રબ પુરતો છે પોતાના બન્દાઓના ગુનાહો ને જાણનાર જોનાર[૪૮] (૧૭) જે આ ઉતાવળી ઇચ્છે[૪૯] અમે તેને એમાં જલ્દી (ભાગ) આપી દઇએ જે ઇચ્છીએ જેને ઇચ્છીએ[૫૦] પછી તેના માટે કરી દઇએ જહન્નમ કે તેમાં જાય અપમાનિત કરાએલ ધક્કા ખાતો (૧૮) અને જે આખેરત ઇચ્છે અને તેના જેવા પ્રયત્ન કરે[૫૧] અને હોય ઇમાનવાળો, તો તેમના પ્રયત્નો જ ઠેકાણે લાગ્યા[૫૨] (૧૯) અમે બધાને જ સહાય કરીએ છીએ, આમને[૫૩] પણ અને તેમને પણ[૫૪] તમારા રબની દેણથી[૫૫] અને તમારા રબની દેણ પર રોકટોક નથી[૫૬] (૨૦) જુઓ અમે તેમનામાં એક ને એક પર કેવી મોટાઇ આપી[૫૭] ? અને બેશક ! આખેરત દરજ્જાઓમાં બધાંથી મોટી અને કૃપામાં બધાથી ઉચ્ચ છે (૨૧) અય સાંભળનાર ! અલ્લાહ સિવાય બીજો ખુદા ઠેરવ નહિ (નહિતર) તું બેઠેલો રહીશ અપમાનિત કરાએલ નિ:સહાય[૫૮] (૨૨) અને તમારા રબે હુકમ ફરમાવ્યો કે, તેના સિવાય કોઇને પૂજો નહિ અને માં-બાપ સાથે સદવર્તન કરો, જો તારી હાજરીમાં**

ઔલાદ માટે. અને ક્રોધે ભરાઈને બધાંને ભાંડે છે અને એમના માટે બદ દુઆ કરે છે.

૩૦. જો અલ્લાહ તઆલા તેની એ બદ દુઆ કબૂલ કરી લે તો તે માણસ અથવા તેના બાલ બચ્ચાં કે ધન દોલત નાશ પામે પણ અલ્લાહ તઆલા પોતાની કૃપા અને મહેરબાનીથી તેને કુબૂલ કરતો નથી.

૩૧. અમુક તફસીરકારોએ કહ્યું છે કે; આ આયતમાં 'માનવી' નો મતલબ કાફિર થાય છે અને 'અનિષ્ટ' ની દુઆનો મતલબ અઝાબ માટે તેની ઉતાવળ કરવી. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમા એ બયાન કર્યું છે કે; નદ્ર બિન હારીસ કાફિરે કહ્યું; 'અય અલ્લાહ ! જો આ ઈસ્લામ ધર્મ તારી પાસે સાચો હોય તો અમારા પર આકાશમાંથી પથ્થર વર્ષા કર અથવા દુ:ખદાયક અઝાબ મોકલ.' અલ્લાહ તઆલાએ તેની દુઆ કબૂલ કરી અને તેને કતલ કરી દેવામાં આવ્યો.

૩૨. પોતાના એક હોવાની તેમજ કુદરત પ્રતિ નિર્દેશ કરનારી.

૩૩. અર્થાત રાત્રીને અંધારી બનાવી કે જેથી એમાં આરામ થઈ શકે.

૩૪. અજવાળાવાળો કે એમાં બધી વસ્તુઓ દેખાય.

૩૫. અને રોજી કમાવવાના કામ સરળતાથી પાર પાડી શકો.

૩૬. રાત્રી દિવસના ફેરાઓથી.

૩૭. દીન અને દુનિયાના કામોના સમયનો.

૩૮. તેની આવશ્યકતા દીનમાં હોય કે દુનિયામાં હેતુ એ છે કે પ્રત્યેક વસ્તુની વિગત જાહેર કરી દીધી. જેમકે બીજી આયતમાં ફરમાવ્યું; 'મા ફર્રત્ના ફીલ કિતાબે મિન શયઈન' (અમે કિતાબમાં કોઈ વસ્તુ બાકી

રહેવા દીધી નથી) અને બીજી એક આયતમાં ફરમાવ્યું ''વનઝઝલ્ના અલયકલ કિતાબ તિબ્યાનલ લિકુલ્લી શયઈન'' (અમે તમારા પર પ્રત્યેક વસ્તુનું સ્પષ્ટ વર્ણન કરનાર કિતાબ ઉતારી છે) આ આયતોથી પુરવાર થાય છે કે કુરઆન શરીફમાં દરેક વસ્તુનું બયાન છે. સુબ્હાનલ્લાહ! કેવી કિતાબ છે અને શું એનો ભંડોળ છે! (ખાઝિન, મદારિક વિગેરે)

૩૯. અર્થાત જે કંઈ તેના માટે નક્કી થયું છે તે ઈષ્ટ, અનિષ્ટ, નેક બખ્તી, બદબખ્તી, તે એના માટે એટલુ જરૂરી છે કે ગળાનો હાર કે જ્યાં જાય ત્યાં સાથે રહે કદી અલગ થાય નહિ. મુજાહિદે કહ્યું છે કે; દરેક માણસના ગળામાં તેના સારા નરસાનું લખાણ પહેરાવી દેવામાં આવે છે.

૪૦. તે તેનું આમાલનામું હશે.

૪૧. એનો સવાબ તેજ મેળવશે.

૪૨. તેના ભટકવાનો ગુનોહ અને તેનું પરિણામ તેના શિરે.

૪૩. દરેકના ગુનાહોનો ભાર દરેક પર હશે.

૪૪. જે ઉમ્મતને તેની ફરજ યાદ અપાવે અને સત્ય માર્ગ તેમની સામે ખુલેલો કરે અને કહેવાપણું રહેવા દે નહિ.

૪૫. અને આગેવાનો.

૪૬. અર્થાત જૂઠાડનાર ઉમ્મતો.

૪૭. આદ ષમૂદ વિગેરે કોમો જેવી.

૪૮. જાહેર અને ગુપ્તને જાણનાર, તેનાથી કશું છાનું રાખી શકાતું નથી.

૪૯. અર્થાત દુનિયાનો ચાહક બને.

૫૦. એ જરૂરી નથી કે દુનિયાના ચાહકની પ્રત્યેક મરજી પુરી કરવામાં આવે અને તેને આપવામાં જ આવે અને તે જે માંગે તે જ આપવામાં આવે, એવું નથી. બલ્કે તેમનામાંથી જેને ઈચ્છીએ તેને આપીએ છીએ અને જે ઈચ્છીએ તે આપીએ છીએ. કદીક એવું પણ બને છે કે તેને વંચિત રાખીએ છીએ અને ક્યારે એવું બને છે કે તે ઘણું માંગે છે ત્યારે થોડું આપીએ છીએ, કદીક એવું કે તે એશ આરામ માંગે ત્યારે કષ્ટ આપીએ છીએ. આવી હાલતમાં કાફિર દુનિયા અને આખેરત બન્નેના નુકશાનમાં રહયો. અને જો દુનિયામાં તેને તેની મુરાદ આપી દેવામાં આવી તો પણ આખેરતનું કુભાગ્ય અને બદબખ્તી તો ઉભેલાં જ છે. જ્યારે મો'મિન આખેરતના તલબગાર માટે એનાથી ઉલટ છે જો તે દુનિયામાં ગરીબીથી ગુજારો કરી ગયો તો આખેરતની કાયમ માટેની નેઅમત તો તેના માટે છે જ, અને જો અલ્લાહની મહેરબાનીથી દુનિયામાં પણ તેને સુખી જીવન સાંપડયું તો બન્ને જગતમાં સફળ. મતલબ કે મો'મિન પ્રત્યેક પરિસ્થિતિમાં કામ્યાબ છે. અને જો કાફિર દુનિયામાં રાહત મેળવી પણ લે છતાં શું? કારણ કે.

૫૧. અને નેક કામો કરે.

૫૨. આ આયતથી જણાયું કે આમાલ કબૂલ થવા માટે ત્રણ વસ્તુ અનિવાર્ય છે પ્રથમ આખેરતનો તલબગાર હોવું અર્થાત નિય્યત નેક હોય, બીજી વસ્તુ પ્રયત્ન એટલે કે આમાલને તેના તમામ હક્કો સહિત વ્યવસ્થિતપણે કરવો, ત્રીજી વસ્તુ ઈમાન જે બધાં કરતા વધું મહત્વનું છે.

૫૩. જેઓ દુનિયા ઈચ્છે છે.

૫૪. જેઓ આખેરતના ચાહક છે.

فَلَا تَقُلْ لَّهُمَآ اُفٍّ وَّلَا تَنْهَرْهُمَا وَقُلْ لَّهُمَا قَوْلًا كَرِيْمًا ﴿۲۳﴾
وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُلْ رَّبِّ
ارْحَمْهُمَا كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا ﴿۲۴﴾ رَبُّكُمْ اَعْلَمُ بِمَا فِيْ نُفُوْسِكُمْ
اِنْ تَكُوْنُوْا صٰلِحِيْنَ فَاِنَّهٗ كَانَ لِلْاَوَّابِيْنَ غَفُوْرًا ﴿۲۵﴾
وَاٰتِ ذَا الْقُرْبٰى حَقَّهٗ وَالْمِسْكِيْنَ وَابْنَ السَّبِيْلِ
وَلَا تُبَذِّرْ تَبْذِيْرًا ﴿۲۶﴾ اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْٓا اِخْوَانَ الشَّيٰطِيْنِ ربع
وَكَانَ الشَّيْطٰنُ لِرَبِّهٖ كَفُوْرًا ﴿۲۷﴾ وَاِمَّا تُعْرِضَنَّ عَنْهُمُ
ابْتِغَآءَ رَحْمَةٍ مِّنْ رَّبِّكَ تَرْجُوْهَا فَقُلْ لَّهُمْ قَوْلًا
مَّيْسُوْرًا ﴿۲۸﴾ وَلَا تَجْعَلْ يَدَكَ مَغْلُوْلَةً اِلٰى عُنُقِكَ وَلَا
تَبْسُطْهَا كُلَّ الْبَسْطِ فَتَقْعُدَ مَلُوْمًا مَّحْسُوْرًا ﴿۲۹﴾ اِنَّ رَبَّكَ
يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ وَيَقْدِرُ ۭ اِنَّهٗ كَانَ بِعِبَادِهٖ

**તેમનામાંનું એક અથવા બન્ને વૃદ્ધાવસ્થાએ લાધી જાય[૫૯] તો તેમને 'ઉંહ' (પણ) કહીશ નહિ[૬૦] અને તેમને ઘુરકિશ નહિ અને તેમની સાથે સન્માનથી વાત કરીશ,[૬૧] (૨૩) અને તેમના માટે નરમ દિલીથી વિનયનું પડખું પાથર[૬૨] અને વિનંતી કર કે, અય મારા રબ ! તું આ બન્ને પર રહેમ કર જેમકે એ બન્નેએ મને બાળપણમાં ઉછેર્યો[૬૩] (૨૪) તમારો રબ ખૂબ જાણે છે જે તમારા હૃદયોમાં છે,[૬૪] જો તમે લાયક હશો તો[૬૫] બેશક ! તે તવબહ કરનારાઓને માફ કરનાર છે (૨૫) અને સગા વહાલાઓને તેમનો હક્ક આપ[૬૬] અને મિસ્કીન અને મુસાફરને[૬૭] અને ફઝુલ ઉડાવ નહિ[૬૮] (૨૬) બેશક ! ઉડાવ લોકો શયતાનોના ભાઇ છે[૬૯] અને શયતાન પોતાના રબનો મહાન નગુણો છે[૭૦] (૨૭) અને જો તું તેમનાથી[૭૧] મોઢું ફેરવે પોતાના રબની રહેમતની અપેક્ષામાં જેની તને આશા છે તો તેમને સરળ વાત કહે[૭૨] (૨૮) અને પોતાનો હાથ પોતાની ગરદન સાથે બંધાએલો ન રાખ અને ન પુરો ખોલી નાખ કે (જેથી) તું વગોવાએલો થાકેલો (બનીને) બેસી રહે[૭૩] (૨૯) બેશક ! તમારો રબ જેને ઇચ્છે તેને વિસ્તૃત રોજી આપે છે અને[૭૪] ખેંચે છે. બેશક ! તે પોતાના**

૫૫. દુનિયામાં બધાને રોજી આપે છે અને પરિણામ દરેકનું તેની હાલત મુજબ.

૫૬. દુનિયામાં બધાંજ તેની કૃપા દ્રષ્ટિનો લાભ ઉઠાવે છે નેક હોય કે બદ.

૫૭. માલ દોલત કમાલ મરતબા અને માલદારીમાં.

૫૮. યાર મદદગાર વિહેણો.

૫૯. કમજોરી વધી જાય અવયવોમાં તાકાત રહે નહિ અને જેવી રીતે તુ બાળપણમાં તેની સામે અશક્ત હતો એવા જ આખરી વખતે તેઓ તારી પાસે અશક્ત બની જાય.

૬૦. અર્થાત એવો કોઈ શબ્દ મોઢેથી કાઢીશ નહિ જેનાથી તેમને એવું લાગે કે તેમની કોઈ વાત તને અઘરી લાગી.

૬૧. અને અદબ પૂર્વક તેમને સંબોધન કરજે.

**મસઅલો** :- માં બાપને તેમનું નામ લઈને બોલાવે નહિ, એ અદબ વિરુદ્ધ છે અને એમાં તેમની સતામણી છે પણ જો તેઓ હાજર ન હોય તો તેમનું નામ લઈ તેમની વાત કરવી જાઈઝ છે.

**મસઅલો** :- માં બાપ સાથે એવી રીતે વાત કરવી જોઈએ જેવી રીતે ગુલામ અથવા નોકર પોતાના માલિક કે સાહેબ સાથે વાત કરતો હોય છે.

૬૨. અર્થાત નરમી અને વિનયનું વર્તન રાખ અને તેમની સાથે થાકના સમયે મહેરબાની અને મહોબ્બતનો વર્તાવ રાખ કારણ કે તારી લાચારીના સમયે તેણે તને હેતથી ઉછેર્યો હતો અને તેમને જે વસ્તુની જરૂર હોય તે વસ્તુ તેમની પાછળ વાપરવામાં પાછી પાની ન કર.

૬૩. હેતુ એ છે કે દુનિયામાં સદવર્તન અને સેવામાં ગમે તેટલી પણ અતિશ્યોકિત કરવામાં આવે પરંતુ માં-બાપના ઉપકારનો બદલો વાળી શકાતો નથી, તેથી બન્દાએ બારગાહે ઈલાહીમાં તેમના માટે કૃપા અને મહેરબાની કરવાની દુઆ કરતું રહેવું જોઈએ અને કહે કે; અય પરવરદિગાર! મારી સેવા ચાકરીથી તેમનો ઉપકારનો બદલો ચૂકાવી શકાય એમ નથી, તુ તેમના પર રહેમ કર કે જેથી તેમના એહસાનનો બદલો મળે.

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે મુસલમાન માટે રહમત અને મગફેરતની દુઆ જાઈઝ છે અને તેને લાભદાયી છે. મુર્દાઓના ઈસાલે સવાબમાં પણ તેમના માટે રહમતની દુઆ હોય છે જેથી એના માટે આ આયત આધાર છે.

**મસઅલો** :- માં-બાપ કાફિર હોય તો તેમના માટે ઈમાન અને હિદાયતની દુઆ કરે કારણ કે એ જ તેમના માટે રહમત છે.

**હદીષ શરીફ** :- માં છે કે; માં-બાપની ખુશીમાં અલ્લાહની ખુશી અને તેમની નારાજીમાં અલ્લાહની નારાજી છે. બીજી હદીષ શરીફમાં છે કે; માં-બાપનો કહયાગરો જહન્નમી નહિ બને અને તેના નાફરમાન ગમે તેવા આમાલ કરે છતાં અઝાબમાં સપડાશે. એક બીજી હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; માં-બાપની નાફરમાનીથી બચો એટલા માટે કે જન્નતની સુગંધ એક હજાર વરસના માર્ગ (જેટલા અંતર) થી આવે છે પણ (માં-બાપનો) નાફરમાન તે સુગંધ પામશે નહિ અને સગાઈ સંબંધો તોડી નાખનાર અને વૃધ્ધ ઝિનાકાર (વ્યભિચારી) અને ઘમંડથી પોતાના પાયજામાઓ ઘુંટીને નીચે લટકાવનાર પણ તે સુગંધ નહીં મેળવે.

૬૪. માં-બાપની ફરમાંબરદારીનો ઈરાદો, તેમની સેવાનો શોખ.

૬૫. અને તમારાથી માં-બાપની સેવા ચાકરીમાં ઉણપ રહી જવાના કારણે તમે તવબહ કરી.

૬૬. તેમની સાથે સંબંધો જાળવી રાખ તેમજ મહોબ્બત અને મેલ મિલાપ અને દેખભાલ અને સમય પડયે સહાય તથા સદવર્તન રાખ.

**મસઅલો** :- જો તેઓ નિકટનાં સગાં હોય અને મોહતાજ હોય તો તેમનો ખર્ચ ઉપાડવો એ પણ તેમનો હક્ક છે અને વેઠી શકે એવા સગા માટે એ અનિવાર્ય છે. અમુક તફસીરકારોએ એવું પણ કહ્યું છે કે; સગાંવહાલાઓ (ઝીલ કુરબા) નો મતલબ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે સગાંઈ સંબંધો ધરાવનાર લોક છે. તેમનો હક પાંચમો ભાગ આપવો અને તેમની તાઝીમ કરવી છે.

૬૭. તેમનો હક્ક એટલે કે ઝકાત આપો.

૬૮. અર્થાત નાજાઈઝ કામમાં ખર્ચ ન કર. હઝરત ઈબ્ને મસ્ઊદ રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું છે કે; ઉડાઉપણા (તબઝીર) નો અર્થ નાહક્ક બાબતોમાં વાપરવાનો છે.

૬૯. કે તેમના માર્ગે ચાલે છે.

૭૦. તો તેનો રસ્તો પકડવો જોઈએ નહિ.

૭૧. અર્થાત સગા સંબંધીઓ અને મિસ્કીનો અને મુસાફરોથી.

**શાને નુઝૂલ** :- આ આયત મહજઅ અને બિલાલ અને સુહેબ અને સાલિમ અને ખબ્બાબ વિગેરે હુઝૂરના સહાબીઓ બાબત ઉતરી જેઓ અમુક અમુક સમયે પોતાની જરૂરીયાતોની માંગણી હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પાસે કરતા હતા. જો કોઈ સમયે હુઝૂર પાસે કશુ જ હોય નહિ ત્યારે આપ શરમ ફરમાવીને આંખ આડા કાન કરી લઈ ચુપ રહેતા હતા એવી અપેક્ષામાં કે અલ્લાહ તઆલા કંઈ મોકલે તો

**બન્દાઓને ખૂબ જાણે[૭૫] જુએ છે (૩૦) અને પોતાની ઔલાદને કતલ કરો નહિ ગરીબીના ભયથી[૭૬] અમે તેમને પણ રોજી આપીશું અને તમને પણ. બેશક ! તેમનું કતલ મહાન ભૂલ છે (૩૧) અને બદકારી પાસે ન જાવ, બેશક ! તે નિર્લજ્જતા છે અને અતિ ખરાબ માર્ગ (૩૨) અને કોઇ જીવ જેની હુરમત અલ્લાહે રાખી છે (તેને) નાહક ન મારો, અને જે નાહક માર્યા જાય તો બેશક ! અમે તેના વારસદા-રને કાબૂ આપ્યો છે,[૭૭] તો તે કત્લમાં હદથી વધે નહિ,[૭૮] અવશ્ય તેની મદદ થવી જોઇએ[૭૯] (૩૩) અને યતીમના માલ પાસે ન જાઓ પરંતુ એવા માર્ગે જે સર્વોત્તમ છે.[૮૦] ત્યાં સુધી કે તે પોતાની યુવાનીએ પહોંચે.[૮૧] અને વાયદો પુરો કરો[૮૨] બેશક ! વાયદા બાબત પૂછાશે (૩૪) અને માપો તો પુરેપુરૂં માપો અને સરખા ત્રાજવે તોલો આ સારૂં છે અને એનું પરિણામ ઉત્તમ (૩૫) અને તે વાતની પાછળ પડ નહિ જેની જાણ તને નથી[૮૩] બેશક ! કાન અને આંખ અને દિલ એ બધાંનો સવાલ થશે[૮૪] (૩૬)**



خَبِيرًا بَصِيرًا ﴿٣٠﴾ وَلَا تَقْتُلُوا أَوْلَادَكُمْ خَشْيَةَ إِمْلَاقٍ
نَحْنُ نَرْزُقُهُمْ وَإِيَّاكُمْ إِنَّ قَتْلَهُمْ كَانَ خِطْئًا كَبِيرًا ﴿٣١﴾
وَلَا تَقْرَبُوا الزِّنَىٰ إِنَّهُ كَانَ فَاحِشَةً وَسَاءَ سَبِيلًا ﴿٣٢﴾
وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِي حَرَّمَ اللَّهُ إِلَّا بِالْحَقِّ وَمَنْ
قُتِلَ مَظْلُومًا فَقَدْ جَعَلْنَا لِوَلِيِّهِ سُلْطَانًا فَلَا يُسْرِفْ
فِي الْقَتْلِ إِنَّهُ كَانَ مَنْصُورًا ﴿٣٣﴾ وَلَا تَقْرَبُوا مَالَ
الْيَتِيمِ إِلَّا بِالَّتِي هِيَ أَحْسَنُ حَتَّىٰ يَبْلُغَ أَشُدَّهُ وَ
أَوْفُوا بِالْعَهْدِ إِنَّ الْعَهْدَ كَانَ مَسْئُولًا ﴿٣٤﴾ وَأَوْفُوا الْكَيْلَ
إِذَا كِلْتُمْ وَزِنُوا بِالْقِسْطَاسِ الْمُسْتَقِيمِ ذَٰلِكَ خَيْرٌ
وَأَحْسَنُ تَأْوِيلًا ﴿٣٥﴾ وَلَا تَقْفُ مَا لَيْسَ لَكَ بِهِ عِلْمٌ إِنَّ
السَّمْعَ وَالْبَصَرَ وَالْفُؤَادَ كُلُّ أُولَٰئِكَ كَانَ عَنْهُ مَسْئُولًا ﴿٣٦﴾

منزل ٤

એમને આપું.

૭૨. અર્થાત તેમને રાજી રાખવા તેમને વાયદો કરો અથવા તેમના માટે દુઆ કરો.

૭૩. આ એક દ્રષ્ટાંત છે અને એનો હેતુ એ છે કે દોલત વાપરવામાં વચલો માર્ગ અપનાવવો જોઈએ અને કહેવામાં આવે છે કે એવી રીતે હાથ રોકી લો નહિ કે તદ્દન વાપરો જ નહિ અને એવું લાગે કે હાથ ગળા સાથે બાંધી દેવામાં આવ્યા છે આપવા માટે હલી શકતા જ નથી. આવું કરવાથી તો વગોવણી થાય છે કારણ કે બખીલ અને કંજૂસ ને બધાં જ વગોવે છે, અને હાથ એવો ખુલ્લો પણ મૂકી દો નહિ કે પોતાની જરૂરિયાત માટે કશું જ વધે નહિ.

**શાને નુઝૂલ** :- એક મુસલમાન બીબી સામે એક યહૂદણે હઝરત મૂસા અલયહિસ્સલામની સખાવતની વાત કરી અને એમાં એટલી બધી અતિશ્યોકતિ કરી કે તેમને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમથી વધારી આપ્યા અને કહ્યું કે; હઝરત મૂસા અલયહિસ્સલામની સખાવત એટલી હદે પહોંચી ગઈ હતી કે પોતાની જરૂરિયાત સિવાય તેમની પાસે જે કંઇ હોતું તે માંગનારને આપી દેતા હતા. આ વાત મુસલમાન બીબીને અઘરી લાગી અને કહ્યું કે; બધા જ પૈગમ્બરો શ્રેષ્ઠ અને કમાલિયતવાળા છે, હઝરત મૂસા અલયહિસ્સલામની સખાવતમાં જરા પણ શંકા નથી પણ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનો દરજ્જો બધાંથી મહાન છે. અને આટલું કહી તેણીએ ઈચ્છયું કે યહૂદણને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સખાવત નો પરચો દેખાડી દેવામાં આવે એટલે તેણીએ પોતાની નાની બાળકીને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં મોકલી કે હુઝૂર પાસેથી કુરતો માંગી લાવે, તે વખતે હુઝૂર પાસે એક જ કુરતો હતો જે

**અને ધરતીમાં ઇતરાઇને ચાલ નહિ[૮૫] બેશક ! (તુ) કદાપી જમીન ચીરી નાખવાનો નથી અને કદાપી ઊંચાઇમાં પર્વતોને લાઘવાનો નથી[૮૬] (૩૭) આ જે કંઇ થયું તેમાંથી ખરાબ વાત તારા રબને ગમતી નથી (૩૮) આ તે વહીઓમાંથી છે જે તારા રબે તમારી તરફ મોકલી, હિકમતની વાતો.[૮૭] અને અય સાંભળનાર ! અલ્લાહ સાથે બીજો ખુદા ન ઠેરવ નહિતર તું જહન્નમમાં ફેંકવામાં આવીશ મ્હેણાં સહેતો ધક્કા ખાતો (૩૯) શું તમારા રબે તમને વીણી વીણીને દીકરાઓ આપ્યા અને પોતાના માટે ફરિશ્તાઓમાંથી દીકરીઓ રાખી[૮૮] ? બેશક ! તમે મોટો બોલ બોલો છો[૮૯] (૪૦) અને બેશક ! અમે આ કુરઆનમાં જાત જાતથી બયાન ફરમાવ્યું[૯૦] કે તેઓ સમજે[૯૧] અને આનાથી તેમને કશું વધતું નથી પણ ધૃણા[૯૨] (૪૧) તમે ફરમાવો, જો તેની સાથે બીજા ખુદા હોતે જેવું કે એ લોકો બકે છે ત્યારે તો તેઓ અર્શના માલિક તરફ કોઇ રસ્તો ઢૂંઢી કાઢત[૯૩] (૪૨) તેને પવિત્રતા અને ઉચ્ચતા તેમની વાતોથી મહાન ઉચ્ચતા (૪૩) તેની પવિત્રતા બોલે છે સાતેય આકાશો અને ધરતી અને જે કોઇ એમનામાં છે તે.[૯૪] અને કોઇ**

سُبْحٰنَ الَّذِیْ ١٥ — بَنِیْ اِسْرَآءِیْل ١٧

وَلَا تَمْشِ فِي الْأَرْضِ مَرَحًا ۚ إِنَّكَ لَن تَخْرِقَ الْأَرْضَ
وَلَن تَبْلُغَ الْجِبَالَ طُولًا ﴿٣٧﴾ كُلُّ ذَٰلِكَ كَانَ سَيِّئُهُ
عِندَ رَبِّكَ مَكْرُوهًا ﴿٣٨﴾ ذَٰلِكَ مِمَّا أَوْحَىٰ إِلَيْكَ رَبُّكَ
مِنَ الْحِكْمَةِ ۗ وَلَا تَجْعَلْ مَعَ اللَّهِ إِلَٰهًا آخَرَ فَتُلْقَىٰ فِي
جَهَنَّمَ مَلُومًا مَّدْحُورًا ﴿٣٩﴾ أَفَأَصْفَاكُمْ رَبُّكُم بِالْبَنِينَ
وَاتَّخَذَ مِنَ الْمَلَائِكَةِ إِنَاثًا ۚ إِنَّكُمْ لَتَقُولُونَ قَوْلًا عَظِيمًا ﴿٤٠﴾
وَلَقَدْ صَرَّفْنَا فِي هَٰذَا الْقُرْآنِ لِيَذَّكَّرُوا وَمَا يَزِيدُهُمْ
إِلَّا نُفُورًا ﴿٤١﴾ قُل لَّوْ كَانَ مَعَهُ آلِهَةٌ كَمَا يَقُولُونَ إِذًا
لَّابْتَغَوْا إِلَىٰ ذِي الْعَرْشِ سَبِيلًا ﴿٤٢﴾ سُبْحَانَهُ وَتَعَالَىٰ
عَمَّا يَقُولُونَ عُلُوًّا كَبِيرًا ﴿٤٣﴾ تُسَبِّحُ لَهُ السَّمَاوَاتُ السَّبْعُ
وَالْأَرْضُ وَمَن فِيهِنَّ ۚ وَإِن مِّن شَيْءٍ إِلَّا يُسَبِّحُ

પહેરેલો હતો, તે કાઢીને આપી દીધો અને આપ ઘરમાં જ બેસી રહ્યા શરમના કારણે બહાર નીકળ્યા નહિ એટલે સુધી કે અઝાનનો સમય થયો, અઝાન થઈ ગઈ, સહાબીઓ રાહ જોવા માંડયા પણ હુઝૂર પધાર્યા નહિ ત્યારે બધાંને ચિંતા થઈ, ખબર કાઢવા હુઝૂરના ઘેર હાજર થયા ત્યારે જોયું કે મુબારક શરીર પર કુરતો નથી, ત્યારે આ આયત ઉતરી.

૭૪. જેના માટે ચાહે તેના માટે તંગી કરે છે અને તેને.....

૭૫. અને તેમની પરિસ્થિતિઓ તેમજ ભેદોને.

૭૬. અજ્ઞાનતાના યુગમાં લોકો પોતાની છોકરીઓને જીવતી દાટી દેતા હતા અને એનાં ઘણાં કારણો હતાં, નાદારી અને મુફલિસીનો ભય, લૂંટનો ડર. અલ્લાહે એની મનાઇ કરી.

૭૭. ખૂનનો બદલો લેવાનો.

**મસઅલો** : આયતથી સાબિત થયું કે ખૂનનો બદલો લેવાનો હક્ક વારસદારને છે.

**મસઅલો** : અને જેનો કોઇ વારસદાર ન હોય તેનો વારસદાર સુલ્તાન (બાદશાહ) છે.

૭૮. અને જહાલતના સમય જેમ એક મરાએલાને બદલે ઘણાઓને અથવા ખૂનીને બદલે તેની કોમ કે જમાતના બીજા માણસને કતલ કરો નહિ.

૭૯. અર્થાત વારસદારની અથવા મારી નાખવામાં આવેલ અત્યાચારનો ભોગ બનેલની અથવા તે માણસની જેને વારસદાર નાહક મારી નાખવા માંગતો હોય.

૮૦. અને તે એ કે તેને જાળવો અને તેમાં વધારો કરો.

بِحَمْدِهٖ وَلٰكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِيْحَهُمْ ۭ اِنَّهٗ كَانَ
حَلِيْمًا غَفُوْرًا ﴿٤٤﴾ وَاِذَا قَرَاْتَ الْقُرْاٰنَ جَعَلْنَا بَيْنَكَ وَ
بَيْنَ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ حِجَابًا مَّسْتُوْرًا ﴿٤٥﴾
وَّجَعَلْنَا عَلٰى قُلُوْبِهِمْ اَكِنَّةً اَنْ يَّفْقَهُوْهُ وَفِيْٓ اٰذَانِهِمْ
وَقْرًا ۭ وَاِذَا ذَكَرْتَ رَبَّكَ فِي الْقُرْاٰنِ وَحْدَهٗ وَلَّوْا
عَلٰٓى اَدْبَارِهِمْ نُفُوْرًا ﴿٤٦﴾ نَحْنُ اَعْلَمُ بِمَا يَسْتَمِعُوْنَ
بِهٖٓ اِذْ يَسْتَمِعُوْنَ اِلَيْكَ وَاِذْ هُمْ نَجْوٰٓى اِذْ يَقُوْلُ
الظّٰلِمُوْنَ اِنْ تَتَّبِعُوْنَ اِلَّا رَجُلًا مَّسْحُوْرًا ﴿٤٧﴾ اُنْظُرْ
كَيْفَ ضَرَبُوْا لَكَ الْاَمْثَالَ فَضَلُّوْا فَلَا يَسْتَطِيْعُوْنَ
سَبِيْلًا ﴿٤٨﴾ وَقَالُوْٓا ءَاِذَا كُنَّا عِظَامًا وَّرُفَاتًا ءَاِنَّا
لَمَبْعُوْثُوْنَ خَلْقًا جَدِيْدًا ﴿٤٩﴾ قُلْ كُوْنُوْا حِجَارَةً

**વસ્તુ એ નથી જે તેના વખાણ કરીને તેની પાકી બોલતી ન હોય.[૯૫] હા! તમે તેમની તસ્બીહ સમજતા નથી.[૯૬] બેશક! તે ધીરજવાન માફ કરનાર[૯૭] (૪૪) અને અય મહબૂબ! તમે કુરઆન પઢયું, અમે તારા પર અને તેમના માં જેઓ આખેરત પર ઇમાન લાવતા નથી એક છુપાએલો પરદો કરી દીધો[૯૮] (૪૫) અને અમે કરી આપ્યા તેમના હૃદયો પર ગિલાફ કે તેને સમજે નહિ અને તેમનાં કાનોમાં પુમડાં[૯૯] અને જ્યારે તમે કુરઆનમાં તમારા એકલા રબની યાદ કરો છો (ત્યારે) તેઓ ધૃણા કરીને પીઠ ફેરવતા ભાગે છે (૪૬) અમે ખૂબ જાણીએ છીએ કે તેઓ શા માટે સાંભળે છે[૧૦૦] જ્યારે તમારી તરફ કાન લગાડે છે. અને જ્યારે અંદર અંદર સલાહ મશવરો કરે છે અને જાલિમો કહે છે કે તમે અનુસરતા નથી પણ એક એવા પુરૂષને જેના પર જાદુ થયું છે[૧૦૧] (૪૭) જુઓ તેમણે તમારી કેવી સરખામણીઓ કરી? તો ભટકી ગયા કે માર્ગ પામી શકતા નથી (૪૮) અને બોલ્યા, શું જ્યારે અમે હાડકાંઓ અને વેરવિખેર થઇ જઇશું (ત્યારે) ખરેખર નવા બનીને ઉઠીશું?[૧૦૨] (૪૯) તમે ફરમાવો કે,**

૮૧. અને તે અઢાર વર્ષની વય છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમા પાસે એ જ અખત્યાર કરાએલું છે અને ઇમામે આઝમ અબૂ હનીફા રદીયલ્લાહુ અન્હૂએ નિશાનીઓ ન દેખાય ત્યારે બાલિગ થવાની હદ એના આધારે જ અઢાર વર્ષ નક્કી કરી છે. (અહમદી)

૮૨. અલ્લાહનો પણ અને બન્દાઓનો પણ.

૮૩. અર્થાત જે વસ્તુને જોઇ હોય નહિ તેના માટે એવું ન કહો કે મેં જોઇ છે, જે સાંભળ્યું હોય નહીં તેને સાંભળ્યુ છે એવુ કહો નહિ. ઇબ્ને હન્ફીય્યહનું કહેવું છે કે, જૂઠી ગવાહી ન આપો. ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું કે, તમે જાણતા ન હોય તે બાબતનો આક્ષેપ કોઇના પર મૂકો નહિ.

૮૪. કે તમે એમની પાસેથી શું કામ લીધું.

૮૫. ઘમંડ અને આત્મપ્રદર્શન માટે.

૮૬. મતલબ એ છે કે ઘમંડ અને બઢાઇનો કશો ફાયદો નથી.

૮૭. જેના સારા હોવા બાબત બુદ્ધિ સાક્ષી પુરે અને જેનાથી આત્મ સુધારણા થાય તેવી બાબતો ધારણ કરવી જરૂરી છે. અમુક તફસીરકારોએ ફરમાવ્યું છે કે આ આયતનો સાર તવહીદ અને નેકીઓનો હુકમ આપવો અને દુનિયાનો શોખ ઓછો કરી આખેરતનો શોખ અપાવવો છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું કે અઢાર આયતો ''લા તજઅલ મઅલ્લાહે ઇલાહન આખર થી મદહુરા'' સુધી હઝરત મૂસા અલયહિસ્સલામની તખ્તીઓમાં હતી. એની શરૂઆત અલ્લાહના એક હોવાથી થઇ અને એનો અંત શિર્કની મનાઇ પર આવ્યો એનાથી જણાયું કે પ્રત્યેક હિકમત (સારી વાત)નું મૂળ તવહીદ અને ઇમાન છે

અને કોઇ વાત કે આચરણ એના વગર સ્વીકારને પાત્ર નથી.

૮૮. આ બુદ્ધિ વિરૂદ્ધની વાત કેમ કરી કહો છો.

૮૯. કે અલ્લાહ તઆલા માટે ઔલાદ ઠેરવો છો જે શરીરની અનિવાર્યતાઓમાંથી છે અને અલ્લાહ તો શરીરથી પર છે. અને પાછી એમાં પણ પોતાની મોટાઇ જાળવી રાખો છો કે પોતાના માટે તો દીકરાઓ પસંદ કરો છો અને તેના માટે દીકરીઓ ઠેરવો છો. આ કેટલી મહાન બેઅદબી અને ગુસ્તાખી છે.

૯૦. દલીલોથી દ્રષ્ટાંતોથી હિકમતોથી બોધપાઠોથી અને દરેક જગ્યાએ આ પ્રકારના મઝમૂનોને તરેહવાર રીતે બયાન કર્યા.

૯૧. અને શિખામણ ગ્રહણ કરનાર બને.

૯૨. અને સત્યતાથી દૂરી.

૯૩. અને તેનો સામનો કરત જેવી કે બાદશાહોની રીત હોય છે.

૯૪. પોતાને લાયક જીભ વડે. એવી રીતે કે તેમનું અસ્તિત્વ સર્જનહારની કુદરત અને હિકમત પ્રતિ નિર્દેશ કરે છે. અથવા બોલીમાં, અને એ જ ખરૂં છે. ઘણી હદીષો એનો નિર્દેશ કરે છે અને આગલા બુઝુર્ગોએ પણ એવું જ કહ્યું છે.

૯૫. નિર્જીવ વસ્તુઓ વનસ્પતિઓ અને જીવતાં પ્રાણીઓમાં.

૯૬. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું, પ્રત્યેક જીવીત વસ્તુ અલ્લાહ તઆલાની તસ્બીહ પઢે છે અને પ્રત્યેક વસ્તુનું જીવન તેને છાજતી રીતે હોય છે. તફસીરકારોએ ફરમાવ્યું છે કે, બારણાં ઉઘડતી વખતે થતો અવાજ અને છાપરાનું ખખડવું એ પણ તેમની તસ્બીહ છે. અને એ બધાની તસ્બીહ સુબ્હાનલ્લાહે વબિહમ્દેહી હોય છે. હઝરત ઇબ્ને મસઊદ રદીયલ્લાહુ અન્હૂના હવાલાથી કહેવામાં આવ્યુ છે કે, રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની મુબારક આંગળીઓમાંથી પાણીનાં ઝરણાં ફૂટતાં અમે જોયાં અને એ પણ અમે જોયું કે ખાતી વખતે જમણ તસ્બીહ પઢતું હતું. (બુખારી શરીફ)

હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે ફરમાવ્યું, હું તે પથ્થરને ઓળખું છું જે મારી પૈગમ્બરી જાહેર થવાના સમયમાં મને સલામ કર્યા કરતો હતો. (મુસ્લિમ શરીફ) ઇબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હુમાએ બયાન કર્યું છે કે, રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ લાકડાના એક થાંભલાને ટેકો લગાડી ખુત્બો ફરમાવ્યા કરતા હતા. જ્યારે મિમ્બર બનાવવામાં આવ્યુ અને હુઝૂર મિમ્બર પર બિરાજ્યા ત્યારે પેલો થાંભલો રડ્યો. હુઝૂરે તેના પર મહેરબાનીનો હાથ ફેરવ્યો અને તેના પર હેત દાખવ્યું અને તેને આશ્વાસન આપ્યું. (બુખારી શરીફ)

આ બધી જ હદીષોથી નિર્જીવ વસ્તુઓનું બોલવું અને તસ્બીહ પઢવું સાબિત થાય છે, પણ બોલી ફેર અથવા સમજવાનું અઘરૂં હોવાથી આપણે તેને સમજી શકતા નથી.

૯૭. કે બન્દાઓની ગફલત બદલ અઝાબ આપવામાં ઉતાવળ કરતો નથી.

૯૮. કે તેઓ આપને જોઇ શકે નહિ.

**શાને નુઝૂલ** : જ્યારે તબ્બત યદાની આયત ઉતરી ત્યારે અબૂ લહબની પત્ની પથ્થર લઇને આવી, હુઝૂર અને હઝરત અબૂ બક્ર વિગેરે બેઠેલા હતા. તેણીએ હુઝૂરને જોયા નહીં અને હઝરત સિદ્દીકે અકબરને પૂછવા માંડી કે તમારા આકા ક્યાં છે ? મને ખબર પડી છે કે તેમણે મારી 'હિજો' (કાવ્યમાં કોઇની બુરાઇ બયાન કરવી) કરી છે. હઝરત સિદ્દીકે અકબર રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું કે, તેઓ શાયરી કરતા નથી. ત્યારે તે

اَوْ حَدِيْدًا ﴿٥٠﴾ اَوْ خَلْقًا مِّمَّا يَكْبُرُ فِيْ صُدُوْرِكُمْ
فَسَيَقُوْلُوْنَ مَنْ يُّعِيْدُنَا قُلِ الَّذِيْ فَطَرَكُمْ اَوَّلَ
مَرَّةٍ فَسَيُنْغِضُوْنَ اِلَيْكَ رُءُوْسَهُمْ وَيَقُوْلُوْنَ مَتٰى
هُوَ قُلْ عَسٰٓى اَنْ يَّكُوْنَ قَرِيْبًا ﴿٥١﴾ يَوْمَ يَدْعُوْكُمْ
فَتَسْتَجِيْبُوْنَ بِحَمْدِهٖ وَتَظُنُّوْنَ اِنْ لَّبِثْتُمْ اِلَّا
قَلِيْلًا ﴿٥٢﴾ وَقُلْ لِّعِبَادِيْ يَقُوْلُوا الَّتِيْ هِيَ اَحْسَنُ
اِنَّ الشَّيْطٰنَ يَنْزَغُ بَيْنَهُمْ اِنَّ الشَّيْطٰنَ كَانَ
لِلْاِنْسَانِ عَدُوًّا مُّبِيْنًا ﴿٥٣﴾ رَبُّكُمْ اَعْلَمُ بِكُمْ اِنْ يَّشَاْ
يَرْحَمْكُمْ اَوْ اِنْ يَّشَاْ يُعَذِّبْكُمْ وَمَآ اَرْسَلْنٰكَ عَلَيْهِمْ
وَكِيْلًا ﴿٥٤﴾ وَرَبُّكَ اَعْلَمُ بِمَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ
وَلَقَدْ فَضَّلْنَا بَعْضَ النَّبِيّٖنَ عَلٰى بَعْضٍ وَّاٰتَيْنَا دَاوٗدَ

منزل ۴ ع ۵

**પથ્થર અથવા લોખંડ બની જાઓ (૫૦) અથવા બીજી કોઇ મખ્લૂક, જે તમારા ખ્યાલમાં મહાન હોય[૧૦૩]. તો હવે કહેશે અમને કોણ પુન:સર્જીત કરશે ? તમે ફરમાવો, તે જ જેણે તમને પ્રથમ વાર બનાવ્યા. તો હવે તમારી તરફ મશ્કરી રૂપે સંમતિપૂર્વક માથું હલાવીને કહેશે કે, એ ક્યારે છે ?[૧૦૪] તમે ફરમાવો : કદાચ નજીક જ હોય (૫૧) જે દિવસે તે તમને બોલાવશે[૧૦૫] તો તમે તેની તારીફ કરતા ચાલ્યા આવશો[૧૦૬] અને સમજશો કે ન રહ્યા હતા[૧૦૭] પણ થોડું. (૫૨) અને મારા[૧૦૮] બન્દાઓને કહો,[૧૦૯] એવી વાત બોલો જે સર્વોત્તમ હોય.[૧૧૦] બેશક ! શયતાન તેમનામાં અંદર અંદર વિખવાદ નાખી દે છે, બેશક ! શયતાન માનવીનો ખુલ્લો દુશ્મન છે (૫૩) તમારો રબ તમને ખૂબ જાણે છે તે ઇચ્છે તો તમારા પર રહેમ કરે[૧૧૧] ઇચ્છે તો તમને અઝાબ કરે, અને અમે તમને તેમના માથે જવાબદાર બનાવીને નથી મોકલ્યા[૧૧૨] (૫૪) અને તમારો રબ ખૂબ જાણે છે જે કોઇ આકાશો અને ધરતીમાં છે અને બેશક ! અમે નબીઓને એકને એક પર બઢતી આપી[૧૧૩] અને**

એવું બોલતી બોલતી પરત થઇ કે, હું આ પથ્થર તેમનું માથુ ફોડી નાખવા લાવી હતી. હઝરત સિદ્દીકે અકબરે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને પૂછયું કે, તેણીએ હુઝૂરને જોયા નથી? ફરમાવ્યું, મારી અને તેણીની વચ્ચે એક ફરિશ્તો આડો રહ્યો હતો. તે બનાવ બાબત આ આયત ઉતરી.

૯૯. ભાર, જેના કારણે તેઓ કુરઆન શરીફ સાંભળતા નથી.

૧૦૦. અર્થાત જો કદી સાંભળે પણ છે તો હાંસી ઉડાડવા ખાતર.

૧૦૧. તો તેમાંના અમુક તો તમને ગાંડા કહે છે અમુક જાદુગર અમુક જ્યોતિષી અને અમુક કવી.

૧૦૨. આ વાત તેમણે ખૂબ જ આશ્ચર્યચકિત બનીને કહી અને મૃત્યુ તેમજ માટીમાં ભળી ગયા પછી જીવતા થવાને તેમણે ખૂબ જ અશક્ય ગણ્યું. અલ્લાહ તઆલાએ તેમને રદિયો આપ્યો અને પોતાના હબીબ અલયહિસ્સલાતો વસ્સલામને ફરમાવ્યું...

૧૦૩. અને જીવનથી ખૂબ વેગળી હોય જીવન તેને કદી લાગ્યું જ ન હોય તો પણ અલ્લાહ તઆલા તમને જીવતા કરશે અને પ્રથમની પરિસ્થિતિ તરફ પલ્ટાવશે હાડકાં અને વેરવિખેરનો તો હિસાબ જ શું છે, એને જીવતું કરવું તેની કુદરત પાસે શું વિસાતમાં છે, એમાં તો પહેલાં જીવ રહી ચૂક્યો છે.

૧૦૪. અર્થાત કયામત ક્યારે આવશે અને મડદાંઓ ક્યારે જીવતાં થશે ?

૧૦૫. કબરોમાંથી કયામતના સ્થાન તરફ.

૧૦૬. પોતાના માથાઓ પરથી ધુળ ખંખેરતા અને સુબ્હાનકલ્લાહ વબિહમ્દેક કહેતા અને એ વાતને સ્વીકારતા કે અલ્લાહ જ સર્જનહાર અને મૃત્યુ પછી જીવાડનાર છે.

زَبُوْرًا ﴿٥٥﴾ قُلِ ادْعُوا الَّذِيْنَ زَعَمْتُمْ مِّنْ دُوْنِهٖ فَلَا
يَمْلِكُوْنَ كَشْفَ الضُّرِّ عَنْكُمْ وَلَا تَحْوِيْلًا ﴿٥٦﴾ اُولٰٓئِكَ
الَّذِيْنَ يَدْعُوْنَ يَبْتَغُوْنَ اِلٰى رَبِّهِمُ الْوَسِيْلَةَ
اَيُّهُمْ اَقْرَبُ وَيَرْجُوْنَ رَحْمَتَهٗ وَيَخَافُوْنَ عَذَابَهٗ
اِنَّ عَذَابَ رَبِّكَ كَانَ مَحْذُوْرًا ﴿٥٧﴾ وَاِنْ مِّنْ قَرْيَةٍ
اِلَّا نَحْنُ مُهْلِكُوْهَا قَبْلَ يَوْمِ الْقِيٰمَةِ اَوْ مُعَذِّبُوْهَا
عَذَابًا شَدِيْدًا كَانَ ذٰلِكَ فِى الْكِتٰبِ مَسْطُوْرًا ﴿٥٨﴾
وَمَا مَنَعَنَآ اَنْ نُّرْسِلَ بِالْاٰيٰتِ اِلَّآ اَنْ كَذَّبَ بِهَا
الْاَوَّلُوْنَ وَاٰتَيْنَا ثَمُوْدَ النَّاقَةَ مُبْصِرَةً فَظَلَمُوْا
بِهَا وَمَا نُرْسِلُ بِالْاٰيٰتِ اِلَّا تَخْوِيْفًا ﴿٥٩﴾ وَاِذْ قُلْنَا
لَكَ اِنَّ رَبَّكَ اَحَاطَ بِالنَّاسِ وَمَا جَعَلْنَا الرُّءْيَا الَّتِىْٓ

**દાઊદને ઝબૂર આપી[૧૧૪] (૫૫) તમે ફરમાવો, પોકારો તેમને જેમને અલ્લાહ સિવાય ગુમાન કરો છો, તો તેઓ અધિકાર ધરાવતા નથી તમારી તકલીફ હટાવવાનો અને ન પલ્ટાવી દેવાનો[૧૧૫] (૫૬) તે મકબૂલ બન્દાઓ જેમને આ કાફિરો પૂજે છે.[૧૧૬] તેઓ પોતે જ પોતાના રબ પ્રતિ વસીલો ઢૂંઢે છે કે તેમનામાં કોણ વધુ નિકટ છે.[૧૧૭] તેની રહેમતની આશા રાખે છે અને તેના અઝાબથી ડરે છે.[૧૧૮] બેશક ! તમારા રબનો અઝાબ ડરવાની વસ્તુ છે (૫૭) અને કોઇ વસ્તી નથી (રહેવાની) પણ એ કે અમે તેને કયામતના દિવસ પહેલાં નાબૂદ કરી દઇશું અથવા તેને સખ્ત અઝાબ આપીશું.[૧૧૯] આ કિતાબમાં[૧૨૦] લખેલું છે (૫૮) અને અમે એટલા ખાતર જ મોકલી નહિ નિશાનીઓ કે તે આગલાઓએ જૂઠાડી[૧૨૧] અને અમે ષમૂદને[૧૨૨] ઊંટણી આપી આંખો ખોલવા[૧૨૩] તો તેમણે એના પર અત્યાચાર ગુજાર્યો[૧૨૪] અને અમે એવી નિશાનીઓ મોકલતા નથી પણ ડરાવવા માટે[૧૨૫] (૫૯) અને જ્યારે અમે તમને કહ્યું કે, બધા જ લોકો તમારા રબના કાબૂમાં**

૧૦૭. દુનિયામાં અથવા કબરોમાં.

૧૦૮. ઇમાનદાર...

૧૦૯. કે તેઓ કાફિરોને...

૧૧૦. નરમ હોય અથવા ચોખ્ખી હોય, અદબ અને સભ્યતાવાળી હોય, નસીહત અને હિદાયતની હોય. જો કાફિરો નાલાયકપણુ કરે તો તેમને તેમના જેવો જ જવાબ આપવામાં આવે નહિ.

**શાને નુઝૂલ** : મુશ્રિકો મુસલમાનો સાથે ગાળગલુચ કરતા હતા અને તેમને કષ્ટ આપતા હતા, તેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને આ બાબત ફરિયાદ કરી ત્યારે આ આયત ઉતરી અને મુસલમાનોને કહેવામાં આવ્યુ કે, તેઓ મુશ્રિકોની ઉજ્જડપણાની વાતોનો જવાબ તેવો જ આપે નહિ, સબર કરે અને 'યહદીકુમુલ્લાહ' (અલ્લાહ તમને હિદાયત આપે) કહી દે. આ હુકમ જંગ અને જેહાદના હુકમથી પહેલાં હતો પાછળથી મન્સૂખ થઇ ગયો અને હુકમ કરવામાં આવ્યો 'યા અય્યુહન્નબીય્ય જાહિદિલ કુફ્ફાર વલ મુનાફિકીન વગલુઝ અલયહિમ' (અય નબી! કાફિરો અને મુનાફિકો સાથે જિહાદ કરો અને તેમની સાથે સખત રીતે વર્તો) એક કથન એવું છે કે, આ આયત હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂ વિષે ઉતરી, એક કાફિરે તેમના વિષે બેહૂદો શબ્દ ઉચ્ચાર્યો હતો ત્યારે અલ્લાહે તેમને સબર કરવાનો અને માફ કરવાનો હુકમ આપ્યો હતો.

૧૧૧. અને તમને તવબહ તેમજ ઇમાનની તવફીક આપે.

૧૧૨. કે તેમના કામોની જવાબદારી તમારા શિરે હોય.

૧૧૩. વિશેષ શ્રેષ્ઠતાઓ સાથે, જેમકે હઝરત ઈબ્રાહીમને 'ખલીલ' બનાવ્યા અને હઝરત મૂસાને 'કલીમ' ને સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને હબીબ.

૧૧૪. 'ઝબૂર' અલ્લાહની કિતાબ છે જે હઝરત દાઊદ પર ઉતરી હતી તેમાં ૧૫૦ સૂરતો છે, બધીમાં જ દુઆ અલ્લાહના વખાણ અને તેની પવિત્રતા અને બુઝુર્ગીનું વર્ણન છે. તેમાં હલાલ, હરામ, ગુનાહોની સજા, ફર્ઝો વિગેરેનું બયાન નથી. આ આયતમાં હઝરત દાઊદ અલયહિસ્સલામનું નામ લઈને જે વિશેષતાથી એનું બયાન થયું છે તફસીરકારોએ એના અમુક કારણો ગણાવ્યાં છે. પ્રથમ એ કે આ આયતમાં અલ્લાહે ફરમાવ્યું કે; નબીઓમાં એક ને એક પર ચઢતી આપવામાં આવી છે. પછી ફરમાવ્યું કે હઝરત દાઊદને ઝબૂર આપી જો કે હઝરત દાઊદને નબુવ્વતની સાથે સાથે મુલ્ક (સમ્રાજ્ય) પણ આપ્યું હતું પણ તેનું નામ લીધું નહિ એમાં નિર્દેશ છે કે આયતમાં જે બઢતીનું બયાન છે તે ઈલ્મની બઢતી છે રાજ્ય અને દોલતની બઢતી નહિ. બીજુ એ કે અલ્લાહ તઆલાએ ઝબૂરમાં ફરમાવ્યું છે કે; મોહમ્મદ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ 'ખાતિમુલ અમ્બિયા' છે અને આપની ઉમ્મત 'ખયરૂલ ઉમમ' (સર્વોત્તમ ઉમ્મત) છે, એટલા માટે આયતમાં હઝરત દાઊદ અને ઝબૂરનું બયાન ખાસ રીતે કરવામાં આવ્યું. ત્રીજુ કારણ એ છે કે યહૂદીઓનો ખ્યાલ હતો કે હઝરત મૂસા અલયહિસ્સલામ પછી કોઈ નબી નથી અને તવરાત પછી કોઈ કિતાબ નથી, આ આયતમાં હઝરત દાવુદને ઝબૂર આપવાનું કહીને યહૂદીઓની વાત જૂઠી છે એમ જાહેર કરવામાં આવ્યુ. મતલબ એ કે આ આયત હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની મહાન શ્રેષ્ઠતા પ્રતિ નિર્દેશ કરે છે.

૧૧૫. **શાને નુઝૂલ** :- કાફિરો જ્યારે સખત દુકાળમાં સપડાયા અને મામલો એટલી હદે પહોંચ્યો કે કુતરાઓ અને મરેલા જાનવરોને પણ ખાઈ ગયા, અને સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના દરબારમાં ફરિયાદ લાવ્યા અને આપને દુઆ કરવા આજેજી કરી ત્યારે આ આયત ઉતરી અને ફરમાવવામાં આવ્યું કે; જ્યારે મૂર્તિઓને ખુદા માનો છો તો આવા સમયે તેમને પોકારો અને તેઓ તમારી મદદ કરે અને જ્યારે તમે જાણો છો કે તેઓ તમારી મદદ કરી શકે એમ નથી તો પછી તેમને શા માટે માઅબૂદ બનાવો છો?

૧૧૬. જેવા કે હઝરત ઈસા ઉઝેર અને ફરિશ્તાઓ.

**શાને નુઝૂલ** :- ઈબ્ને મસ‌ઊદ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું કે; આ આયત અરબના એક જુથ બાબત ઉતરી જેઓ અમુક જિન્નાતોને પૂજતા હતા તે જિન્નાત ઈસ્લામમાં દાખલ થઈ ગયા અને તેમના પૂજનારાઓને ખબર થઈ નહિ. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને તેમને શરમ અપાવી.

૧૧૭. કે જેથી જે વધારે નિકટ હોય તેને વસીલો બનાવે.

**મસઅલો** :- આનાથી સાબિત થયું કે અલ્લાહની નિકટતા ધરાવતા બન્દાઓને તેની બારગાહમાં વસીલો બનાવવો જાઈઝ છે અને અલ્લાહના મકબૂલ બન્દાઓનો તરીકો છે.

૧૧૮. તો પછી કાફિરો કેવી રીતે તેમને મઅ્બૂદ સમજે છે?

૧૧૯. કતલ વિગેરેથી કે જ્યારે તેઓ કુફ્ર કરે અને ગુનાહોમાં સંડોવાઈ જાય. હઝરત ઈબ્ને મસ‌ઊદ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું; જ્યારે કોઈ વસ્તીમાં ઝિના અને વ્યાજ વધી જાય છે ત્યારે અલ્લાહ તઆલા તેમના વિનાશનો હુકમ આપે છે.

૧૨૦. લવહે મહફૂઝમાં.

૧૨૧. ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું છે કે; મક્કાવાસીઓએ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહ્યું હતું કે; સફા પર્વતને સોનું બનાવી આપો અને બીજા પર્વતોને મક્કાની ધરતી પરથી હટાવી

**છે,[૧૨૬] અને અમે ન કર્યું તે દ્રશ્ય[૧૨૭] જે તમને દેખાડયું હતું[૧૨૮] પણ લોકોને અજમાવવા,[૧૨૯] અને તે ઝાડ જેના પર કુરઆનમાં લઅનત છે[૧૩૦] અને અમે તેમને ડરાવીએ છીએ[૧૩૧] પણ તેમનામાં મહાન બંડખોરી સિવાય કશું વધતું નથી (૬૦) અને યાદ કરો જ્યારે અમે ફરિશ્તાઓને હુકમ આપ્યો કે, આદમને સિજદો કરો[૧૩૨] તો તે બધાંએ સિજદો કર્યો સિવાય કે ઇબ્લીસે, બોલ્યો, શું હું તેને સિજદો કરૂં જેને તેં માટીથી બનાવ્યો ? (૬૧) બોલ્યો,[૧૩૩] જો તો ખરો જે તેં આને મારા કરતાં વધારે શ્રેષ્ઠ ગણ્યો.[૧૩૪] જો તેં મને કયામત સુધીની મહેતલ આપી તો અવશ્ય હું એની ઔલાદને ભીંસી નાખીશ[૧૩૫] પણ થોડાક[૧૩૬] (૬૨) ફરમાવ્યું, દૂર થા.[૧૩૭] તો એમનામાં જે તારૂં કહ્યું કરશે તો બેશક ! બધાંનો બદલો જહન્નમ છે ભરપૂર સજા (૬૩) અને ડગમગાવી દે તેમનામાંથી જેના પર તારી શક્તિ ચાલે (તેને) પોતાના અવાજ વડે[૧૩૮] અને તેમના પર પોતાના અસ્વારો અને પોતાના પાયદળ[૧૩૯] નું પુર ચઢાવી લાવ અને તેમનો ભાગીદાર બની જા માલ દોલતમાં અને બાળકોમાં[૧૪૦] અને તેમને વચન આપ[૧૪૧] અને શયતાન તેમને વચન આપતો નથી પણ દગાખોરીથી (૬૪) બેશક ! જેઓ મારા બન્દા છે[૧૪૨]**

سبحن الذی ۱۵ — بنی اسرآءیل ۱۷

اَرَيْنٰكَ اِلَّا فِتْنَةً لِّلنَّاسِ وَالشَّجَرَةَ الْمَلْعُوْنَةَ فِی
الْقُرْاٰنِ ۭ وَنُخَوِّفُهُمْ ۙ فَمَا يَزِيْدُهُمْ اِلَّا طُغْيَانًا كَبِيْرًا ﴿۶۰﴾
وَاِذْ قُلْنَا لِلْمَلٰۗىِٕكَةِ اسْجُدُوْا لِاٰدَمَ فَسَجَدُوْٓا اِلَّآ
اِبْلِيْسَ ۭ قَالَ ءَاَسْجُدُ لِمَنْ خَلَقْتَ طِيْنًا ﴿۶۱﴾ قَالَ
اَرَءَيْتَكَ هٰذَا الَّذِيْ كَرَّمْتَ عَلَيَّ ۡ لَىِٕنْ اَخَّرْتَنِ
اِلٰى يَوْمِ الْقِيٰمَةِ لَاَحْتَنِكَنَّ ذُرِّيَّتَهٗٓ اِلَّا قَلِيْلًا ﴿۶۲﴾ قَالَ
اذْهَبْ فَمَنْ تَبِعَكَ مِنْهُمْ فَاِنَّ جَهَنَّمَ جَزَاۗؤُكُمْ
جَزَاۗءً مَّوْفُوْرًا ﴿۶۳﴾ وَاسْتَفْزِزْ مَنِ اسْتَطَعْتَ مِنْهُمْ
بِصَوْتِكَ وَاَجْلِبْ عَلَيْهِمْ بِخَيْلِكَ وَرَجِلِكَ وَشَارِكْهُمْ
فِي الْاَمْوَالِ وَالْاَوْلَادِ وَعِدْهُمْ ۭ وَمَا يَعِدُهُمُ الشَّيْطٰنُ
اِلَّا غُرُوْرًا ﴿۶۴﴾ اِنَّ عِبَادِيْ لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطٰنٌ ۭ

દો, ત્યારે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલને વહી મોકલી કે; જો તમે કહેતા હોઉ તો તમારી ઉમ્મતને મહેતલ આપવામાં આવે અને જો તમે કહો તો તેમની માંગણી સંતોષવામાં આવે પણ જો તેઓ એમ છતાં ઈમાન નહિ લાવે તો તેમનો નાશ કરી નેસ્તાનોબુદ કરી દેવામાં આવશે. એટલા માટે કે અમારી રીત એવી જ રહી છે કે જ્યારે કોઈ કોમ નિશાની માંગીને ઈમાન લાવતી નથી ત્યારે અમે તેનો વિનાશ કરીએ છીએ અને મહેતલ આપતા નથી, આવું જ અમે આગલા લોકો સાથે કર્યું છે. તે સંબંધમાં આ આયત ઉતરી છે.

૧૨૨. તેમની માંગણી મુજબ......

૧૨૩. અર્થાત ચોખ્ખી દલીલ.

૧૨૪. અને કુફ્ર કર્યું કે તે અલ્લાહ તરફથી છે તેનો ઈન્કાર કર્યો.

૧૨૫. જલ્દી આવનાર અઝાબથી.

૧૨૬. તેની કુદરતના કબ્જામાં, માટે આપ તબલીગ કરો અને કોઈનો ભય ન રાખો અલ્લાહ આપને જાળવનાર છે.

૧૨૭. અર્થાત અલ્લાહની અજબ નિશાનીઓ નિહાળવી.

૧૨૮. મેઅરાજની રાત્રે જાગૃત અવસ્થામાં,

૧૨૯. અર્થાત મક્કા વાસીઓને. જેમકે જ્યારે સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેમને મેઅરાજના બનાવની ખબર આપી ત્યારે તેમણે એને જૂઠ કહ્યું અને અમુક લોકો મુર્તદ બની ગયા અને ઠઠ્ઠા

**તેમના પર તારો કશો કાબૂ નથી. અને તમારો રબ કામ બનાવવા પૂરતો છે[૧૪૩] (૬૫) તમારો રબ તે છે કે જે તમારા માટે દરિયામાં વહાણ ચાલુ કરે છે કે[૧૪૪] તમે તેની કૃપા ઢુંઢો, બેશક! તે તમારા પર મહેરબાન છે (૬૬) અને જ્યારે તમને દરિયામાં આફત નડે છે[૧૪૫] તો તેના સિવાય જેમને તમે પૂજો છો તે બધા ગુમ થઇ જાય છે[૧૪૬] પછી જ્યારે તે તમને જમીન તરફ છુટકારો આપે છે ત્યારે મોઢું ફેરવી લો છો.[૧૪૭] અને માનવી મોટો નગુણો છે (૬૭) શું તમે[૧૪૮] એનાથી નિડર બની ગયા કે તે ધરતીનો જ કોઇ છેડો તમારા સહીત ધરસાવી દે[૧૪૯] અથવા તમારા પર પત્થર મારો મોકલે[૧૫૦] પછી પોતાનું સાટું લેનાર કોઇ પામો નહિ[૧૫૧] (૬૮) અથવા એનાથી નિડર થઇ ગયા કે તમને પુન: દરિયામાં લઇ જાય પછી તમારા પર વહાણ તોડી નાખનાર તોફાન મોકલે તો તમને તમારા કુફ્રના કારણે ડૂબાડી દે પછી પોતાના માટે કોઇ એવો પામો નહિ કે એ બાબત અમારો પીછો કરે[૧૫૨] (૬૯) અને બેશક! અમે આદમના વંશને આબરૂ આપી[૧૫૩] અને તેમને જમીન તેમજ દરિયામાં[૧૫૪] સવાર કર્યા અને તેમને સ્વચ્છ વસ્તુઓની રોજી આપી[૧૫૫] અને તેમને પોતાની ઘણી મખ્લૂકથી શ્રેષ્ઠ બનાવ્યા[૧૫૬] (૭૦)**

سُبْحٰنَ الَّذِيْٓ ١٥ بني اسرآءيل ١٧

وَكَفٰى بِرَبِّكَ وَكِيْلًا ﴿٦٥﴾ رَبُّكُمُ الَّذِيْ يُزْجِيْ لَكُمُ الْفُلْكَ
فِي الْبَحْرِ لِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ ۚ اِنَّهٗ كَانَ بِكُمْ رَحِيْمًا ﴿٦٦﴾
وَاِذَا مَسَّكُمُ الضُّرُّ فِي الْبَحْرِ ضَلَّ مَنْ تَدْعُوْنَ اِلَّآ
اِيَّاهُ ۚ فَلَمَّا نَجّٰىكُمْ اِلَى الْبَرِّ اَعْرَضْتُمْ ۚ وَكَانَ الْاِنْسَانُ
كَفُوْرًا ﴿٦٧﴾ اَفَاَمِنْتُمْ اَنْ يَّخْسِفَ بِكُمْ جَانِبَ الْبَرِّ اَوْ
يُرْسِلَ عَلَيْكُمْ حَاصِبًا ثُمَّ لَا تَجِدُوْا لَكُمْ وَكِيْلًا ﴿٦٨﴾
اَمْ اَمِنْتُمْ اَنْ يُّعِيْدَكُمْ فِيْهِ تَارَةً اُخْرٰى فَيُرْسِلَ
عَلَيْكُمْ قَاصِفًا مِّنَ الرِّيْحِ فَيُغْرِقَكُمْ بِمَا كَفَرْتُمْ ۙ ثُمَّ
لَا تَجِدُوْا لَكُمْ عَلَيْنَا بِهٖ تَبِيْعًا ﴿٦٩﴾ وَلَقَدْ كَرَّمْنَا بَنِيْٓ اٰدَمَ
وَحَمَلْنٰهُمْ فِي الْبَرِّ وَالْبَحْرِ وَرَزَقْنٰهُمْ مِّنَ الطَّيِّبٰتِ
وَفَضَّلْنٰهُمْ عَلٰى كَثِيْرٍ مِّمَّنْ خَلَقْنَا تَفْضِيْلًا ﴿٧٠﴾

મશ્કરી રૂપે બયતુલ મૂકદ્દસની ઈમારતનો નકશો પૂછવા માંડયા, હુઝૂરે બધો નક્શો બતાવી દીધો ત્યારે કાફિરો આપને જાદુગર કહેવા માંડયા.

૧૩૦. અર્થાત 'ઝક્કુમ' નામનું ઝાડ જે દોઝખમાં થાય છે તેને આજમાઈશનું કારણ બનાવ્યું એટલા સુધી કે અબૂ જહલે કહ્યું; મોહમ્મદ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ તમને દોઝખની આગનો ભય દેખાડે છે કે તે પથ્થરોને પણ સળગાવી દેશે અને પછી એવું પણ કહે છે કે તેમાં ઝાડો ઉગશે. આગમાં ઝાડ કેવી રીતે રહી શકે છે? આ વાંધો તેમણે ઉઠાવ્યો અને અલ્લાહની કુદરતથી ગાફિલ રહ્યા, સમજ્યા નહિ કે તે સર્વશક્તિમાન પાસે આગમાં ઝાડ ઉગાડવું કશું મુશ્કિલ નથી. સમંદલ નામની એક જીવાત હોય છે જે આગમાં જન્મે છે આગમાં જ રહે છે. તુર્કસ્તાનમાં તેના ઉનના રૂમાલો બનાવવામાં આવતા હતા જે મેલા થાય ત્યારે આગમાં નાખીને સાફ કરી લેવામાં આવતા હતા અને સળગી જતા ન હતા. શાહમૃગ અંગારા ખાઈ જાય છે. અલ્લાહની કુદરત પાસે આગમાં ઝાડ બનાવવાં શું મુશ્કેલ છે?

૧૩૧. દીન અને દુનિયાની ખોફનાક બાબતોથી.

૧૩૨. તહિય્યત (તઅઝીમ)નો.

૧૩૩. શયતાન.

૧૩૪. અને એને મારા પર શ્રેષ્ઠતા આપી અને સિજદો કરાવ્યો તો હું સોગંદ ઉપાડું છું કે......

૧૩૫. ભટકાવીને.

૧૩૬. જેમને અલ્લાહ બનાવે અને જાળવે તેઓ તેના ખાલીસ બન્દા છે. શયતાનની આ વાતના

જવાબમાં અલ્લાહ તઆલાએ તેને.....

૧૩૭. તેને પ્રથમ સૂર ફૂંકાય ત્યાં સુધીની મહેતલ આપી.

૧૩૮. વસવસા દાખલ કરીને અને ગુનાહો પ્રતિ નોંતરીને. અમુક આલિમોએ ફરમાવ્યું કે; એનો મતલબ ગાન તાન ખેલ કૂદના આવાજો છે. ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમા બયાન ફરમાવે છે કે; જે અવાજ અલ્લાહની મરજી વિરુદ્ધ મોઢેથી નીકળે તે શયતાનની આવાજ છે.

૧૩૯. અર્થાત તારી બધી જ ચાલબાજીઓ અજમાવી લે અને તારા તમામ સૈન્યોની મદદ મેળવ.

૧૪૦. ઝુજાજે કહ્યું કે; જે ગુનાહ માલ દોલતમાં થાય અથવા ઔલાદ બાબત થાય તો ઈબ્લીસ એમાં ભાગીદાર છે (એવું સમજવું). જેમ કે વ્યાજ, અને દોલત ભેગી કરવાની બીજી હરામ રીતો તેમજ નાફરમાની અને બેહયાઈના કામોમાં ખર્ચ કરવો અને ઝકાત ન આપવી, આ બધી દોલતની બાબતો છે જેમાં શયતાન ભાગીદાર છે. અને વ્યભિચાર અને નાજાઈઝ રીતે ઔલાદ મેળવવી એ ઔલાદમાં શયતાનની ભાગેદારી છે.

૧૪૧. પોતાને અનુસરવા બદલ.

૧૪૨. નેક નિખાલસ, પૈગમ્બરો તેમજ લાયકાત અને યોગ્યતા ધરાવનાર.

૧૪૩. તેમને તારાથી જાળવશે અને શયતાની વસવસા તેમજ ચાલબાજીઓને મારી હઠાવશે.

૧૪૪. તેમાં વેપાર માટે સફર કરીને......

૧૪૫. અને ડૂબી જવાનો ભય લાગે છે.

૧૪૬. અને એ જૂઠા મઅબૂદોમાંથી કોઈનું નામ જીભે ચઢતું નથી તે સમયે અલ્લાહ પાસે જ પોતાની જરૂરિયાત (બચી જવાની)ની માંગણી કરે છે.

૧૪૭. તેની તવહીદથી અને પાછી તે જ નકામી મૂર્તિઓની પૂજા શરૂ કરી દો છો.

૧૪૮. દરિયામાંથી છુટકારો મેળવીને.

૧૪૯. જેવો કે કારૂનને ગરકાવી દીધો હતો. મતલબ એ છે કે જમીન અને દરિયા બધું જ તેની કુદરતના હેઠળ છે જેવી રીતે તે દરિયામાં ડૂબાડી દેવા અને બચાવી લેવા (બન્ને માટે) શક્તિમાન છે એવી જ રીતે જમીનમાં પણ ખૂંપાવી દેવા અને ઉગારી લેવા બન્ને માટે શક્તિમાન છે. જમીન હોય કે દરિયો દરેક જગ્યાએ બન્દો તેની મહેરબાનીનો મોહતાજ છે. તે જમીનમાં ગરકાવી દેવાની તાકાત ધરાવે છે અને એવી તાકાત પણ રાખે છે કે.......

૧૫૦. જેવો કે લૂતની કોમ પર મોકલ્યો હતો.

૧૫૧. જે તમને બચાવી શકે.

૧૫૨. અને અમને પૂછી શકે કે અમે આવું શા માટે કર્યું. કારણ કે અમે નિરંકુશ શક્તિશાળી છીએ જે ઈચ્છીએ તે કરીએ છીએ અમારા કામમાં ડખલગીરી કરનાર કે દમ મારનાર કોઈ નથી.

૧૫૩. બુધ્ધિ, ઈલ્મ, બોલી, રૂપાળી શિકલ, વયગાળાનો શરીર બાંધો, રોજી કમાવવા અને રહેણી કરણીની રીતો અને બધી વસ્તુમાં એને ચઢિયાતાપણું આપીને અને એ સિવાય ઘણી વિશેષતાઓ આપીને.

૧૫૪. જાનવરો તેમજ બીજી સવારીઓ અને વહાણો વિગેરેમાં

૧૫૫. સરસ, સ્વાદિષ્ટ, માંસ તેમજ શાકભાજી દરેક જાતનો ખોરાક ખૂબ સારી રીતે પાકેલો કારણ કે માનવી સિવાય પ્રાણીઓમાં પકાવેલી વસ્તુ બીજા કોઈનો ખોરાક નથી.

يَوْمَ نَدْعُوا كُلَّ أُنَاسٍ بِإِمَامِهِمْ فَمَنْ أُوتِيَ كِتَابَهُ
بِيَمِينِهِ فَأُولَٰئِكَ يَقْرَءُونَ كِتَابَهُمْ وَلَا يُظْلَمُونَ
فَتِيلًا ﴿٧١﴾ وَمَنْ كَانَ فِي هَٰذِهِ أَعْمَىٰ فَهُوَ فِي الْآخِرَةِ
أَعْمَىٰ وَأَضَلُّ سَبِيلًا ﴿٧٢﴾ وَإِنْ كَادُوا لَيَفْتِنُونَكَ
عَنِ الَّذِي أَوْحَيْنَا إِلَيْكَ لِتَفْتَرِيَ عَلَيْنَا غَيْرَهُ
وَإِذًا لَاتَّخَذُوكَ خَلِيلًا ﴿٧٣﴾ وَلَوْلَا أَنْ ثَبَّتْنَاكَ لَقَدْ
كِدْتَ تَرْكَنُ إِلَيْهِمْ شَيْئًا قَلِيلًا ﴿٧٤﴾ إِذًا لَأَذَقْنَاكَ
ضِعْفَ الْحَيَاةِ وَضِعْفَ الْمَمَاتِ ثُمَّ لَا تَجِدُ لَكَ
عَلَيْنَا نَصِيرًا ﴿٧٥﴾ وَإِنْ كَادُوا لَيَسْتَفِزُّونَكَ مِنَ
الْأَرْضِ لِيُخْرِجُوكَ مِنْهَا وَإِذًا لَا يَلْبَثُونَ خِلَافَكَ
إِلَّا قَلِيلًا ﴿٧٦﴾ سُنَّةَ مَنْ قَدْ أَرْسَلْنَا قَبْلَكَ مِنْ رُسُلِنَا

**જે દિવસે અમે પ્રત્યેક ટોળાને તેના આગેવાન સાથે બોલાવીશુ[૧૫૭], તો જેને પોતાનો ચોપડો જમણા હાથમાં અપાશે તે લોકો પોતાનો ચોપડો વાંચશે[૧૫૮] અને દોરા જેટલો પણ તેમનો હક દબાવવામાં આવશે નહિ[૧૫૯] (૭૧) અને જે આ જીવનમાં[૧૬૦] આંધળો હોય તે આખેરતમાં (પણ) આંધળો જ છે[૧૬૧] અને ઓર વધારે ગુમરાહ (૭૨) અને તે તો નજીક હતું કે તમને કંઇક ડગમગાવી આપત અમારી વહીથી જે અમે તમને મોકલી કે તમે અમારી તરફ કંઇક જુદું જોડી દો, અને જો આવું બનત તો તેઓ તમને ગાઢ મિત્ર બનાવી લેત[૧૬૨] (૭૩) અને જો અમે તમને[૧૬૩] અડગ રાખત નહિ તો નજીક હતું કે તમે તેમની તરફ કંઇક થોડું નમતુ આપત (૭૪) અને જો આવું બનત તો અમે તમને ડબલ વય અને બે ગણુ મૃત્યુ[૧૬૪] ચખાડત, પછી તમે અમારી સામે તમારો કોઇ મદદગાર પામત નહિ (૭૫) અને બેશક! નજીક હતું કે તેઓ તમને આ જમીન પરથી[૧૬૫] ડગમગાવી દે કે તમને એમાંથી બહાર કાઢી મૂકે, અને આવુ બનત તો તેઓ તમારી પાછળ રોકાત નહિ પણ થોડું[૧૬૬] (૭૬) બંધારણ તેમનું જે અમે તમારાથી પહેલાં મોકલ્યા રસૂલ.[૧૬૭] અને તમે**

૧૫૬. હસનનું કહેવું છે કે; ''ઘણી મખ્લૂક'' (અલા કષીરીમ-મિમ-મન ખલકના) નો મતલબ ''બધી મખ્લૂક'' છે અને 'અકસર' શબ્દ 'કુલ' ના અર્થમાં બોલાય છે. કુરઆન મજીદમાં પણ ફરમાવ્યું છે ''વઅક-સરૂહુમ કાઝિબુન અને માયત્તબિઉ અકસરૂહુમ ઈલ્લા ઝન્ના'' આ આયતોમાં 'અકસર' (વધારે) શબ્દ કુલ (બધા જ)ના અર્થમાં વપરાયો છે એટલે ફરિશ્તાઓ પણ એમાં આવી જાય છે અને ખાસ માનવીઓ એટલે કે અમ્બિયા અલયહિમુસ્સલામ ખાસ ફરિશ્તાઓથી શ્રેષ્ઠ છે અને નેક માણસો આમ (સામાન્ય) ફરિશ્તાઓ કરતાં અફઝલ છે. હદીષ શરીફમાં છે કે; મુસલમાન અલ્લાહ પાસે ફરિશ્તા કરતાં વધારે ઈજ્જત ધરાવે છે. કારણ એ છે કે ફરિશ્તાઓ આજ્ઞાપાલન કરવા માટે લાચાર છે તેમની પ્રકૃતિ જ એ જ પ્રકારની છે તેમનામાં નરી બુદ્ધિ જ છે વાસનાનો છાંટો પણ નથી અને જાનવરોમાં માત્ર વાસના જ છે બુધ્ધિ જરા પણ નથી અને માનવી વાસના અને બુધ્ધિ બન્નેનું સ્થાન છે, તો જેણે બુધ્ધિને વાસના પર વિજય મેળવવા દીધો તે ફરિશ્તાઓથી બેહતર છે અને જેણે વાસનાને બુધ્ધિ પર ચઢાવી દીધી તે જાનવરો કરતાં વધારે ખરાબ છે.

૧૫૭. જેની પાછળ તેઓ દુનિયામાં ચાલતા હતા. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું; આનો મતલબ સમયના તે ઈમામ (આગેવાન) છે જેના નિમંત્રણ અનુસાર લોકો દુનિયામાં ચાલ્યા, ભલે પછી તેણે સત્યનું નિમંત્રણ આપ્યું હોય કે અસત્યનું. સારાંશ કે દરેક કોમ પોતાના સરદાર પાસે એકત્ર થશે જેમના હુકમ મુજબ દુનિયામાં ચાલતા હતા અને તેમને તેના નામથી જ પોકારવામાં આવશે કે; અય ફલાણાના અનુયાયીઓ.

وَلَا تَجِدُ لِسُنَّتِنَا تَحْوِيلًا ﴿٧٧﴾ أَقِمِ الصَّلٰوةَ لِدُلُوكِ
الشَّمْسِ إِلَىٰ غَسَقِ الَّيْلِ وَقُرْاٰنَ الْفَجْرِ إِنَّ قُرْاٰنَ
الْفَجْرِ كَانَ مَشْهُودًا ﴿٧٨﴾ وَمِنَ الَّيْلِ فَتَهَجَّدْ بِهٖ نَافِلَةً
لَّكَ عَسٰى أَنْ يَّبْعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحْمُودًا ﴿٧٩﴾ وَقُلْ
رَّبِّ أَدْخِلْنِي مُدْخَلَ صِدْقٍ وَّأَخْرِجْنِي مُخْرَجَ
صِدْقٍ وَّاجْعَلْ لِّي مِنْ لَّدُنْكَ سُلْطٰنًا نَّصِيرًا ﴿٨٠﴾
وَقُلْ جَآءَ الْحَقُّ وَزَهَقَ الْبَاطِلُ إِنَّ الْبَاطِلَ كَانَ
زَهُوقًا ﴿٨١﴾ وَنُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّرَحْمَةٌ
لِّلْمُؤْمِنِينَ وَلَا يَزِيدُ الظّٰلِمِينَ إِلَّا خَسَارًا ﴿٨٢﴾ وَإِذَآ
أَنْعَمْنَا عَلَى الْإِنْسَانِ أَعْرَضَ وَنَاٰ بِجَانِبِهٖ وَإِذَا
مَسَّهُ الشَّرُّ كَانَ يَئُوسًا ﴿٨٣﴾ قُلْ كُلٌّ يَّعْمَلُ عَلٰى شَاكِلَتِهٖ

**અમારો કાયદો બદલાતો નહિ જુઓ (૭૭) નમાઝ કાયમ રાખો સૂર્ય નમવાથી રાતના અંધારા સુધી[૧૬૮] અને સવારનું કુરઆન,[૧૬૯] બેશક! સવારના કુરઆનમાં ફરિશ્તાઓ હાજર થાય છે[૧૭૦] (૭૮) અને રાતના અમુક ભાગમાં તહજ્જુદ કરો, આ ખાસ તમારા માટે વધારો છે[૧૭૧] નજીક છે કે તમને તમારો રબ એવી જગ્યાએ ખડા કરે જ્યાં બધા જ તમારા વખાણ કરે[૧૭૨] (૭૯) અને આવી વિનંતી કરો કે, અય મારા રબ! મને સાચી રીતે પ્રવેશ આપ અને સાચી રીતે બહાર કાઢ[૧૭૩] અને મને તારા તરફથી સહાયક વિજય આપ[૧૭૪] (૮૦) અને ફરમાવો કે, સત્ય આવ્યું અને અસત્ય ભૂંસાઇ ગયું[૧૭૫] બેશક! અસત્યને તો ભૂંસાવાનું જ હતું.[૧૭૬] (૮૧) અને અમે કુરઆનમાં તે વસ્તુ[૧૭૭] ઉતારીએ છીએ જે ઇમાનવાળાઓ માટે આરોગ્ય અને રેહમત છે[૧૭૮] અને એનાથી જાલિમો[૧૭૯]નું તો નુકસાન જ વધે છે (૮૨) અને જ્યારે અમે માનવી પર ઉપકાર કરીએ છીએ[૧૮૦] (ત્યારે તે) મોઢું ફેરવી લે છે અને પોતાના પડખે છેટા ખસી જાય છે[૧૮૧] અને જ્યારે તેને અનિષ્ટ અડકે[૧૮૨] ત્યારે નિરાશ થઇ જાય છે[૧૮૩] (૮૩) તમે ફરમાવો, પ્રત્યેક પોતાની પ્રકૃતિ મુજબ કામ**

૧૫૮. નેક લોકો જેઓ દુનિયામાં સદબુદ્ધિ ધરાવતા હતા અને સાચા માર્ગને વળગી રહ્યા હતા તેમને તેમનુ આમાલનામું જમણા હાથમાં અપાશે અને જ્યારે તેમાં નેકીઓ અને હુકમ પાલનો લખેલાં જોશે ત્યારે તેને ઘણા શોખથી વાંચશે, અને જેમનું નસીબ ફૂટયું છે જેઓ કાફિરો છે તેમના આમાલનામાં ડાબા હાથોમાં આપશે તેઓ એને જોઈને શરમાશે અને ભયના લીધે આખું વાંચી નહિ શકે.

૧૫૯. અર્થાત આમાલ (કાર્યો) નો સવાબ આપવા તેમને જરા જેટલું પણ ઓછું નહિ અપાય.

૧૬૦. દુનિયાના સત્ય જોવાથી.

૧૬૧. છુટકારોનો રસ્તો જોવાથી. મતલબ એ છે કે જે દુનિયામાં કાફિર ગુમરાહ છે તે આખેરતમાં આંધળો હશે, કારણ કે દુનિયામાં તવબહ કબૂલ થાય છે અને આખેરતમાં તવબહ કબૂલ થતી નથી.

૧૬૨. **શાને નુઝૂલ** :- સકીફ કબીલાનું એક જુથ સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પાસે આવીને કહેવા લાગ્યું કે; જો તમે ત્રણ વાતો માની લો તો અમે તમારી બયઅત કરી લઈએ (ઈમાન લઈ આવીએ). પ્રથમ એ કે નમાઝમાં નમીશું નહીં એટલે કે રૂકૂઅ અને સિજદો નહિ કરીએ. બીજી એ કે અમે અમારી મૂર્તિઓ અમારા હાથોથી તોડીશું નહિ. ત્રીજું એ કે લાત (મૂર્તિનું નામ)ને પૂજશું તો નહિ પણ એક વરસ તેનો લાભ ઉઠાવી લઈશું, કે તેને પૂજનાર જે ચઢાવો અને મન્નતો લાવે તે લઈ લઈશું. સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; જે દીનમાં રૂકૂઅ અને સિજદો ન હોય તેમા કશી ભલાઈ નથી અને મૂર્તિઓ ભાંગવા બાબત તમારી મરજી અને લાત તેમજ ઉઝઝાથી લાભ મેળવવાની પરવાનગી હું કદાપિ આપીશ નહિ. પેલા કહેવા માંડયા; યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)! અમે ઈચ્છીએ છીએ

કે આપની તરફથી અમારૂ એવું બહુમાન થાય જે બીજાઓને થયું ન હોય જેથી અમે ગર્વ કરી શકીએ. અને આપને એ બાબત એવો ભય હોય કે બીજા અરબો ફરિયાદ કરશે તો તેમને કહી આપજો કે અલ્લાહનો હુકમ જ એવો હતો. તે બાબત આ આયત ઉતરી.

૧૬૩. મા'સુમ બનાવીને.......

૧૬૪. નો અઝાબ......

૧૬૫. અર્થાત અરબસ્તાનમાંથી.

**શાને નુઝૂલ** :- મુશ્રિકોએ એકમતે એવું કહ્યું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને બધા મળીને અરબસ્તાનની ધરતી પરથી કાઢી મૂકે, પણ અલ્લાહ તઆલાએ તેમનો એ ઈરાદો પુરો થવા દીધો નહિ અને તેમની ધારણા પુરી પડી નહિ. એ બનાવ બાબત આ આયત ઉતરી.

૧૬૬. અને જલ્દી તેમનો વિનાશ કરી દેવામાં આવત.

૧૬૭. અર્થાત જે કોમોએ પોતાની વચમાંથી પોતાના રસૂલોને કાઢયા તેમના માટે અલ્લાહનું બંધારણ એ જ રહ્યું છે કે તેમનો સર્વનાશ કરવામાં આવ્યો.

૧૬૮. આમાં ઝોહરથી ઈશા સુધીની ચાર નમાઝો આવી ગઈ.

૧૬૯. આનો મતલબ ફજરની નમાઝ છે અને એને કુરઆન એટલા માટે કહેવામાં આવ્યું કે 'કિરાઅત' નમાઝનો એક ભાગ (રૂકન) છે અને એક ભાગ કહીને આખી વસ્તુ સમજાવવામાં આવે છે જેવી રીતે કે કુરઆન મજીદમાં નમાઝને રૂકૂઅ અને સુજૂદ પણ કહેવામાં આવ્યું છે.

**મસઅલો** : આથી જણાયું કે કિરઅત નમાઝનો રૂકન (ભાગ) છે.

૧૭૦. એટલે કે ફજરની નમાઝમાં રાતના ફરિશ્તાઓ પણ હાજર હોય છે અને દિવસના ફરિશ્તાઓ પણ આવી જાય છે.

૧૭૧. નમાઝ માટે ઊંઘ ત્યજવાને અથવા ઇશા બાદ ઊંઘ્યા પછી જે નમાઝ પઢવામાં આવે છે તેને 'તહજ્જુદ' કહે છે. તહજ્જુદની નમાઝની હદીષ શરીફમાં ઘણી ફઝીલતો બયાન થઇ છે. તહજ્જુદની નમાઝ સૈયદે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પર ફર્ઝ હતી. લગભગ બધા જ ઉલમાનું એવું કહેવું છે. હુઝૂરની ઉમ્મત માટે એ નમાઝ સુન્નત છે.

**મસઅલો** :- તહજ્જુદની રકાતો ઓછામાં ઓછી બે મધ્યમ ચાર અને વધારામાં વધારે આઠ છે અને બે બે રકાતની નિયત કરીને પઢવી સુન્નત છે.

**મસઅલો** :- જો માણસ રાતનો એક ત્રુતિયાંશ ભાગ ઈબાદતમાં રોકવા માંગે અને બે ત્રુત્યાંશ ભાગ ઊંઘવા ચાહે તો રાત્રીના ત્રણ ભાગ કરે વચલા ત્રુત્યાંશમાં તહજ્જુદ પઢવાનો વધારે સવાબ છે. અને જો અડધી ઊંઘવા અને અડધી ઈબાદત કરવા માંગે તો છેલ્લા અડધા ભાગમાં વધારે સવાબ છે.

**મસઅલો** :- જે માણસને તહજ્જુદની નમાઝ પઢવાની કાયમી આદત હોય તેના માટે એને છોડવું મકરૂહ છે જેવું કે બુખારી અને મુસ્લિમની હદીષમાં છે (રદુલ મુહતાર)

૧૭૨. અને 'મકામે મહમૂદ' 'મકામે શફાઅત' છે, કે ત્યાં આગલા પાછલા બધા જ હુઝૂરના વખાણ કરશે લગભગ બધા જ ઉલ્માનું એ મંતવ્ય છે.

૧૭૩. હું જ્યાં પણ દાખલ થાઉ અને જ્યાંથી પણ નીકળું તે કોઈ મકાન હોય કે મરતબો કે કામ. અમુક તફસીરકારોએ એનો મતલબ એવો બયાન કર્યો છે કે; મને કબરમાં પોતાની ખુશી અને પાકી સાથે દાખલ

فَرَبُّكُمْ أَعْلَمُ بِمَنْ هُوَ أَهْدَىٰ سَبِيلًا ﴿٨٤﴾ وَيَسْأَلُونَكَ ع ٩
عَنِ الرُّوحِ ۖ قُلِ الرُّوحُ مِنْ أَمْرِ رَبِّي وَمَا أُوتِيتُمْ مِنَ
الْعِلْمِ إِلَّا قَلِيلًا ﴿٨٥﴾ وَلَئِنْ شِئْنَا لَنَذْهَبَنَّ بِالَّذِي
أَوْحَيْنَا إِلَيْكَ ثُمَّ لَا تَجِدُ لَكَ بِهِ عَلَيْنَا وَكِيلًا ﴿٨٦﴾ إِلَّا
رَحْمَةً مِنْ رَبِّكَ ۚ إِنَّ فَضْلَهُ كَانَ عَلَيْكَ كَبِيرًا ﴿٨٧﴾
منزل ٤ قُلْ لَئِنِ اجْتَمَعَتِ الْإِنْسُ وَالْجِنُّ عَلَىٰ أَنْ يَأْتُوا
بِمِثْلِ هَٰذَا الْقُرْآنِ لَا يَأْتُونَ بِمِثْلِهِ وَلَوْ كَانَ
بَعْضُهُمْ لِبَعْضٍ ظَهِيرًا ﴿٨٨﴾ وَلَقَدْ صَرَّفْنَا لِلنَّاسِ فِي هَٰذَا
الْقُرْآنِ مِنْ كُلِّ مَثَلٍ فَأَبَىٰ أَكْثَرُ النَّاسِ إِلَّا كُفُورًا ﴿٨٩﴾
وَقَالُوا لَنْ نُؤْمِنَ لَكَ حَتَّىٰ تَفْجُرَ لَنَا مِنَ الْأَرْضِ
يَنْبُوعًا ﴿٩٠﴾ أَوْ تَكُونَ لَكَ جَنَّةٌ مِنْ نَخِيلٍ وَعِنَبٍ

**કરે છે[૧૮૪] તો તમારો રબ ખૂબ જાણે છે કે કોણ વધારે માર્ગ પર છે (૮૪) અને તમને રૂહ (આત્મા) બાબત પૂછે છે. તમે ફરમાવો, રૂહ મારા રબના હુકમથી એક વસ્તુ છે અને તમને માત્ર થોડુંક જ જ્ઞાન મળ્યું છે[૧૮૫] (૮૫) અને જો અમે ઇચ્છત તો આ વહી જે અમે તમારી તરફ મોકલી તેને લઇ જાત[૧૮૬] પછી તમને કોઇ ન મળતે જે તમારા માટે અમારી સમક્ષ એના વિશે વકીલાત કરે (૮૬) પણ તમારા રબની રહમત બેશક ! તમારા પર તેની મોટી મહેરબાની છે (૮૭) તમે ફરમાવો, જો આદમી અને જિન્નાત બધા એ બાબત એકમત થઇ જાય કે[૧૮૭] આ કુરઆન જેવું લઇ આવીએ તો (પણ) એના જેવું લાવી શકશે નહિ તેમાં એક બીજાનો મદદગાર બનવા છતાં[૧૮૮] (૮૮) અને બેશક ! અમે લોકો માટે આ કુરઆનમાં પ્રત્યેક પ્રકારનાં દ્રષ્ટાંતો તરેહવાર રીતે વર્ણવ્યાં તો ઘણા માણસોએ તો અપકાર કરવા સિવાય કશું માન્યું નહિ[૧૮૯] (૮૯) અને બોલ્યા, અમે કદાપી તમારા પર ઇમાન લાવીશું નહિ જ્યાં સુધી કે તમે અમારા માટે જમીનમાંથી કોઇ ઝરણુ (ન) વહાવી દો[૧૯૦] (૯૦) અથવા તમારા માટે ખજૂરો અને દ્રાક્ષોનો કોઇ બગીચો હોય પછી તમે**

કર અને મહશરના દિવસે ઈજ્જત આબરૂ સાથે બહાર કાઢ. અમુકે એવો મતલબ કહ્યો છે કે; મને પોતાની ઈતાઅતમાં સચ્ચાઈપૂર્વક દાખલ કર અને તારા મના કરેલાં કામોમાંથી સચ્ચાઈપૂર્વક બહાર કાઢ. અને એના મતલબ વિષે એક મંતવ્ય એવું પણ છે કે; નુબુવ્વતના મરતબામાં મને સચ્ચાઈપૂર્વક દાખલ કર અને સચ્ચાઈ સાથે દુનિયાની વિદાય સમયે નુબુવ્વતના ફરજીયાત હક્કોની ભારની જવાબદારી પુરી કરાવ. એક કથન એવું પણ છે કે; મને મદીના મુનવ્વરામાં મરજી મુજબનો પ્રવેશ આપ અને મક્કા મુકર્રમામાંથી મારી વિદાય સચ્ચાઈ સાથે કર કે એનાથી મારૂં દિલ દુ:ખી થાય નહિ. પણ આ મતલબ ત્યારે જ બંધબેસ્તો આવે જ્યારે કે આ આયત મદની ન હોય. જેમકે અલ્લામા સુયૂતીએ આ આયતને મદની હોવાના મંતવ્યોને કમજોર હોવાનો ઈશારો કર્યો છે.

૧૭૪. એવી તાકાત આપ કે જેનાથી હું તારા દુશ્મનો પર વિજય મેળવું અને તે દલીલ આપ જેનાથી હું દરેક વિરોધીને જેર કરૂં અને તે જગજાહેર ચઢિયાતાપણું જેનાથી હું તારા દીનને મજબૂતી આપું. આ દુઆ કબૂલ થઈ અને અલ્લાહ પાકે પોતાના હબીબને તેમના દીનને ફતેહ આપવાનો અને આપને દુશ્મનોથી જાળવવાનો વાયદો આપ્યો.

૧૭૫. અર્થાત ઈસ્લામનું આગમન થયું અને કુફ્રનો અંત થયો અથવા કુરઆન આવ્યું અને શયતાન હલાક થયો.

૧૭૬. કારણ કે અસત્યને જો અમુક સમયે દોલત અને દબદબો મળે પણ ખરો પણ તે કાયમનો નથી હોતો એનું પરિણામ બરબાદી અને અપમાન છે. હઝરત ઈબ્ને મસઊદ રદીયલ્લાહુ અન્હુમાએ બયાન કર્યું છે

કે; મક્કા ફતેહ થયું તે દિવસે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ મક્કા શરીફમાં પ્રવેશ્યા અને કા'બા શરીફની આજુ બાજુ ત્રણસો સાઈઠ મૂર્તિઓ ગોઠવેલી હતી જેમને લોઢા અને સીસા વડે ઓગાળીને મજબૂત કરવામાં આવી હતી હુઝૂરના હાથમાં એક લાકડી હતી આ આયત પઢીને જે મૂર્તિ તરફ લાકડીને ઈશારો કરતા તે મૂર્તિ જમીન પર પડી જતી હતી.

૧૭૭. સૂરતો અને આયતો.

૧૭૮. કે એનાથી આંતરિક અને બાહય બીમારીઓ ગુમરાહી અને અજ્ઞાનતા વિગેરે દૂર થાય છે અને જાહેરી તેમજ બાતિની આરોગ્ય પ્રાપ્ત થાય છે જૂઠી માન્યતાઓ અને ખરાબ આદતો દૂર થાય છે અને સાચી માન્યતાઓ અલ્લાહની ઓળખ સારી આદતો વખાણ પાત્ર ગુણો પ્રાપ્ત થાય છે. કારણ કે આ ઉચ્ચ કિતાબ એવા ઈલ્મો અને દલીલો પોતાનામાં ધરાવે છે જે વહેમ અને શયતાને જન્માવેલાં અંધારાઓને પોતાના પ્રકાશથી નેસ્ત નાબૂદ કરી નાખે છે અને એનો એકે એક અક્ષર બરકતોનો ખજાનો છે જેનાથી શારીરિક બીમારીઓ અને વડગણ (પણ) દૂર થાય છે.

૧૭૯. અર્થાત કાફિરોનું જે આને જૂઠાડે છે.

૧૮૦. અર્થાત કાફિર પર કે તેને તંદરૂસ્તી અને માલદારી આપીએ છીએ ત્યારે તે અમારી યાદ અને દુઆ અને આજ્ઞાપાલન તેમજ આભાર માનવાથી.....

૧૮૧. અર્થાત ઘમંડ કરે છે.

૧૮૨. કોઈ કઠણાઈ કે નુકસાન અથવા કોઈ નાદારી કે અકસ્માત, ત્યારે આજિજી અને રૂદન સહિત દુઆઓ માંગે છે અને જ્યારે તે દુઆઓ કબૂલ થવાના ચિન્હો દેખાતાં નથી.......

૧૮૩. મો'મિને એવું કરવું જોઈએ નહિ, જો દુઆ કબૂલ થવામાં વાર લાગે તો નિરાશ થાય નહિ અલ્લાહ તઆલાની રહમતનો ઉમ્મેદવાર રહે.

૧૮૪. અમે અમારા રસ્તે તમે તમારા રસ્તે, જે જાતવાન અને પાક હોય છે તેનાથી સદકાર્યો અને સ્વચ્છ આદતો સાદર થાય છે અને જે કજાત હોય છે તેનાથી ઘૃણાસ્પદ કાર્યો સાદર થાય છે.

૧૮૫. કુરેશીઓની મિટીંગ મળી અને તેમનામાં અંદરઅંદર એવી વાતચીત થઈ કે; મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) આપણામાં રહ્યા અને આપણે તેમને કદીપણ સચ્ચાઈ અને ઈમાનદારીમાં કાચા જોયા નથી, કદી તેમના પર તોહમત મૂકવાની તક સાંપડી નથી. હવે તેમણે નબુવ્વતનો દાવો કરી દીધો છે તેમના ચારિત્ર્ય કે ચાલ ચલગત વિષે ઐબ લગાડવું તો શક્ય નથી જેથી યહૂદીઓને પૂછવું જોઈએ કે આવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ. આ હેતુ માટે એક પ્રતિનિધિમંડળ યહૂદીઓ પાસે મોકલવામાં આવ્યું, યહૂદીઓએ કહ્યું કે તેમને ત્રણ સવાલો પૂછો જો એકનો પણ જવાબ ન આપે તો તેઓ નબી નથી અને ત્રણેના જવાબ આપી દે તો પણ નબી નથી અને જો બે નો જવાબ આપે અને એક નો ન આપે તો તેઓ સાચા નબી છે. તે ત્રણ સવાલ આ છે; (૧) અસ્હાબે કહફ (ગુફાવાળાઓ)નો બનાવ. (૨) ઝુલ્કરનૈનનો બનાવ અને (૩) રૂહ નો હેવાલ.

કુરેશીઓએ હુઝૂરને એ સવાલો પૂછ્યા આપે અસ્હાબે કહફ અને ઝુલકરનૈનના બનાવો તો વિગતવાર વર્ણવી દીધા અને રૂહની બાબત અસ્પષ્ટ રાખી જેવી રીતે કે તવરાતમાં અસ્પષ્ટ રાખવામાં આવી હતી. કુરેશીઓ આ સવાલો પૂછીને પસ્તાયા. એમાં મતભેદ છે કે સવાલ રૂહની હકીકત (વાસ્તવિક્તા) બાબત હતો કે તેની મખ્લૂકિય્યત (સર્જન) બાબત. પણ આયતમાં બન્નેને લાગુ પડે એવો જવાબ અપાયો અને એવું પણ જણાવી દેવામાં આવ્યું કે; મખ્લૂકનું ઈલ્મ અલ્લાહના ઈલ્મ સામે થોડુંક જ છે, ''માઉતીતુમ'' નું સંબોધન

فتفجر الانهر خللها تفجيرا ﴿٩١﴾ او تسقط السماء كما
زعمت علينا كسفا او تاتي بالله والملئكة قبيلا ﴿٩٢﴾
او يكون لك بيت من زخرف او ترقى في السماء
ولن نؤمن لرقيك حتى تنزل علينا كتبا
نقرؤه قل سبحان ربي هل كنت الا بشرا
رسولا ﴿٩٣﴾ وما منع الناس ان يؤمنوا اذ جاءهم
الهدى الا ان قالوا ابعث الله بشرا رسولا ﴿٩٤﴾ قل
لو كان في الارض ملئكة يمشون مطمئنين
لنزلنا عليهم من السماء ملكا رسولا ﴿٩٥﴾ قل كفى
بالله شهيدا بيني وبينكم انه كان بعباده
خبيرا بصيرا ﴿٩٦﴾ ومن يهد الله فهو المهتد ومن

**તેમાં વહેતી નહેરો ચાલુ કરો (૯૧) અથવા તમે અમારા પર આકાશ તોડો જેવું કે તમે કહ્યું છે ટુકડે ટુકડા કરીને, અથવા અલ્લાહ અને ફરિશ્તાઓને ઝામિન (બનાવીને) લઇ આવો[૧૯૧] (૯૨) અથવા તમારા માટે સોનેરી ઘર હોય અથવા તમે આકાશમાં ચઢી જાવ, અને અમે કદાપી ઇમાન નહિ લાવીએ તમારા ચઢી જવાથી પણ જ્યાં સુધી અમારા પર એક કિતાબ ઉતારો નહિ જેને અમે વાંચીએ. તમે ફરમાવો, પવિત્રતા છે મારા રબને, હું કોણ છું ? પણ અલ્લાહનો મોકલેલો માનવી[૧૯૨] (૯૩) અને લોકોને કઇ બાબતે ઇમાન લાવવાથી રોક્યા જ્યારે એમની પાસે હિદાયત આવી ? પણ એ બાબતે જ કે બોલ્યા, શું અલ્લાહે આદમીને રસૂલ બનાવીને મોકલ્યા ?[૧૯૩] (૯૪) તમે ફરમાવો, જો ધરતીમાં ફરિશ્તાઓ હોત[૧૯૪] આરામથી હરતા ફરતા તો તેમના પર અમે રસૂલ પણ ફરિશ્તો જ મોકલત[૧૯૫] (૯૫) તમે ફરમાવો, મારી તમારી વચ્ચે અલ્લાહ પુરતો સાક્ષી છે.[૧૯૬] બેશક ! તે પોતાના બન્દાઓને જુએ જાણે છે (૯૬) અને જેને અલ્લાહ માર્ગ દેખાડે તે જ**

યહૂદીઓને હોય તો પણ.

૧૮૬. અર્થાત કુરઆને કરીમને સીનાઓમાંથી અને પુસ્તકોમાંથી ભૂંસી નાખત અને તેનો કોઈ અસર બાકી રહેવા દેત નહિ.

૧૮૭. ભાષાકિય ઉત્તમતા, સરસ ગોઠવણી તેમજ ગૈબી ઈલ્મો તેમજ અલ્લાહને ઓળખાવતા જ્ઞાન-માંથી કોઈ પણ કમાલમાં.

૧૮૮. **શાને નુઝૂલ** :- મુશ્રિકોએ કહ્યું હતું કે; અમે ઈચ્છીએ તો આ કુરઆન જેવું બનાવી શકીએ છીએ ત્યારે આ આયત ઉતરી અને અલ્લાહ તઆલાએ તેમનું જૂઠાણું જાહેર કર્યું કે; સર્જનહારના કલામ જેવું સર્જનનું કલામ થઈ શકતું જ નથી, તે બધા પરસ્પર એકત્ર થઈને પ્રયત્ન કરે તો પણ એ શક્ય નથી કે આ કલામ જેવું કલામ લાવી શકે. જેમકે થયું પણ એવું જ બધાં કાફિરો લાચાર બની ગયા અને તેમને બદનામી વેઠવી પડી અને તેઓ કુરઆનના મૂકાબલામાં એક લીટી પણ બનાવીને રજુ કરી શક્યા નહિ.

૧૮૯. અને સત્યનું ઈન્કાર કરવાનું ધારણ કર્યું.

૧૯૦. **શાને નુઝૂલ** :- જ્યારે કુરઆન શરીફનું લાજવાબપણુ ખૂબ સ્પષ્ટ થઈ ગયું અને ખુલ્લા મો'જિઝાઓએ દલીલો કાયમ કરી લીધી અને કાફિરો માટે કોઈ બહાનું રહ્યું નહિ ત્યારે તેઓ લોકોને ગેરસમજમાં નાખવા ખાતર જાત જાતની નિશાનીઓ માંગવા માંડયા અને તેમણે કહ્યું કે; અમે કદાપિ તમારા પર ઈમાન લાવીશું નહિ........

રિવાયતમાં છે કે કુરેશી કાફિરોના આગેવાનો કઆબા શરીફમાં ભેગા થયા અને તેમણે સૈય્યદે આલમ

સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને બોલાવ્યા, હુઝૂર પધાર્યા ત્યારે તેમણે કહ્યું; અમે આપને એટલા માટે બોલાવ્યા છે કે આજે તમારી સાથે વાતચીત કરીને બધો મામલો પતાવી દઈએ જેથી પછી અમે તમારા માટે લાચાર ગણાઈએ. અરબમાં કોઈ માણસ એવો થયો નથી જેને પોતાની કોમ પર એટલા અત્યાચારો કર્યા હોય જે તમે કર્યા છે. તમે અમારા બાપ દાદાઓને વગોવ્યા, અમારા ધર્મોમાં એબ કાઢયા, અમારા બુદ્ધિમાનોને કમઅક્કલ કહ્યા, અમારા મઅ્બૂદોની બેઅદબી કરી સંપ વિખેરી નાખ્યો, કોઈ અનિષ્ટ તમે બાકી રહેવા દીધું નથી, આનાથી તમારૂં હેતુ શો છે ? જો તમે ધન દોલત ઈચ્છતા હોય તો અમે તમારા માટે એટલી દોલત ભેગી કરી દઈએ કે તમે બધાંથી માલદાર બની જાવ. જો માન મરતબો માંગતા હોઉ તો તમને અમે અમારા આગેવાન બનાવી દઈએ, જો દેશ અને રાજપાટ ચાહતા હોઉ તો તમને અમે અમારા બાદશાહ માની લઈએ, આ બધી જ બાબતો કરવા અમે તૈયાર છીએ. અને જો તમને કોઈ દીમાગની બીમારી થઈ ગઈ હોય અથવા કોઈ વડગણ જેવું હોય તો અમે તમારો ઈલાજ કરીએ અને તેમાં જેટલો ખર્ચ થશે તે અમે વેઠી લઈશું. ત્યારે સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; આમાંથી એક પણ વાત નથી અને હું દોલત રાજ્ય અને આગેવાની કોઈ પણ વસ્તુનો ઈચ્છુક નથી. વાત માત્ર એટલી જ છે કે અલ્લાહ તઆલાએ મને રસૂલ બનાવીને મોકલ્યો છે અને મારા પર તેણે પોતાની કિતાબ ઉતારી અને મને હુકમ આપ્યો કે હું તમને તેને માનવા બદલ તેની ખુશી અને આખેરતની નેઅમતની ખુશખબર આપું અને નહિ માનવા બદલ અલ્લાહના અઝાબનો ભય દેખાડું, મેં તમને મારા પરવરદિગારનો સંદેશો પહોંચાડયો જો તમે એને કબૂલ કરો તો એ તમારા માટે દુનિયા અને આખેરતની ખુશનસીબી છે અને જો નહિ માનો તો હું ધીરજ ધરીશ અને અલ્લા-હના ફૈસલાની રાહ જોઈશ. કાફિરોએ કહ્યું; ત્યારે તમે તમારા પરવરદિગારને વિનંતી કરીને એક ફરિશ્તાને બોલાવો જે તમારી સત્યતા બયાન કરે, અને પોતાના માટે બગીચાઓ મહેલાતો તેમજ સોના ચાંદીના ભંડારો માંગો, આપે ફરમાવ્યું; હું એટલા માટે મોકલવામાં આવ્યો નથી હું ખુશખબર આપનાર અને ભય દેખાડનાર બનાવીને મોકલાયો છું. ત્યારે કહેવા માંડયા કે; ત્યારે અમારા પર આસ્માન તોડાવી નાખો અને તેમાંથી અમુક બોલ્યા; જ્યાં સુધી તમે અલ્લાહને અને ફરિશ્તાને અમારી સમક્ષ નહિ લાવો ત્યાં સુધી અમે ઈમાન લાવીશું નહિ. ત્યારે સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ તે મજલિસમાંથી ઉઠીને ચાલ્યા ગયા. અબ્દુલ્લાહ બિન ઉમય્યા આપની સાથે ઉઠયો અને આપને કહેવા લાગ્યો કે; ખુદાની કસમ ! હું કદાપિ તમારા પર ઈમાન લાવનાર નથી જ્યાં સુધી કે તમે દાદર લગાડીને આસ્માન પર ચઢો નહિ અને મારા જોતાં ત્યાંથી એક કિતાબ અને ફરિશ્તાઓનું એક ટોળું લઈને ન આવો, અને ખુદાની કસમ ! જો એ પણ કરી નાખો તો પણ હું સમજું છું કે હું નહિ માનું. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે જ્યારે જોયું કે આ લોકો આટલી બધી જીદ અને હઠાગ્રહમાં છે અને તેમની સત્ય દુશ્મની હદ ઓળંગી ગઈ છે ત્યારે આપને તેમની હાલત પર દુઃખ થયું ત્યારે આ આયત ઉતરી.

૧૯૧. અમારી સમક્ષ તમારા સાચા હોવાની સાક્ષી પુરે.

૧૯૨. મારૂં કાર્ય અલ્લાહનો સંદેશો પહોંચાડી દેવાનું છે તે મેં પહોંચાડી દીધો. હવે શ્રધ્ધા ખાતર જેટલા ચમત્કારો કે મો'જિઝાઓની આવશ્યકતા છે તેનાથી વધારે મારો પરવરદિગાર જાહેર કરી ચૂક્યો. દલીલ પુરી થઈ ગઈ. હવે એટલુ જ સમજી લો કે રસૂલને નકારવાનું અને અલ્લાહની આયતોથી મોઢું ફેરવી જવાનું પરિણામ શું છે ?

૧૯૩. રસૂલોને આદમી (બશર) જ સમજતા રહ્યા અને તેમની નબુવ્વતની પદવી અને અલ્લાહે આપેલી

**માર્ગ પર છે અને જેને ભટકાવે[૧૯૭] તો તેમના માટે તેના સિવાય કોઇ વ્હારે ધાનાર નહિ પામો[૧૯૮] અને અમે કયામતના દિવસે તેમને ઉઠાડીશું તેમના મોઢાંઓભેર[૧૯૯] આંધળા અને ગુંગા અને બહેરા.[૨૦૦] તેમનું ઠેકાણું જહન્નમ છે, જ્યારે કદી હોલવાઇ જવા આવશે ત્યારે અમે ઓર સળગાવીશું (૯૭) આ તેમની સજા છે એની કે તેમણે અમારી આયતોને માની નહિ અને બોલ્યા, શું જ્યારે અમે હાડકાંઓ અને વેરવિખેર થઇ જઇશું તો શું અમે ખરેખર નવા બનીને ઉઠાડવામાં આવીશું ? (૯૮) અને શું તેઓ જોતા નથી કે તે અલ્લાહ જેણે આસ્માન અને જમીન બનાવ્યાં[૨૦૧] (તે) એમની જેવા (પણ) બનાવી શકે છે.[૨૦૨] અને તેણે એમના માટે[૨૦૩] એક સમય મર્યાદા નક્કી કરી રાખી છે જેમાં કશી શંકા નથી તો જુલ્મીઓ નાશુક્રી સિવાય કશું માનતા નથી[૨૦૪] (૯૯) તમે ફરમાવો, જો તમે લોકો મારા રબની રહમતના ભંડારોના માલિક હોત[૨૦૫] તો તેને પણ રોકી રાખત એવી બ્હીકે કે ક્યાંક વપરાઇ જાય નહિ. અને માનવી મહા કંજૂસ છે. (૧૦૦) અને બેશક! અમે મૂસાને નવ ચોખ્ખી નિશાનીઓ આપી.[૨૦૬] તો બની ઇસરાઇલને પૂછો, જ્યારે તે[૨૦૭]**

سبحن الذي ١٥ — بني اسرآءيل ١٧

يضلل فلن تجد لهم أولياء من دونه ونحشرهم
يوم القيامة على وجوههم عميا وبكما وصما مأواهم
جهنم كلما خبت زدناهم سعيرا ﴿٩٧﴾ ذلك جزاؤهم
بأنهم كفروا بآياتنا وقالوا أإذا كنا عظاما ورفاتا
أإنا لمبعوثون خلقا جديدا ﴿٩٨﴾ أولم يروا أن الله
الذي خلق السماوات والأرض قادر على أن
يخلق مثلهم وجعل لهم أجلا لا ريب فيه فأبى
الظالمون إلا كفورا ﴿٩٩﴾ قل لو أنتم تملكون خزائن
رحمة ربي إذا لأمسكتم خشية الإنفاق وكان
الإنسان قتورا ﴿١٠٠﴾ ولقد آتينا موسى تسع آيات
بينات فاسأل بني إسرائيل إذ جاءهم فقال له

વિશિષ્ટતાઓ નો સ્વીકાર કર્યો નહિ. એ જ એમના કુફ્રનું મૂળ હતું અને એટલા માટે તેઓ કહ્યા કરતા હતા કે કોઈ ફરિશ્તો કેમ મોકલવામાં આવ્યો નહિ. તે બાબત અલ્લાહ તઆલા પોતાના હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને ફરમાવે છે; અય હબીબ! એમને....

૧૯૪. તેઓ જ એમાં રહેતા હોત.

૧૯૫. કારણ કે તે તેમની જાતિનો હોત. પરંતુ જ્યારે ધરતી પર માનવીઓ વસે છે ત્યારે રસૂલ ફરિશ્તા હોવાની તેમની માંગણી તદ્દન અસ્થાને છે.

૧૯૬. મારા સત્ય અને નબુવ્વતની ફરજ મુકિત તેમજ તમારી અસત્યતા અને અદાવત અંગે.

૧૯૭. અને ધગશ ન આપે.

૧૯૮. જે તેમને અસત્ય માર્ગ સુઝાડે.

૧૯૯. ઘસડાતા.

૨૦૦. જેવા કે તેઓ દુનિયામાં સત્ય જોવા, બોલવા અને સાંભળવાથી આંધળા, ગુંગા અને બહેરા બનીને રહ્યા તો (કયામતના દિવસે) એવા જ ઉઠાડવામાં આવશે.

૨૦૧. આવા મહાકાય અને મોટા.

૨૦૨. એ તેની શક્તિ જોતાં કશું કપરૂં નથી.

૨૦૩. અઝાબની અથવા મૃત્યુ અને ફરી જીવતા થવાની.

૨૦૪. સ્પષ્ટ દલીલ કાયમ થયા છતાં.

**એમની પાસે આવ્યો તો તેને ફિરઔને કહ્યું, 'અય મૂસા મારા ખ્યાલમાં તો તમારા પર જાદુ થયું છે.'[૨૦૮] (૧૦૧) કહ્યું, 'ખરેખર તું ખૂબ જાણે છે કે[૨૦૯] એમને આસ્માનો અને જમીનના માલિકે જ ઉતારેલી છે, દિલની આંખો ખોલનારી.[૨૧૦] અને મારા ખ્યાલમાં તો અય ફિરઔન ! તું અવશ્ય વિનાશ પામનાર છે,[૨૧૧] (૧૦૨) તો તેણે ઇચ્છયું કે તેમને[૨૧૨] ધરતીમાંથી કાઢી મૂકે. તો અમે તેને અને તેના સાથીઓને બધાને ડૂબાડી દીધા[૨૧૩] (૧૦૩) અને ત્યાર પછી અમે બની ઇસરાઇલને કહ્યું, 'આ ધરતીમાં વસો'[૨૧૪] ફરી જ્યારે આખેરતનો વાયદો આવશે[૨૧૫] (ત્યારે) અમે તમને તમામને એકસામટા લઇ આવીશું[૨૧૬] (૧૦૪) અને અમે કુરઆનને સત્યની સાથે જ ઉતાર્યું અને સત્ય ખાતર જ ઉતાર્યું.[૨૧૭] અને અમે તમને ખુશી અને ડર સંભળાવતા મોકલ્યા છે (૧૦૫) અને કુરઆન અમે જુદુ જુદુ કરીને[૨૧૮] ઉતાર્યું કે (જેથી) તમે એને લોકો સામે ધીરે ધીરે પઢો,[૨૧૯] અને અમે એને તબક્કાવાર થોડું થોડું કરીને ઉતાર્યું[૨૨૦] (૧૦૬) તમે કહો, તમે લોકો એના પર ઇમાન લાવો કે ન લાવો,[૨૨૧] બેશક ! તેઓ જેમને એના ઉતરાણ પહેલાં ઇલ્મ મળ્યુ[૨૨૨] જ્યારે તેમના સામે પઢવામાં આવે છે (ત્યારે તેઓ) દાઢી ભેર સિજદામાં પડી જાય છે (૧૦૭) અને કહે છે, પવિત્રતા છે**

سبحٰن الذی ۱۵ — بنی اسرآءیل ۱۷

فرعون انی لاظنك یٰموسٰی مسحورا ﴿١٠١﴾ قال لقد
علمت ما انزل هٰؤلآء الا رب السمٰوٰت والارض
بصآئر وانی لاظنك یٰفرعون مثبورا ﴿١٠٢﴾ فاراد
ان یستفزهم من الارض فاغرقنٰه ومن معه
جمیعا ﴿١٠٣﴾ وقلنا من بعده لبنی اسرآءیل اسكنوا
الارض فاذا جآء وعد الاٰخرة جئنا بكم لفیفا ﴿١٠٤﴾
وبالحق انزلنٰه وبالحق نزل وما ارسلنٰك الا مبشرا
ونذیرا ﴿١٠٥﴾ وقراٰنا فرقنٰه لتقراه علی الناس علٰی
مكث ونزلنٰه تنزیلا ﴿١٠٦﴾ قل اٰمنوا به او لا تؤمنوا
ان الذین اوتوا العلم من قبله اذا یتلٰی علیهم
یخرون للاذقان سجدا ﴿١٠٧﴾ ویقولون سبحٰن ربنا

منزل ٤

૨૦૫. જેની કોઈ સીમા નથી.

૨૦૬. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું કે; તે નવ નિશાનીઓ આ છે (૧) અસો (૨) યદે બયદા (૩) તે ગાંઠ જે હઝરત મૂસાની જીભમાં હતી પછી અલ્લાહે તેને છોડી (૪) દરિયાનું ફાટવું અને તેમાં રસ્તા પડવા (૫) તોફાન (૬) તીડો (૭) ઉધય (૮) દેડકાઓ (૯) લોહી. આમાંથી છેલ્લા છ નું બયાન નવમાં પારાનાં છઠ્ઠા રૂકૂઅમાં ગુજરી ચૂક્યું.

૨૦૭. એટલે કે હઝરત મૂસા અલયહિસ્સલામ.

૨૦૮. અર્થાત મુઆઝલ્લાહ જાદુના અસરથી તમારી બુદ્ધિ ઠેકાણે રહી નથી. અથવા 'મસ્હૂર' 'સાહિર' ના અર્થમાં છે અને મતલબ એ કે આ ચમત્કારો જે આપ દેખાડો છો એ બધા જાદુના ખેલ છે. ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે.....

૨૦૯. અય હઠધર્મી ફિરઔન !

૨૧૦. કે આ નિશાનીઓથી મારી સચ્ચાઈ અને મારૂં જાદુ રહીત હોવું અને એ નિશાનીઓનું ખુદા તરફથી હોવું જાહેર થાય છે.

૨૧૧. આ હઝરત મૂસા અલયહિસ્સલામ તરફથી ફિરઔનની તે વાતનો જવાબ છે કે તેણે આપને જાદુવાળા કહ્યું હતું પણ તેની વાત ખોટી અને જૂઠી હતી જેને તે પોતે પણ જાણતો હતો પણ તેના હઠાગ્રહે તેના પાસે બોલાવ્યું. અને હઝરત મૂસાનું ફરમાન સત્ય અને ખરૂં હતું જેમ કે પછી એવું જ બન્યું.

૨૧૨. એટલે કે હઝરત મૂસા અલયહિસ્સલામ અને આપની કોમને.

**અમારા રબને બેશક ! અમારા રબનો વાયદો પુરો થવાનો હતો[૨૨૩] (૧૦૮) અને દાઢી ભેર પડે છે[૨૨૪] રડતાં રડતાં અને આ કુરઆન તેમનાં દિલની નરમાશ વધારે છે[૨૨૫] (૧૦૯) તમે કહો, અલ્લાહ કહીને પોકારો કે રહમાન કહીને, જે કહીને પોકારો તે તેનાં જ બધાં સારાં નામો છે.[૨૨૬] અને પોતાની નમાઝ ન તો બહુ જોરથી પઢો ન તદન ધીમેથી અને એ બન્નેની વચમાં માર્ગ ઇચ્છો[૨૨૭] (૧૧૦) અને આવું કહો કે, બધી ખૂબીઓ અલ્લાહને જેણે પોતાના માટે બાળક ધરાવ્યું નહિ[૨૨૮] અને રાજપાટમાં કોઇ તેનો ભાગીદાર નથી[૨૨૯] અને અશક્તિના કારણે તેનો સહાયક નથી.[૨૩૦] અને તેની મોટાઇ વર્ણાવવા તકબીર બોલો.[૨૩૧] (૧૧૧)**

## અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૩૨]

**બધી ખૂબીઓ અલ્લાહને જેણે પોતાના બન્દા[૨૩૩] પર કિતાબ ઉતારી[૨૩૪] અને તેમાં લેશમાત્ર પણ વાંકાપણું રાખ્યું નહિ[૨૩૫] (૧) ન્યાયવાળી કિતાબ કે[૨૩૬] અલ્લાહના**

سبحن الذي ١٥ الكهف ١٨

إِن كَانَ وَعْدُ رَبِّنَا لَمَفْعُولًا ۝ وَيَخِرُّونَ لِلْأَذْقَانِ
يَبْكُونَ وَيَزِيدُهُمْ خُشُوعًا ۩ قُلِ ادْعُوا اللَّهَ أَوِ ادْعُوا
الرَّحْمَٰنَ ۖ أَيًّا مَّا تَدْعُوا فَلَهُ الْأَسْمَاءُ الْحُسْنَىٰ ۚ وَلَا
تَجْهَرْ بِصَلَاتِكَ وَلَا تُخَافِتْ بِهَا وَابْتَغِ بَيْنَ
ذَٰلِكَ سَبِيلًا ۝ وَقُلِ الْحَمْدُ لِلَّهِ الَّذِي لَمْ يَتَّخِذْ
وَلَدًا وَلَمْ يَكُن لَّهُ شَرِيكٌ فِي الْمُلْكِ وَلَمْ يَكُن
لَّهُ وَلِيٌّ مِّنَ الذُّلِّ ۖ وَكَبِّرْهُ تَكْبِيرًا ۝
سُورَةُ الْكَهْفِ مَكِّيَّةٌ
بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
الْحَمْدُ لِلَّهِ الَّذِي أَنزَلَ عَلَىٰ عَبْدِهِ الْكِتَابَ وَلَمْ
يَجْعَل لَّهُ عِوَجًا ۜ ۝ قَيِّمًا لِّيُنذِرَ بَأْسًا شَدِيدًا

૨૧૩. અને મૂસા (અલૈહિસ્સલામ) અને આપની કૌમને અમે હેમખેમ રાખી.

૨૧૪. અર્થાત મિસર અને શામની ધરતીમાં. (ખાઝિન અને કરતબી)

૨૧૫. અર્થાત કયામત.

૨૧૬. કયામતના મેદાનમાં પછી સારા અને નરસાને એક બીજાથી અલગ પાડી દઈશું.

૨૧૭. શયતાનોની મિલાવટ (ભેળસેળ) થી જળવાએલું રહ્યું અને કોઈ જાતના ફેરફારને એમાં માર્ગ મળ્યો નહિ. તિબયાનમાં છે કે 'હકક' (સત્ય) નો મતલબ સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની પાક ઝાત છે.

**ફાયદો** :- આયત શરીફનું આ વાક્ય (વબિલ હક્કિ અનઝલનાહુ વબિલ હક્કિ નઝલ) પ્રત્યેક બીમારી માટે અનુભવ કરાએલો અમલ છે, બીમારીની જગ્યાએ હાથ મૂકીને પઢીને ફૂંકવાથી અલ્લાહના હુકમથી બીમારી દૂર થઈ જાય છે. મોહમ્મદ બિન સમ્માક બીમાર પડયા ત્યારે તેમના મુરીદો તેમનો પેશાબ લઈને એક ખ્રિસ્તી ઈલાજ કરનાર પાસે તપાસ કરાવવા અર્થે લઈ ગયા, રસ્તામાં એક વ્યક્તિ સાથે મુલાકાત થઈ, ખૂબ જ ખૂબસૂરત સુઘડ પહેરવેશવાળા તેમના શરીરમાંથી ઘણી સરસ ખુશ્બુ આવતી હતી, તેમણે પૂછયું; ક્યાં જાઓ છો ? પેલાઓએ કહ્યું; ઈબ્ને સમ્માકનો પેશાબ દેખાડવા ફલાણાં વૈધ પાસે જઈએ છીએ. તેમણે કહ્યું; સુબ્હાનલ્લાહ ! અલ્લાહના વલી માટે અલ્લાહના દુશ્મન પાસે મદદ માંગો છો ? પેશાબ ફેંકી દો પરત થાઓ અને તેમને કહો કે; દુ:ખાવાની જગ્યાએ હાથ મૂકીને પઢો 'વબિલ હકિક અન્ઝલ્નાહ વબિલ હકિક નઝલ' આટલું કહીને પેલાં બુઝુર્ગ ગાયબ થઈ ગયા. પેલા લોકોએ પરત આવીને ઈબ્ને સમ્માકને આવીને

બધી વિગત કહી સંભળાવી, તેમણે દુ:ખાવાની જગ્યાએ હાથ મૂકીને એ શબ્દો કહ્યા તો તરત આરામ થઈ ગયો. અને ઈબ્ને સમ્માકે કહ્યું; તે ખિઝર અલા નબિય્યિના અલયહિસ્સલામ હતા.

૨૧૮. તેવીસ વરસોના અરસામાં.

૨૧૯. જેથી સાંભળનારને એમાં વર્ણવાએલી બાબતો સરળતાથી દિમાગમાં ઉતરતી રહે.

૨૨૦. હિકમત અને બનતા બનાવ અનુસાર.

૨૨૧. અને પોતાના માટે આખેરતની નેઅમતો પસંદ કરો અથવા જહન્નમનો અઝાબ.

૨૨૨. અર્થાત એહલે કિતાબના મો'મિનો જેઓ રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નબુવ્વત જાહેર થતાં પહેલાં (આપની) પ્રતિક્ષા અને ઢુંઢમાં હતા અને આપની નબુવ્વત જાહેર થતાં ઈસ્લામ સ્વીકારથી પાવન થયા., જેવા કે જૈદ બિન અમ્ર બિન નુફેલ અને સલમાન ફારસી અને અબૂ ઝર વિગેરે રદીયલ્લાહુ અન્હૂમ.

૨૨૩. જે તેણે પોતાની પહેલાંની કિતાબોમાં કર્યો હતો કે અંતિમ સમયના રસૂલ મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને જાહેર કરશે.

૨૨૪. પોતાના પરવરદિગાર સમક્ષ આજેજી અને નર્મદિલીથી.

૨૨૫. **મસઅલો** :- કુરઆને કરીમની તિલાવત સમયે રડવું મુસ્તહબ છે. તિરમિઝી અને નિસાઈની હદીષમાં છે કે જે માણસ અલ્લાહના ખોફથી રડશે તે જહન્નમમાં જશે નહિ.

૨૨૬. **શાને નુઝૂલ** :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું; એક રાત્રે સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે લાંબો સિજદો કર્યો. અને પોતાનાં સિજદામાં ''યા અલ્લાહ યા રહમાન'' બોલ્યા કર્યા. અબૂ જહલે સાંભળ્યું ત્યારે બોલ્યો કે; (હઝરત) મોહમ્મદ (મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) આપણને તો એકથી વધારે માઅબૂદોની પૂજા કરવાની મનાઈ કરે છે અને પોતે બેને પોકારે છે ''અલ્લાહ'' ને અને ''રહમાન'' ને (મુઆઝલ્લાહ). તેના જવાબમાં આ આયત ઉતરી અને કહેવામાં આવ્યું કે અલ્લાહ અને રહમાન એક જ સાચા માઅબૂદનાં બે નામો છે, ગમે તે નામથી પોકારો.

૨૨૭. અર્થાત વચગાળાના અવાજથી પઢો જેનાથી મૂકતદી સહેલાઈથી સાંભળી શકે.

**શાને નુઝૂલ** :- રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ મક્કા મુકર્રમામાં જ્યારે પોતાના અસ્હાબોને નમાઝ પઢાવતા હતા ત્યારે જોરથી કિરઅત પઢતા હતા. મુશ્રિકો સાંભળતા ત્યારે કુરઆન શરીફને એને ઉતારનારને અને જેમના પર ઉતાર્યું તેમને બધાંને ગાળો ભાંડતા. તે બાબત આ આયત ઉતરી.

૨૨૮. જેવું કે યહૂદીઓ અને ખ્રિસ્તીઓ ધારે છે.

૨૨૯. જેવું કે મુશ્રિકો કહે છે.

૨૩૦. એટલે કે અશક્ત નથી કે જેના કારણે તેને મદદગારની જરૂરત હોય.

૨૩૧. હદીષ શરીફમાં છે કે; કયામતના દિવસે સહુથી પહેલાં જન્નત તરફ તે લોકોને બોલાવવામાં આવશે જેઓ પ્રત્યેક પરિસ્થિતિમાં અલ્લાહના વખાણ કરે છે. એક બીજી હદીષમાં છે કે; સર્વોત્તમ દુઆ અલ્હમ્દોલિલ્લાહ છે અને સર્વોત્તમ ઝિક્ર લાઈલાહ ઈલ્લલ્લાહ છે. (તિરમિઝી) મુસ્લિમ શરીફની હદીષમાં છે; અલ્લાહ તઆલાને ચાર શબ્દો ઘણા વ્હાલા છે (૧) લાઈલાહ ઈલ્લલ્લાહ (૨) અલ્લાહુ અકબર (૩) સુબ્હાનલ્લાહ (૪) અલ્હમ્દુલિલ્લાહ.

**ફાયદો** :- આ આયતનું નામ 'આયતુલ ઈઝ્ઝ' છે. અબ્દુલ મુત્તલિબના ખાનદાનના બાળકો જ્યારે

سبحٰن الذی ١٥ الكهف ١٨

مِّن لَّدُنْهُ وَيُبَشِّرَ الْمُؤْمِنِينَ الَّذِينَ يَعْمَلُونَ
الصَّالِحَاتِ أَنَّ لَهُمْ أَجْرًا حَسَنًا ﴿٢﴾ مَّاكِثِينَ فِيهِ أَبَدًا ﴿٣﴾
وَيُنذِرَ الَّذِينَ قَالُوا اتَّخَذَ اللَّهُ وَلَدًا ﴿٤﴾ مَّا لَهُم بِهِ
مِنْ عِلْمٍ وَلَا لِآبَائِهِمْ ۚ كَبُرَتْ كَلِمَةً تَخْرُجُ مِنْ
أَفْوَاهِهِمْ ۚ إِن يَقُولُونَ إِلَّا كَذِبًا ﴿٥﴾ فَلَعَلَّكَ بَاخِعٌ
نَّفْسَكَ عَلَىٰ آثَارِهِمْ إِن لَّمْ يُؤْمِنُوا بِهَٰذَا الْحَدِيثِ
أَسَفًا ﴿٦﴾ إِنَّا جَعَلْنَا مَا عَلَى الْأَرْضِ زِينَةً لَّهَا لِنَبْلُوَهُمْ
أَيُّهُمْ أَحْسَنُ عَمَلًا ﴿٧﴾ وَإِنَّا لَجَاعِلُونَ مَا عَلَيْهَا
صَعِيدًا جُرُزًا ﴿٨﴾ أَمْ حَسِبْتَ أَنَّ أَصْحَابَ الْكَهْفِ
وَالرَّقِيمِ كَانُوا مِنْ آيَاتِنَا عَجَبًا ﴿٩﴾ إِذْ أَوَى الْفِتْيَةُ
إِلَى الْكَهْفِ فَقَالُوا رَبَّنَا آتِنَا مِن لَّدُنكَ رَحْمَةً

**સખત અઝાબથી ડરાવે અને ઇમાનવાળાઓને જેઓ સારાં કામો કરે (તેમને) ખુશખબર આપે કે તેમના માટે સારો સવાબ છે (૨) રહેશે જેમાં હમેશાં (૩) અને તેમને[૨૩૭] ડરાવે જેઓ કહે છે કે અલ્લાહે પોતાનું કોઇ બાળક બનાવ્યું (૪) આ બાબત ન તો તેઓ કંઇ ઇલ્મ ધરાવે છે ન તેમના બાપ દાદાઓ.[૨૩૮] કેટલો ખરાબ બોલ છે જે તેમના મોઢેથી નીકળે છે. નર્યું જૂઠ કહી રહ્યા છે (૫) તો જાણે કે તમે પોતાના જીવનો દાવ લગાડી દેશો તેમની પાછળ અફસોસથી જો તેઓ આ વાત પર[૨૩૯] ઇમાન નહિ લાવે તો[૨૪૦] (૬) બેશક ! અમે જમીન પર જે કંઇ છે[૨૪૧] તેનો શણગાર બનાવ્યો કે જેથી તેમને અજમાવીએ કે તેમનામાં કોનાં કામ સારાં છે[૨૪૨] (૭) અને બેશક ! જે કંઇ એના પર છે એક દિવસ અમે તેને તોડી પીખીને મેદાન કરી દઇશું[૨૪૩] (૮) શું તમને ખબર પડી કે પર્વતની ગુફાવાળાઓ અને જંગલના કિનારાવાળાઓ[૨૪૪] અમારી એક અજબ નિશાની હતા ? (૯) જ્યારે તે યુવાનોએ[૨૪૫] ગુફામાં આશરો લીધો, પછી બોલ્યા, અય અમારા રબ ! અમને પોતાની પાસેથી રહમત આપ[૨૪૬] અને અમારા**

બોલવાનું શરૂ કરતાં હતાં ત્યારે તેમને બધાંથી પહેલાં આજ આયત શિખાડવામાં આવતી હતી.

૨૩૨. આ સૂરતનું નામ સૂરએ કહફ છે. આ સૂરત મક્કિયહ છે. એમાં ૧૧૧ આયતો અને ૧૫૭૭ વાક્યો અને ૬૩૫૦ અક્ષરો છે.

૨૩૩. મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ.

૨૩૪. અર્થાત કુરઆન મજીદ જે તેની સર્વોપરી નેઅમત અને બન્દાઓ માટે નજાત અને સફળતાનું કારણ છે.

૨૩૫. ન શબ્દોમાં ન અર્થોમાં, ન એમાં વિરોધભાસ ન એમાં મતભેદ.

૨૩૬. કાફિરોને.

૨૩૭. કાફિરોને

૨૩૮. નરી અજ્ઞાનતાથી આ આક્ષેપ મૂકે છે અને આવી અસત્ય વાત કહે છે.

૨૩૯. અર્થાત કુરઆન શરીફ પર.

૨૪૦. આમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના દિલને આશ્વાસન આપવામાં આવ્યું કે આપ એ બેઈમાનોના ઈમાનથી વંચિત રહી જવાના કારણે રંજ કે અફસોસ કરો નહિ અને પોતાના પાક જીવનને આ દુ:ખની હલાકતમાં નાખો નહિ.

૨૪૧. ભલે પછી તે જાનવરો હોય કે વનસ્પતિ કે ખાણો કે નહેરો.

૨૪૨. કોણ થોડાથી સંતોષાય છે અને કોણ હરામ અને મનાઈ કરેલી વસ્તુઓથી બચે છે.

કાર્યમાં અમારા માટે સફળતાનાં સાધન બનાવ (૧૦) તો અમે તે ગુફામાં તેમના કાનો પર ગણત્રીનાં કેટલાંએ વરસો થપકાડયાં[૨૪૭] (૧૧) પછી અમે તેમને જગાડયા કે જોઇએ[૨૪૮] બે જુથોમાંથી કોણ તેમના રહેવાની મદ્દત વધારે ઠીક કહે છે (૧૨) અમે તેમની ખરેખર હાલત તમને સંભ-ળાવીએ. તે અમુક યુવાનો હતા જેઓ પોતાના રબ પર ઇમાન લાવ્યા અને અમે તેમની હિદાયત વધારી (૧૩) અને અમે તેમને હિમ્મત આપી જ્યારે કે[૨૪૯] તેઓ ઉભા થઇને બોલ્યા કે, અમારો રબ તે છે જે આકાશ અને ધર-તીનો રબ છે અમે તેના સિવાય કોઇ પણ મઅબૂદ ને પૂજીશું નહિ, આવું થાય તો અમે જરૂર હદથી વધી ગએલી વાત કહી (કહેવાય) (૧૪) આ જે અમારી કોમ છે તેણે અલ્લાહ સિવાય ખુદા બનાવી રાખ્યા છે (તો) એ બાબત કોઇ સ્પષ્ટ સનદ કેમ લાવતા નથી ? તો એનાથી વધીને જાલિમ કોણ જે ખુદા પર જૂઠ ઠોકી બેસાડે[૨૫૦] (૧૫) અને જ્યારે તમે તેમનાથી અને જે કંઇ તેઓ અલ્લાહ સિવાય પૂજે છે તેનાથી અલગ થઇ જાઓ તો ગુફામાં આશરો લો. ફેલાવી દેશે તમારા માટે તમારો રબ પોતાની રહમત અને તમારા કામમાં સરળતાનાં સાધન બનાવી દેશે (૧૬) અને અય મહબૂબ ! તમે સૂર્યને



وَهَيِّئْ لَنَا مِنْ اَمْرِنَا رَشَدًا ﴿١٠﴾ فَضَرَبْنَا عَلٰٓى اٰذَانِهِمْ فِى
الْكَهْفِ سِنِيْنَ عَدَدًا ﴿١١﴾ ثُمَّ بَعَثْنٰهُمْ لِنَعْلَمَ اَىُّ الْحِزْبَيْنِ
اَحْصٰى لِمَا لَبِثُوْٓا اَمَدًا ﴿١٢﴾ نَحْنُ نَقُصُّ عَلَيْكَ نَبَاَهُمْ
بِالْحَقِّ اِنَّهُمْ فِتْيَةٌ اٰمَنُوْا بِرَبِّهِمْ وَزِدْنٰهُمْ هُدًى ﴿١٣﴾ وَّ
رَبَطْنَا عَلٰى قُلُوْبِهِمْ اِذْ قَامُوْا فَقَالُوْا رَبُّنَا رَبُّ السَّمٰوٰتِ
وَالْاَرْضِ لَنْ نَّدْعُوَا۟ مِنْ دُوْنِهٖٓ اِلٰهًا لَّقَدْ قُلْنَآ اِذًا
شَطَطًا ﴿١٤﴾ هٰٓؤُلَآءِ قَوْمُنَا اتَّخَذُوْا مِنْ دُوْنِهٖٓ اٰلِهَةً
لَوْلَا يَاْتُوْنَ عَلَيْهِمْ بِسُلْطٰنٍۢ بَيِّنٍ فَمَنْ اَظْلَمُ مِمَّنِ
افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا ﴿١٥﴾ وَاِذِ اعْتَزَلْتُمُوْهُمْ وَمَا يَعْبُدُوْنَ
اِلَّا اللّٰهَ فَاْوٗٓا اِلَى الْكَهْفِ يَنْشُرْ لَكُمْ رَبُّكُمْ مِّنْ رَّحْمَتِهٖ
وَيُهَيِّئْ لَكُمْ مِّنْ اَمْرِكُمْ مِّرْفَقًا ﴿١٦﴾ وَتَرَى الشَّمْسَ اِذَا

૨૪૩. અને આબાદ થયા પછી વેરાન કરી નાખીશું અને વનસ્પતી કે ઝાડો વિગેરે જે વસ્તુઓ શણગાર રૂપે હતી તેમાંથી કશું જ બાકી રહેશે નહિ માટે દુનિયાના વિનાશિત શણગાર પર વારી જશો નહિ.

૨૪૪. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું કે; રકીમ તે તળેટીનું નામ છે જેમાં ‘અસ્હાબે કહફ’ છે. આયતમાં તે લોકો વિષે કહેવામાં આવ્યું કે તેઓ.

૨૪૫. પોતાની કાફિર કોમથી પોતાનું ઈમાન બચાવવા.

૨૪૬. અને હિદાયત મદદ તેમજ રોજી અને મગફેરત અને દુશ્મનો બાબતથી શાંતિ આપ.

**અસ્હાબે કહફ** :- સર્વથી મજબૂત કથન એ છે કે તેઓ સાત માણસો હતા જો કે તેમનાં નામ વિષે થોડો મતભેદ છે પણ હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાના કથનાનુસાર જે ‘ખાઝિન’માં બયાન થયું છે તેમનાં નામ આ મુજબ છે (૧) મકસલમીના (૨) યમલીખા (૩) મરતૂનસ (૪) બીનુનસ (૫) સારીન્યૂનસ (૬) ઝુન્વાનસ (૭) કશફીત (૮) તતૂનસ અને તેમના કૂતરાનું નામ કિત્મીર છે.

**તાસીર** :- આ નામો લખીને દરવાજા પર લગાડી દેવામાં આવે તો તે મકાન આગ લાગવાથી જળવાએલું રહેશે. દોલત મૂડી પર મૂકવામાં આવે તો તે ચોરાઈ જશે નહિ. નાવડું કે વહાણ એની બરકતથી ડૂબતું નથી. નાસી ગએલું માણસ એની બરકતથી પાછું આવે છે. કોઈ જગ્યાએ આગ લાગી હોય અને આ નામો કપડા પર લખીને તેમાં નાખી દેવાથી તે હોલવાઈ જાય છે. છોકરાઓના રૂદન માટે, આંતરિયા તાવમાં, માથાના દુખાવા માટે, સુકતાનની બીમારીમાં, જમીન અને પાણીના સફરમાં જાન માલની હિફાઝત ખાતર, બુદ્ધિ વધારવા, કેદીઓના છુટકારા માટે આ નામો લખીને તાવીઝ તરીકે હાથ પર બાંધે. (જુમલ)

**બનાવ** :- હઝરત ઈસા અલયહિસ્સલામ પછી ઈન્જીલને માનનારાઓની હાલત ઘણી જ બગડી ગઈ. તેઓ મૂર્તિપૂજા કરવા માંડયા અને બીજાઓને પણ મૂર્તિપૂજા કરવા લાચાર કરવા લાગ્યા. તેમનામાં દકયાનુસ બાદશાહ ઘણો અત્યાચારી હતો જે કોઈ મૂર્તિપૂજા કરવા રાજી થાય નહિ તેને તે કતલ કરી દેતો હતો. અસ્હાબે કહફ અફસુસ શહેરના આબરૂદાર અને આગળ પડતા લોકોમાં ઈમાનદાર માણસો હતા. દક્યાનુસના જોર જુલમના કારણે પોતાનું ઈમાન બચાવવા ભાગ્યા અને નજીકના એક પહાડની ગુફામાં આશરો લીધો. ત્યાં જઈને ઊંઘી ગયા અને ત્રણસો વરસથી વધારે અરસા સુધી એવી જ હાલતમાં રહ્યા. તપાસ કરવાથી બાદશાહને ખબર પડી કે તેઓ ગુફાના અંદર છે તો તેણે હુકમ આપ્યો કે લાંબી દિવાલ ચણીને ગુફાને બંધ કરી દેવામાં આવે જેથી તેઓ અંદર મરી જાય અને તે એમની કબર બની જાય એ જ એમની સજા છે. રાજ્યના અમલદારોમાંથી જેને આ કામ સોંપવામાં આવ્યું તે નેક માણસ હતો તેણે તેમના નામો સંખ્યા અને આખા બનાવનું વર્ણન સીસાની તખ્તી પર લખીને તેને તાંબાની પેટીમાં મૂકીને દિવાલના પાયામાં ચણી લીધું. એવું પણ બયાન કરવામાં આવ્યું છે કે એ જ પ્રકારની એક તખ્તી શાહી ખજાનામાં પણ મૂકી દેવામાં આવી. થોડી મુદ્દત પછી દક્યાનૂસ નાશ પામ્યો સમયના વહેણો વહી ગયાં, રાજ્યો બદલાઈ ગયાં, એટલે સુધી કે એક નેક બાદશાહ ગાદીએ આવ્યો તેનું નામ બેદરૂસ હતું જેણે અડસઠ વરસ રાજ ક્યું. ફરી પાછું દેશમાં વિખવાદ પેઠો અને અને અમુક લોકો મર્યા પછી જીવતા થવાનો ઈન્કાર કરવા લાગ્યા. બાદશાહ એકલો એક મકાનમાં બંધ થઈ ગયો અને તેણે રડીને અને આજીજી કરીને અલ્લાહની બારગાહમાં દુઆ કરી કે; અય પરવરદિગાર! કોઈ એવી નિશાની જાહેર કર જેનાથી મખ્લૂકને મરણ પછીના જીવન અને કયામત પર શ્રધ્ધા બેસે. તેજ અરસામા એક માણસે પોતાની બકરીઓને આરામથી બેસવા માટે પેલી ગુફાવાળી જગ્યા પસંદ કરી અને દિવાલ પાડી નાખી. દિવાલ પડયા પછી એવી ભયાનકતા લાગી કે દિવાલ પાડનારાઓ નાસી છુટયા. અસ્હાબે કહફ અલ્લાહના હુકમથી ખુશખુશાલ ઉઠયા, ચેહરાઓ ખિલેલા ,તબિયત ખુશ અને જીવનની તાજગી મૌજૂદ. એક બીજાને સલામ કરી અને નમાઝ માટે ઉભા થઈ ગયા. પરવારીને યમલીખાને કહ્યું કે; તમે જાવ અને બજારમાંથી કંઈક ખાવાનું ખરીદી લાવો અને એવા સમાચાર પણ મેળવી લાવો કે દકિયાનુસનો આપણી બાબત શું ઈરાદો છે. તેઓ બજાર જવા રવાના થયા અને શહેરના કોટના દરવાજા પર ઈસ્લામી નિશાનીઓ નિહાળી, નવા નવા લોકો જોયા તેમને હઝરત ઈસા અલયહિસ્સલામના નામની કસમો ખાતાં જોયા, આશ્ચર્ય થયું કે આ શું મામલો છે? કાલે તો કોઈ પોતાનું ઈમાન જાહેર કરી શકતું ન હતું, હઝરત ઈસા અલયહિસ્સલામનું નામ લેવાના કારણે કતલ કરી દેવામાં આવતા હતા, આજે ઈસ્લામી નિશાનીઓ શહેરના કિલ્લા પર દેખાય છે. લોકો જરા પણ ભય વગર હઝરતના નામની કસમો ખાય છે. પછી તેઓ રોટી પકાવનારની દુકાને ગયા ખાવાનું ખરીદવા તેને દકિયાનુસી ચલણનો સિક્કો આપ્યો જેનું ચલણ વરસોથી બંધ થઈ ગયું હતું. અને તેને જોનાર પણ કોઈ બાકી રહ્યું ન હતું. બજારવાળાઓને થયું કે આને કોઈ પૂરાણો ખજાનો મલી આવ્યો છે તેમને પકડીને હાકેમ પાસે લઈ ગયા, તે નેક માણસ હતો તેણે પણ તેમને પૂછયું કે ખજાનો ક્યાં છે? તેમણે કહ્યું કે ખજાનો તો ક્યાંયે નથી આ તો અમારો પોતાનો રૂપિઓ છે. હાકેમે કહ્યું; આ વાત તો કોઈ રીતે માનવા યોગ્ય નથી આમાં જે વરસ લખાએલું છે તે ત્રણસો વરસ કરતાં પહેલાંનું છે અને તમે તો યુવાન છો અમે ઘરડા છીએ, અમે તો કદી પણ આ સિક્કો જોયો પણ નથી. તેમણે કહ્યું; હું જે પૂછું તેનો જવાબ સાચે સાચો આપશો તો પ્રશ્ન ઉકલી જશે, કહો કે; દકિયાનુસ બાદશાહ કેવી હાલત અને ખ્યાલમાં છે? હાકેમે કહ્યું કે; આજે સમગ્ર

طَلَعَتْ تَّزٰوَرُ عَنْ كَهْفِهِمْ ذَاتَ الْيَمِيْنِ وَاِذَا غَرَبَتْ
تَّقْرِضُهُمْ ذَاتَ الشِّمَالِ وَهُمْ فِيْ فَجْوَةٍ مِّنْهُ ۭ ذٰلِكَ مِنْ
اٰيٰتِ اللّٰهِ ۭ مَنْ يَّهْدِ اللّٰهُ فَهُوَ الْمُهْتَدِ ۚ وَمَنْ يُّضْلِلْ
فَلَنْ تَجِدَ لَهٗ وَلِيًّا مُّرْشِدًا ﴿۱۷﴾ وَتَحْسَبُهُمْ اَيْقَاظًا وَّهُمْ
رُقُوْدٌ ڰ وَّنُقَلِّبُهُمْ ذَاتَ الْيَمِيْنِ وَذَاتَ الشِّمَالِ ڰ
وَكَلْبُهُمْ بَاسِطٌ ذِرَاعَيْهِ بِالْوَصِيْدِ ۭ لَوِ اطَّلَعْتَ عَلَيْهِمْ
لَوَلَّيْتَ مِنْهُمْ فِرَارًا وَّلَمُلِئْتَ مِنْهُمْ رُعْبًا ﴿۱۸﴾ وَكَذٰلِكَ
بَعَثْنٰهُمْ لِيَتَسَاۗءَلُوْا بَيْنَهُمْ ۭ قَالَ قَاۗىِٕلٌ مِّنْهُمْ كَمْ لَبِثْتُمْ ۭ
قَالُوْا لَبِثْنَا يَوْمًا اَوْ بَعْضَ يَوْمٍ ۭ قَالُوْا رَبُّكُمْ اَعْلَمُ بِمَا
لَبِثْتُمْ ۭ فَابْعَثُوْٓا اَحَدَكُمْ بِوَرِقِكُمْ هٰذِهٖٓ اِلَى الْمَدِيْنَةِ
فَلْيَنْظُرْ اَيُّهَآ اَزْكٰى طَعَامًا فَلْيَاْتِكُمْ بِرِزْقٍ مِّنْهُ

**દેખશો કે જ્યારે નીકળે છે ત્યારે તેમની ગુફાથી જમણી બાજુ ફંટાય જાય છે અને જ્યારે અસ્ત થાય છે ત્યારે તેમનાથી ડાબી બાજુ વંકાય જાય છે[૨૫૧] જો કે તેઓ તે ગુફાના ખુલ્લા મેદાનમાં છે.[૨૫૨] આ અલ્લાહની નિશાનીઓમાંથી છે. જેને અલ્લાહ માર્ગ આપે તો તેજ માર્ગ પર છે અને જેને ભટકાવી દે તો કદાપી તેનો કોઇ તરફદાર માર્ગ દેખાડનાર દેખશો નહિ (૧૭) અને તમે તેમને જાગૃત સમજો[૨૫૩] અને તેઓ તો ઊંઘેલા છે, અને અમે તેમને જમણે ડાબે પડખાંઓ બદલાવીએ છીએ.[૨૫૪] અને તેમનો કૂતરો પોતાના સાથળો ફેલાવેલ છે ગુફાના ઉંબરે.[૨૫૫] અય સાંભળનાર ! જો તું તેમને ડોકીયું કરીને જુએ તો તેમનાથી પીઠ ફેરવીને ભાગે અને તેમની ધાકથી ગભરાઇ જાય[૨૫૬] (૧૮) અને એમજ અમે તેમને જગાડયા[૨૫૭] કે પરસ્પર એક બીજાને પૂછે હેવાલ.[૨૫૮]. તેમનામાં એક કહેનારે કહ્યું,[૨૫૯] તમે અહીં કેટલી વાર રોકાયા ? અમુક બોલ્યા, એક દિવસ કે એનાથી ઓછું રહ્યા[૨૬૦]. બીજાઓ બોલ્યા, તમારો રબ ખૂબ જાણે છે જેટલું તમે રહ્યા.[૨૬૧] તો આપણામાંથી એકને આ ચાંદી લઇને[૨૬૨] શહેરમાં મોકલો પછી તે વિચાર કરે કે ત્યાં ક્યુ ખાવાનું વધારે સ્વચ્છ છે.[૨૬૩] જેથી તમારા માટે તેમાંથી ખાવાનું લાવે અને જોઇએ**

ધરતી પર એ નામનો બાદશાહ નથી, સેંકડો વરસ થયાં એક બેઈમાન બાદશાહ એ નામનો થયો હતો. તેમણે કહ્યું; હજુ તો ગઈ કાલે જ અમે તેના ભયથી જીવ બચાવવા ભાગ્યા હતા મારા સાથીદારો નજીકના પહાડની ગુફામાં આશરો લઈ બેઠા છે ચાલો હું તમને તેમની મુલાકાત કરાવું. હાકેમ શહેરના આગેવાનો અને લોકોનું એક મોટું ટોળું તેમની સાથે ગુફાના મોઢા પાસે પહોંચ્યું. અસ્હાબે કહફ યમલીખાની રાહ જોતા હતા, ઘણા લોકોના આવવાના આવાજે અને ખટકાઓ સાંભળીને સમજ્યા કે યમલીખા પકડાઈ ગયા અને દકિયાનુસી સૈન્ય અમને ઢુંઢવા આવી રહ્યું છે. અલ્લાહની હમ્દ અને શુક્ર કરવા લાગ્યા, એટલામાં પેલા લોકો ત્યાં પહોંચી ગયા, યમલીખાએ બધી હકીકત કહી સંભળાવી. એ લોકો સમજી ગયા કે આપણે અલ્લાહના હુકમથી આટલી લાંબી મુદ્દત ઊંઘતા રહ્યા અને હવે એટલા માટે ઉઠાડવામાં આવ્યા છીએ કે લોકો માટે મૃત્યુ પછી સજીવ થવાની નિશાની અને દલીલ બનીએ. હાકેમ ગાર પાસે પહોંચ્યો ત્યારે તેને તાંબાની પેટી જોઈ તેને ખોલી તો અંદરથી તખ્તી નીકળી, એ તખ્તીમાં તેમના નામો તેમના કૂતરાનું નામ અને એ લોકો પોતાનું ઈમાન બચાવવા ખાતર દકયાનુસના ભયથી આ ગુફામાં છુપાયા હોવાની આખી હકીકત તેમજ દકિયાનુસને ખબર થઈ જવાથી આ ગુફાનુ મોઢું ચણી લેવાનો હુકમ આપવા બાબતનું બધું બયાન તેમાં લખ્યું હતું અને જણાયું હતું કે; અમે આ એટલા માટે લખીને મૂકીએ છીએ કે જ્યારે કદી ગુફાનું મોઢું ખુલ્લુ થાય ત્યારે લોકો હકીકતથી વાકેફ થાય. તે તખ્તી વાંચીને બધાને આશ્ચર્ય થયું અને લોકો અલ્લાહની હમ્દ અને સના પઢવા લાગ્યા કે તેણે આવી નિશાની દેખાડી જેનાથી મર્યા પછી ઉઠવાનું યકીન પ્રાપ્ત થાય છે. હાકેમે પોતાના બાદશાહ બેદરૂસને બનાવની ખબર આપી તે દરબારીઓ અને આગેવાનોને

લઈને હાજર થયો અને અલ્લાહને શુકરનો સિજદો કર્યો કે અલ્લાહે તેની દુઆ કબૂલ કરી. અસ્હાબે કહફ બાદશાહ સાથે ભેટયા અને કહ્યું; અમે તમને અલ્લાહને સોંપીએ છીએ વસ્સલામો અલૈક વરહમતુલ્લાહે વબરકાતહુ અલ્લાહ તારી અને તારા દેશની હિફાઝત કરે અને અને જિન્નાત તેમજ માનવીઓની બદમાશીથી બચાવે. બાદશાહ હજુ ઉભો જ હતો કે તેઓ પોતાની સુવાની જગ્યાઓએ પાછા જઈને ઊંઘી ગયા અને અલ્લાહ તઆલાએ તેમને વફાત આપી. બાદશાહે સાગના સંદુકમાં તેમના શરીરોને મૂક્યા અને અલ્લાહ તઆલાએ રોફ દ્વારા તેમની હિફાઝત ફરમાવી કે કોઈની મજાલ નથી કે ત્યાં પહોંચી શકે. બાદશાહે ગુફા પાસે મસ્જિદ બનાવવાનો હુકમ આપ્યો અને એક દિવસ ખુશીનો નક્કી કર્યો કે દર વરસે લોકો ઈદની જેમ ત્યાં ભેગા થાય. (ખાઝિન વિ.)

**મસઅલો** :- આથી જણાયું કે નેક લોકોમાં ઉર્સની પ્રણાલિકા ચાલતી આવી છે.

૨૪૭. અર્થાત તેમને ઊંઘમાં સૂવાડી દીધા કે કોઈ અવાજ પણ જગાડી શકે નહિ.

૨૪૮. અસ્હાબે કહફના......

૨૪૯. દકયાનુસ બાદશાહ સમક્ષ.

૨૫૦. અને તેના માટે ઔલાદ અને શરીક ઠેરવી. પછી તેમણે એક બીજાને અંદરો અંદર કહ્યું.....

૨૫૧. અર્થાત આખો દિવસ તેમના પર છાંયડો રહે છે અને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી કોઈ સમયે પણ તડકાની આંચ તેમને લાગતી નથી.

૨૫૨. અને તાજી હવા તેમને મળે છે.

૨૫૩. કારણ કે તેમની આંખો ખુલ્લી છે.

૨૫૪. વરસમાં એક વખત મોહર્રમની દસમી તારીખે.

૨૫૫. જ્યારે તેઓ પડખું બદલે છે ત્યારે એ પણ બદલે છે.

**ફાયદો** :- તફસીરે સઅલબીમાં છે કે જે કોઈ આ શબ્દો ''વકલ્બુહુમ બાસિતુન ઝિરાઅયહિ બિલ વસીદ'' ને લખીને પોતાની પાસે રાખશે તો કૂતરાઓના ત્રાસથી બચેલો રહેશે.

૨૫૬. અલ્લાહ તઆલાએ એવી ધાક દ્વારા તેમની હિફાઝત ફરમાવી છે કે ત્યાં સુધી કોઈ જઈ શકતું નથી. હઝરત મુઅવિયાહ રોમના જંગ સમયે ગુફા તરફથી પસાર થયા ત્યારે તેમણે અસ્હાબે કહફ પાસે પ્રવેશવા ઈચ્છયું. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ તેમને વાર્યા અને આ આયત પઢયા. પછી અમીર મુઆવિયહના હુકમથી ટોળું પ્રવેશ્યું તો અલ્લાહ તઆલાએ એવી હવા ચલાવી કે બધા સળગી ગયા.

૨૫૭. એક લાંબી મુદ્દત પછી.

૨૫૮. અને અલ્લાહ તઆલાની મહાન કુદરત જોઈને તેમનું યકીન વધે અને તેઓ તેની નેઅમતોનો શુકર કરે.

૨૫૯. એટલે કે મકસલમીનાએ જે તેમનામાં બધાથી મોટા અને બધાના આગેવાન હતા.

૨૬૦. કારણ કે તેઓ ગુફામાં સૂર્યોદય સમયે પ્રવેશ્યા હતા અને જ્યારે ઉઠયા ત્યારે સૂર્યાઅસ્ત થવાની નજીક હતો જેનાથી તેઓએ વિચાર્યું કે આ તે જ દિવસ છે.

**મસઅલો** :- આનાથી સાબિત થયું કે 'ઈજતિહાદ' જાઈઝ અને પાકા અંદાજ મુજબ હુકમ કાઢવો જાઈઝ છે.

૨૬૧. તેમને યા તો 'ઈલ્હામ' થી ખબર પડી કે લાંબી મુદ્દત પસાર થઈ ગઈ છે અથવા તેમને કંઈક એવાં ચિન્હો અને દલીલો દેખાઈ જેમકે વાળ અને નખોનું વધી જવું જેનાથી તેમણે વિચાર્યું કે અરસો લાંબો

سُبْحٰنَ الَّذِیْٓ ١٥ — الکہف ١٨

وَلْيَتَلَطَّفْ وَلَا يُشْعِرَنَّ بِكُمْ أَحَدًا ﴿١٩﴾ إِنَّهُمْ إِن يَظْهَرُوا
عَلَيْكُمْ يَرْجُمُوكُمْ أَوْ يُعِيدُوكُمْ فِي مِلَّتِهِمْ وَلَن تُفْلِحُوا
إِذًا أَبَدًا ﴿٢٠﴾ وَكَذَٰلِكَ أَعْثَرْنَا عَلَيْهِمْ لِيَعْلَمُوا أَنَّ وَعْدَ
اللَّهِ حَقٌّ وَأَنَّ السَّاعَةَ لَا رَيْبَ فِيهَا إِذْ يَتَنَازَعُونَ
بَيْنَهُمْ أَمْرَهُمْ فَقَالُوا ابْنُوا عَلَيْهِم بُنْيَانًا رَّبُّهُمْ أَعْلَمُ بِهِمْ
قَالَ الَّذِينَ غَلَبُوا عَلَىٰ أَمْرِهِمْ لَنَتَّخِذَنَّ عَلَيْهِم مَّسْجِدًا ﴿٢١﴾
سَيَقُولُونَ ثَلَاثَةٌ رَّابِعُهُمْ كَلْبُهُمْ وَيَقُولُونَ خَمْسَةٌ
سَادِسُهُمْ كَلْبُهُمْ رَجْمًا بِالْغَيْبِ وَيَقُولُونَ سَبْعَةٌ
وَثَامِنُهُمْ كَلْبُهُمْ قُل رَّبِّي أَعْلَمُ بِعِدَّتِهِم مَّا يَعْلَمُهُمْ إِلَّا
قَلِيلٌ فَلَا تُمَارِ فِيهِمْ إِلَّا مِرَاءً ظَاهِرًا وَلَا تَسْتَفْتِ
فِيهِم مِّنْهُمْ أَحَدًا ﴿٢٢﴾ وَلَا تَقُولَنَّ لِشَيْءٍ إِنِّي فَاعِلٌ

**કે નરમી કરે અને કદાપી કોઇને તમારી બાતમી આપે નહિ (૧૯) બેશક ! જો તેઓ તમારૂ જાણી જશે તો તમારા પર પથ્થરમારો કરશે[૨૬૪] અથવા પોતાના દીન[૨૬૫] માં ફેરવી કાઢશે, અને જો એવું બનશે તો તમારૂં કદી પણ ભલું થશે નહિ (૨૦) અને અમે એવી રીતે જ એમની ખબર કરી દીધી[૨૬૬] કે જેથી લોકો જાણી લે[૨૬૭] કે અલ્લાહનો વાયદો સાચો છે અને કયામતમાં કશી શંકા નથી. જ્યારે તે લોકો એમના વિષે પરસ્પર ઝગડવા લાગ્યા[૨૬૮] ત્યારે બોલ્યા, બનાવો તેમની ગુફા પર કોઇ ઇમારત. તેમનો રબ તેમને સારી રીતે ઓળખે છે. જેઓ આ કામ માં આગળ પડતા રહ્યા હતા તે બોલ્યા,[૨૬૯] કસમ છે અમે તો એમના પર મસ્જિદ બનાવીશું[૨૭૦] (૨૧) હવે કહેશે[૨૭૧], કે તેઓ ત્રણ છે ચોથો તેમનો કૂતરો, અને અમુક કહેશે, પાંચ છે છઠ્ઠો તેમનો કૂતરો, જોયા વગર અટકળ પચ્ચુ વાત.[૨૭૨] અને અમુક કહેશે, સાત છે[૨૭૩] અને આઠમો તેમના કૂતરો. તમે ફરમાવો, મારો રબ તેમની સંખ્યા ખૂબ જાણે છે.[૨૭૪] તેમને થોડાક જ (લોકો) જાણે છે.[૨૭૫] તો તેમના વિષે[૨૭૬] ચર્ચા કરો નહિ પણ એટલી જ ચર્ચા જે જાહેર થઇ ચૂકી[૨૭૭] અને તેમના[૨૭૮] વિષે કોઇ પણ કિતાબીને કશું પૂછો નહિ (૨૨) અને કદાપી કોઇ વાત બાબત**

વીતી ગયો.

૨૬૨. અર્થાત દકીયાનુસી ચલનનો સિક્કો જે ઘેરથી લઈને આવ્યા હતા અને સૂતી વખતે પોતાના શિરાણે મૂક્યો હતો.

**મસઅલો** :- એનાથી જણાયું કે મૂસાફિરને ખર્ચ સાથે રાખવો 'તવક્કુલ' ના તરીકા વિરૂદ્ધ નથી. હા! ભરોસો અલ્લાહ પર જ રાખવો જોઈએ.

૨૬૩. અને હરામ હોવાની કોઈ શંકા તેમાં ન હોય.

૨૬૪. અને ખરાબ રીતે કતલ કરશે.

૨૬૫. અર્થાત જુલ્મ અને અત્યાચારથી કુફ્રી ટોળા.

૨૬૬. લોકોને દકિયાનુસના મરી ગયા અને મુદ્દત ગુજરી ગયા પછી.

૨૬૭. અને બેદરૂસની રય્યતમાં જે લોકો મૃત્યુ પછી જીવંત થવાને નકારે છે તેમને ખબર પડે.

૨૬૮. અર્થાત તેમની વફાત પછી તેમની આજુ બાજુ ઈમારત બનાવવા બાબત.

૨૬૯. અર્થાત બેદરૂસ બાદશાહ અને તેના સાથીઓ.

૨૭૦. જેમાં મુસલમાનો નમાઝ પઢે અને તેમની નિકટતાથી બરકત મેળવે.

**મસઅલો** :- આથી જણાયું કે બુઝુર્ગોના મઝારો નજીક મસ્જિદો બનાવવી ઈમાનવાળાની પૂરાની રીત છે અને કુરઆન શરીફમાં એને બયાન કરવું અને એની મનાઈ ન કરવી એ કામ જાઈઝ હોવાની ખૂબ મજબૂત દલીલ છે.

سبحٰن الذی ۱۵ الکھف ۱۸

ذٰلِكَ غَدًا ۲۳ اِلَّآ اَنْ يَّشَآءَ اللّٰهُ وَاذْكُرْ رَّبَّكَ اِذَا
نَسِيْتَ وَقُلْ عَسٰٓى اَنْ يَّهْدِيَنِ رَبِّيْ لِاَقْرَبَ مِنْ
هٰذَا رَشَدًا ۲۴ وَلَبِثُوْا فِيْ كَهْفِهِمْ ثَلٰثَ مِائَةٍ سِنِيْنَ
وَازْدَادُوْا تِسْعًا ۲۵ قُلِ اللّٰهُ اَعْلَمُ بِمَا لَبِثُوْا لَهٗ غَيْبُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ اَبْصِرْ بِهٖ وَاَسْمِعْ مَا لَهُمْ مِّنْ
دُوْنِهٖ مِنْ وَّلِيٍّ وَّلَا يُشْرِكُ فِيْ حُكْمِهٖٓ اَحَدًا ۲۶ منزل
وَاتْلُ مَآ اُوْحِيَ اِلَيْكَ مِنْ كِتَابِ رَبِّكَ لَا مُبَدِّلَ
لِكَلِمٰتِهٖ وَلَنْ تَجِدَ مِنْ دُوْنِهٖ مُلْتَحَدًا ۲۷ وَاصْبِرْ
نَفْسَكَ مَعَ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَ
الْعَشِيِّ يُرِيْدُوْنَ وَجْهَهٗ وَلَا تَعْدُ عَيْنٰكَ عَنْهُمْ
تُرِيْدُ زِيْنَةَ الْحَيٰوةِ الدُّنْيَا وَلَا تُطِعْ مَنْ اَغْفَلْنَا

**એવું કહેશો નહિ કે, હું કાલે એ કરી નાખીશ (૨૩) પરંતુ એકે અલ્લાહ ચાહે,[૨૭૯] અને પોતાના રબની યાદ કર જ્યારે તુ ભૂલી જાય,[૨૮૦] અને એવું કહે કે, નજીક છે કે મારો રબ મને આનાથી[૨૮૧] વધારે નજીક સચ્ચાઇનો રસ્તો દેખાડે[૨૮૨] (૨૪) અને તેઓ પોતાની ગુફામાં ત્રણસો વરસ રહ્યા અને નવ ઉપર[૨૮૩] (૨૫) તમે ફરમાવો, જેટલું તે રહ્યા તેને અલ્લાહ સારી પેઠે જાણે છે.[૨૮૪] તેના માટે જ છે આકાશો અને ધરતીનાં બધાં ગૈબ. તે કેટલું બધું જોનાર અને કેટલું બધું સાંભળનાર છે.[૨૮૫] તેના સિવાય તેમનો[૨૮૬] કોઇ વાલીવારસ નથી અને તે પોતાના હુકમમાં કોઇને ભાગીદાર કરતો નથી (૨૬) અને તિલાવત કરો જે તમારા રબની કિતાબ[૨૮૭] તમને વહી કરવામાં આવી. તેની વાતોને કોઇ બદલનાર નથી.[૨૮૮] અને કદાપી તમે તેના સિવાય આશરો પામશો નહિ (૨૭) અને પોતાનો જીવ તેમનામાં ભળેલો રાખો જેઓ સવાર સાંજ પોતાના રબને પોકારે છે, તેની ખુશી ઇચ્છે છે.[૨૮૯] અને તમારી આંખો તેમને છોડીને બીજાઓ પર પડે નહિ. શું તમે દુનિયાના જીવનનો શણગાર ઇચ્છશો ? અને તેનું કહ્યું માનો**

**મસઅલો** :- આથી એ પણ જણાયું કે બુઝુર્ગોની નિકટતામાં બરકત મળે છે એટલા જ માટે અલ્લાહવાળાઓના મઝારો પર બરકત મેળવવા લોકો જતા હોય છે અને એટલા માટે જ કબરોની ઝિયારત સુન્નત અને સવાબનું કારણ છે.

૨૭૧. ખ્રિસ્તીઓ જેમકે તેમનામાંથી સય્યદ અને આકિબે કહ્યું,

૨૭૨. જે જાણ વગર કહેવામાં આવી જે કોઇ રીતે ખરી હોઇ શકતી નથી.

૨૭૩. અને એવું કહેનાર મુસલમાનો છે, અલ્લાહ તઆલાએ તેમની વાતને બાકી રાખી કારણ કે તેમણે જે કંઇ કહ્યું તે નબી અલયહિસ્સલાતો વસલ્લમ પાસેથી ઇલ્મ મેળવીને કહ્યું.

૨૭૪. કારણ કે બધાય જગતોની વિગતો તેમજ ભૂત, ભવિષ્યના બ્રહ્માંડનું જ્ઞાન અલ્લાહને જ છે અથવા જેને તે આપે તેને.

૨૭૫. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે, હું તે થોડાઓમાં છું જેમનો અપવાદ અલ્લાહ તઆલાએ આયતમાં કર્યો છે.

૨૭૬. અહલે કિતાબ સાથે.

૨૭૭. અને કુરઆનમાં ઉતારવામાં આવી. આપ એટલાને જ પૂરતું સમજો અને આ બાબત યહૂદીઓની અજ્ઞાનતા ઉઘેડવા પાછળ ન પડો.

૨૭૮. અર્થાત અસ્હાબે કહફ વિષે.

૨૭૯. અર્થાત જ્યારે કોઇ કામ કરવાનો ઇરાદો હોય તો એવું કહેવું જોઇએ કે ઇન્શાઅલ્લાહ આમ

قَلْبَهُ عَنْ ذِكْرِنَا وَاتَّبَعَ هَوٰىهُ وَكَانَ أَمْرُهُ فُرُطًا ﴿٢٨﴾
وَقُلِ الْحَقُّ مِنْ رَّبِّكُمْ فَمَنْ شَاءَ فَلْيُؤْمِنْ وَّمَنْ
شَاءَ فَلْيَكْفُرْ إِنَّا أَعْتَدْنَا لِلظّٰلِمِيْنَ نَارًا أَحَاطَ بِهِمْ
سُرَادِقُهَا وَإِنْ يَّسْتَغِيْثُوْا يُغَاثُوْا بِمَاءٍ كَالْمُهْلِ
يَشْوِي الْوُجُوْهَ بِئْسَ الشَّرَابُ وَسَاءَتْ مُرْتَفَقًا ﴿٢٩﴾
إِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ إِنَّا لَا نُضِيْعُ
أَجْرَ مَنْ أَحْسَنَ عَمَلًا ﴿٣٠﴾ أُولٰٓئِكَ لَهُمْ جَنّٰتُ عَدْنٍ
تَجْرِي مِنْ تَحْتِهِمُ الْأَنْهٰرُ يُحَلَّوْنَ فِيْهَا مِنْ أَسَاوِرَ
مِنْ ذَهَبٍ وَّيَلْبَسُوْنَ ثِيَابًا خُضْرًا مِّنْ سُنْدُسٍ
وَّإِسْتَبْرَقٍ مُّتَّكِئِيْنَ فِيْهَا عَلَى الْأَرَآئِكِ نِعْمَ
الثَّوَابُ وَحَسُنَتْ مُرْتَفَقًا ﴿٣١﴾ وَاضْرِبْ لَهُمْ مَّثَلًا

**નહિ જેનું દિલ અમે અમારી યાદથી ગાફિલ કરી દીધું અને તે પોતાની મનેચ્છા પાછળ ચાલ્યો અને તેનું કામ હદ વટાવી ગયું (૨૮) અને ફરમાવી દો કે, હક તમારા રબ તરફથી છે,[૨૯૦] તો જે ઇચ્છે તે ઇમાન લાવે અને જે ઇચ્છે તે કુફ્ર કરે,[૨૯૧] બેશક ! અમે જાલિમો[૨૯૨] માટે તે આગ તૈયાર કરી રાખી છે જેની દીવાલો તેમને ઘેરી લેશે, અને જો[૨૯૩] પાણી માટે ફરિયાદ કરે તો તેમની ફરિયાદ એવા પાણી વડે દૂર કરવામાં આવશે જે ડામ દીધેલા ધાતુ જેવું છે જે તેમનાં મોઢાઓ ભૂંજી કાઢશે કેટલું ખરાબ પીણું છે[૨૯૪] અને દોઝખ રહેવાની કેટલી ખરાબ જગ્યા (૨૯) બેશક ! જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યાં અમે તેમનો બદલો બર્બાદ કરતા નથી જેમનાં કામો સારાં હોય[૨૯૫] (૩૦) તેમના માટે રહેવાના બગીચાઓ છે તેમની નીચે નદીઓ વહે તેઓને તેમાં સોનાના કંગન પહેરાવવામાં આવશે[૨૯૬] અને લીલા (રંગના) કપડાં કરીબ અને કનાવીઝ (રેશમના પ્રકાર)ના પહેરશે ત્યાં ગાદીઓ પર તકીયા લગાવીને.[૨૯૭] કેટલો સરસ સવાબ અને જન્નત કેટલી સારી આરામની જગ્યા (૩૧) અને તેમની સમક્ષ**

કરીશ, ઇન્શાઅલ્લાહ વગર ન કહે.

**શાને નુઝૂલ** : મક્કાવાસીઓએ જ્યારે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને અસ્હાબે કહફ વિષે પૂછયું ત્યારે હુઝૂરે કહ્યું કે, કાલે કહીશ, અને ઇન્શાઅલ્લાહ ફરમાવ્યું નહિ, ત્યારે અમુક દિવસો સુધી વહી આવી નહિ અને પછી આ આયત ઉતરી.

૨૮૦. એટલે કે ઇન્શાઅલ્લાહ કહેવાનું યાદ રહે નહિ તો જ્યારે યાદ આવે ત્યારે કહે. હસન રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે જ્યાં સુધી તે જગ્યાએ રહે (ત્યાં સુધીમાં કહી લે). આ આયતની તફસીરમાં કેટલાયે મંતવ્યો છે, અમુક મુફસ્સિરો કહે છે કે એનો અર્થ એ છે કે જો કોઇ નમાઝ ભૂલી ગયો હોય તો યાદ આવતાંની સાથે પઢી લે. (બુખારી, મુસ્લિમ) અમુક આરિફોએ ફરમાવ્યું, એનો અર્થ એ છે કે, પોતાના પરવરદિગારને યાદ કર જ્યારે કે તુ પોતાને ભૂલી જાય, કારણ કે ઝિક્રની કમાલિયત એ છે કે ઝિક્ર કરનાર જેનું ઝિક્ર કરે છે તેનામાં ફના થઇ જાય.

૨૮૧. અસ્હાબે કહફના બનાવનું બયાન અને તેની ખબર આપવામાં.

૨૮૨. અર્થાત એવા મો'જિઝાઓ આપ્યા જે મારી નબુવ્વત બાબત આનાથી પણ વધારે સ્પષ્ટ નિર્દેશ કરે, જેમકે પહેલાંના નબીઓના હેવાલનું વર્ણન અને ગેબી વિદ્યાઓ અને કયામત સુધી બનનાર બનાવો અને નબીઓનું બયાન અને ચંદ્રના ટુકડા કરવા અને પશુઓ પાસે પોતાની સાક્ષીઓ અપાવવી વિગેરે (ખાઝિન, જુમલ).

૨૮૩. અને જો તેઓ આ મુદ્દત બાબત ઝગડો કરે તો....

**બે પુરૂષોની હાલત બયાન કરો[૨૯૮] કે તેમનામાંના એકને[૨૯૯] અમે દ્રાક્ષની વાડીઓ આપી અને તેમને ખજૂરો (નાં ઝાડો) વડે ઢાંકી લીધી અને તેમની વચ્ચે વચ્ચે ખેતી રાખી[૩૦૦] (૩૨) બન્ને વાડીઓ પોતાના ફળો લાવી અને તેમાં કશી કમી રહેવા દીધી નહિ[૩૦૧] અને બન્નેની વચમાં અમે નહેર વહાવી (૩૩) અને તે[૩૦૨] ફળ ધરાવતો હતો.[૩૦૩] તો તેણે પોતાના સાથી[૩૦૪]ને કહ્યું અને તે તેની સાથે આપ લે કરતો હતો,[૩૦૫] હું તારા કરતાં માલ દોલતમાં વધીને છું અને માનવ શક્તિ પણ વધારે ધરાવું છું[૩૦૬] (૩૪) અને પોતાના જીવ પર જુલ્મ કરતો[૩૦૭] પોતાના બગીચામાં પ્રવેશ્યો,[૩૦૮] બોલ્યો, હું નથી ધારતો કે આ કદી નાશ પામે (૩૫) અને હું નથી ધારતો કે કયામત કાયમ થાય અને જો હું[૩૦૯] પોતાના રબ પ્રતિ પરત થઇશ તો પણ અવશ્ય આ વાડી કરતાં પણ સરસ પલ્ટીને જવાની જગ્યા પામીશ[૩૧૦] (૩૬) તેના સાથીએ[૩૧૧] તેને આપ લે કરતાં જવાબ આપ્યો, શું તું તેની સાથે કુફ્ર કરે છે જેણે તને માટીમાંથી બનાવ્યો પછી નિતરેલા પાણીના ટીપાથી પછી તને યોગ્ય પુરૂષ કર્યો[૩૧૨] (૩૭) પણ હું તો એવું જ કહું છું કે તે અલ્લાહ જ મારો રબ છે અને હું કોઇને મારા રબનો ભાગીદાર કરતો નથી (૩૮) અને એવું કેમ**



رَّجُلَيْنِ جَعَلْنَا لِاَحَدِهِمَا جَنَّتَيْنِ مِنْ اَعْنَابٍ
وَّحَفَفْنٰهُمَا بِنَخْلٍ وَّجَعَلْنَا بَيْنَهُمَا زَرْعًا ﴿٣٢﴾ كِلْتَا
الْجَنَّتَيْنِ اٰتَتْ اُكُلَهَا وَلَمْ تَظْلِمْ مِّنْهُ شَيْـًٔا وَّفَجَّرْنَا
خِلٰلَهُمَا نَهَرًا ﴿٣٣﴾ وَّكَانَ لَهٗ ثَمَرٌ فَقَالَ لِصَاحِبِهٖ وَهُوَ
يُحَاوِرُهٗۤ اَنَا اَكْثَرُ مِنْكَ مَالًا وَّاَعَزُّ نَفَرًا ﴿٣٤﴾ وَدَخَلَ
جَنَّتَهٗ وَهُوَ ظَالِمٌ لِّنَفْسِهٖ قَالَ مَاۤ اَظُنُّ اَنْ تَبِيْدَ
هٰذِهٖۤ اَبَدًا ﴿٣٥﴾ وَّمَاۤ اَظُنُّ السَّاعَةَ قَآئِمَةً وَّلَئِنْ
رُّدِدْتُّ اِلٰى رَبِّيْ لَاَجِدَنَّ خَيْرًا مِّنْهَا مُنْقَلَبًا ﴿٣٦﴾ قَالَ
لَهٗ صَاحِبُهٗ وَهُوَ يُحَاوِرُهٗۤ اَكَفَرْتَ بِالَّذِيْ خَلَقَكَ
مِنْ تُرَابٍ ثُمَّ مِنْ نُّطْفَةٍ ثُمَّ سَوّٰىكَ رَجُلًا ﴿٣٧﴾ لٰكِنَّا۠
هُوَ اللّٰهُ رَبِّيْ وَلَاۤ اُشْرِكُ بِرَبِّيْۤ اَحَدًا ﴿٣٨﴾ وَلَوْلَاۤ اِذْ دَخَلْتَ

૨૮૪. તેનું કહેલું જ સાચું છે.

**શાને નુઝૂલ** : નજરાનના ખ્રિસ્તીઓએ કહ્યું હતું, ત્રણસો વર્ષ તો બરાબર છે પણ આ નવનો વધારો કેવો? એની જાણ અમને નથી. તે બાબત આ આયત ઉતરી.

૨૮૫. કોઇ પણ જાહેરી વસ્તુ કે કોઇ પણ છુપી બાબત તેનાથી ગુપ્ત નથી.

૨૮૬. આકાશ અને ધરતીવાળાઓનો.

૨૮૭. અર્થાત કુરઆન શરીફ.

૨૮૮. અને કોઇનામાં એમાં ફેરફાર કરવાની શક્તિ જ નથી.

૨૮૯. એટલે કે નિખાલસતા સાથે પ્રત્યેક સમયે અલ્લાહની ઇબાદતમાં મગ્ન રહે છે.

**શાને નુઝૂલ** : કાફિરોના આગેવાનોના એક જુથે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને કહ્યું હતું કે, અમને ગરીબો અને નાદાર લોકો સાથે બેસવામાં શરમ આવે છે જો આપ તેમને આજુબાજુથી વિખુટા પાડી દો તો અમે ઇસ્લામ લઇ આવીએ અને અમારા ઇસ્લામ સ્વીકારથી ઘણા બધા લોકો ઇસ્લામ સ્વીકારી લેશે. તે બાબત આ આયતે કરીમા ઉતરી.

૨૯૦. એટલે કે તેના આપવાથી છે અને હક તેમજ બાતિલ જાહેર થઇ ચૂક્યું તો મુસલમાનોને તમારૂં દિલ રાખવા ખાતર પોતાની મજલિસથી અલગ નહિ કરૂં.

૨૯૧. પોતાના પરિણામ અને અંજામને વિચારી લે.

૨૯૨. અર્થાત કાફિરો.

سبحٰن الذی ١٥ الكهف ١٨

جَنَّتَكَ قُلْتَ مَا شَآءَ اللّٰهُ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ اِنْ تَرَنِ
اَنَا اَقَلَّ مِنْكَ مَالًا وَّوَلَدًا ﴿٣٩﴾ فَعَسٰى رَبِّيْٓ اَنْ يُّؤْتِيَنِ
خَيْرًا مِّنْ جَنَّتِكَ وَيُرْسِلَ عَلَيْهَا حُسْبَانًا مِّنَ السَّمَآءِ
فَتُصْبِحَ صَعِيْدًا زَلَقًا ﴿٤٠﴾ اَوْ يُصْبِحَ مَآؤُهَا غَوْرًا فَلَنْ
تَسْتَطِيْعَ لَهٗ طَلَبًا ﴿٤١﴾ وَاُحِيْطَ بِثَمَرِهٖ فَاَصْبَحَ يُقَلِّبُ
كَفَّيْهِ عَلٰى مَآ اَنْفَقَ فِيْهَا وَهِيَ خَاوِيَةٌ عَلٰى عُرُوْشِهَا
وَيَقُوْلُ يٰلَيْتَنِيْ لَمْ اُشْرِكْ بِرَبِّيْٓ اَحَدًا ﴿٤٢﴾ وَلَمْ تَكُنْ لَّهٗ
فِئَةٌ يَّنْصُرُوْنَهٗ مِنْ دُوْنِ اللّٰهِ وَمَا كَانَ مُنْتَصِرًا ﴿٤٣﴾
هُنَالِكَ الْوَلَايَةُ لِلّٰهِ الْحَقِّ هُوَ خَيْرٌ ثَوَابًا وَّخَيْرٌ
عُقْبًا ﴿٤٤﴾ وَاضْرِبْ لَهُمْ مَّثَلَ الْحَيٰوةِ الدُّنْيَا كَمَآءٍ
اَنْزَلْنٰهُ مِنَ السَّمَآءِ فَاخْتَلَطَ بِهٖ نَبَاتُ الْاَرْضِ

**ન બન્યું કે જ્યારે તું પોતાની વાડીમાં ગયો ત્યારે કહ્યું હોત કે જે અલ્લાહ ઇચ્છે, આપણાને અલ્લાહની સહાય સિવાય અન્ય કશાનું જોર નથી.[૩૧૩] જો તું મને તારા કરતાં દોલત અને ઔલાદમાં ઓછો દેખતો હતો[૩૧૪] (૩૯) તો નજીક છે કે મારો રબ મને તારી વાડી કરતાં સારૂં આપે[૩૧૫] અને તારી વાડી પર આકાશમાંથી વિજળીઓ ઉતારે તો તે સપાટ મેદાન જેવી બની જાય[૩૧૬] (૪૦) અથવા એનું પાણી ધરતીમાં સમાઇ જાય[૩૧૭] પછી તું તેને કદાપી ઢુંઢી શકે નહિ[૩૧૮] (૪૧) અને તેનાં ફળો ઘેરી લેવામાં આવ્યાં[૩૧૯] તો પોતાના હાથ ઘસતો રહી ગયો[૩૨૦] તે લાગત પર જે એ વાડીમાં રોકી હતી અને તે પોતાના માંડવાઓ પર પડેલી હતી,[૩૨૧] અને કહી રહ્યો છે કે, કેવું સારૂં થાત જો મેં મારા રબનો કોઇને ભાગીદાર બનાવ્યો ન હોત (૪૨) અને તેની પાસે કોઇ જુથ હતું નહિ જે અલ્લાહની વિરૂદ્ધમાં તેની મદદ કરે, ન તો તે બદલો લેવા શક્તિમાન હતો[૩૨૨] (૪૩) અહીં ઉઘડે છે[૩૨૩] કે અધિકાર સાચા અલ્લાહનો જ છે. તેનો સવાબ સર્વોત્તમ અને તેને માનવાનું પરિણામ બધાથી સારૂં (૪૪) અને એમની સમક્ષ[૩૨૪] દુનિયાના જીવનનું દ્રષ્ટાંત બયાન કરો,[૩૨૫] જેવું કે એક પાણી જે અમે આકાશમાંથી ઉતાર્યું તો**

૨૯૩. તરસની સખ્તીના કારણે.

૨૯૪. અલ્લાહની પનાહ ! હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું છે કે, તે ગંદુ પાણી છે ઝેતુનના તેલના રગડા જેવું. તિરમિઝીની હદીષમાં છે કે જ્યારે તે મોઢાની નજીક લાવવામાં આવશે ત્યારે તેની આંચથી મોઢાની ચામડી ઉખડીને નીચે પડી જશે. અમુક તફસીરકારોનું કહેવું છે કે તે ઓગાળેલું સીસુ અને પિત્તળ છે.

૨૯૫. બલ્કે તેમને તેમની નેકીઓનો બદલો આપીએ છીએ.

૨૯૬. પ્રત્યેક જન્નતીને ત્રણ ત્રણ કંગન પહેરાવવામાં આવશે, સોના ચાંદી અને મોતીનાં. સહીહ હદીષમાં છે કે જ્યાં જ્યાં વુઝૂનું પાણી પહોંચશે તે તમામ અવયવો જન્નતી ઝેવરોથી શૃંગારિત કરવામાં આવશે.

૨૯૭. બાદશાહી ઠાઠમાં હશે.

૨૯૮. કે જેથી કાફિર અને મો'મિન એમાં ચિંતન કરીને પોત પોતાના પરિણામને સમજી લે, અને તે બે પુરૂષોનો હેવાલ આ મુજબ છે....

૨૯૯. અર્થાત કાફિરનો.

૩૦૦. અર્થાત તેમને ઘણા સારા અનુક્રમમાં ગોઠવ્યા.

૩૦૧. વસંત ખૂબ સારી પેઠે આવી.

૩૦૨. વાડીવાળો એના સિવાય બીજા પણ.

એના કારણે ધરતીનું ઘાસ ગીચોગીચ થઇને નીકળ્યુ,[૩૨૬] પછી સુકુ ઘાસ બની ગયું જેને પવન ઉડાડતો ફરે.[૩૨૭] અને અલ્લાહ દરેક વસ્તુ પર કાબૂ ધરાવનાર છે[૩૨૮] (૪૫) માલ અને પુત્રો એ તો આ જીવતા જગતનો શણગાર છે[૩૨૯] અને બાકી રહેનાર સારી વાતો[૩૩૦], એમનો સવાબ તમારા રબને ત્યાં સારો અને એ આશાઓમાં સર્વોત્તમ (૪૬) અને જે દિવસે અમે પહાડોને ચલાવીશું[૩૩૧] અને તમે જમીનને ચોખ્ખી ખુલ્લી દેખશો[૩૩૨] અને અમે એમને ઉઠાડીશું[૩૩૩] તો એમનામાંથી કોઇને છોડીશું નહિ (૪૭) અને બધા તમારા પરવરદિગાર સમક્ષ લાઇનબંધ રજુ થશે.[૩૩૪] બેશક! તમે અમારી પાસે એવા જ આવ્યા જેવા અમે તમને પ્રથમવાર બનાવ્યા હતા[૩૩૫] બલ્કે તમારૂ ધારવુ હતું કે અમે કદાપી તમારા માટે કોઇ વાયદાનો સમય રાખીશું નહિ[૩૩૬] (૪૮) અને આમાલનામું મૂકવામાં આવશે[૩૩૭] તો તમે ગુનેહગારોને જોશો કે તેના લખાણથી બીતા હશે અને[૩૩૮] કહેશે, હાય ખરાબી અમારી! આ લખાણને શું થયું (કે) એણે ન તો કોઇ નાનો ગુનોહ રહેવા દીધો ન મોટો જેને ઘેરી લીધો ન હોય. અને પોતાની તમામ કરણી તેમણે સામે જોઇ અને તમારો રબ કોઇના પર જુલ્મ કરતો નથી[૩૩૯] (૪૯) અને યાદ કરો



فَأَصْبَحَ هَشِيمًا تَذْرُوهُ الرِّيَاحُ ۗ وَكَانَ اللَّهُ عَلَىٰ كُلِّ
شَيْءٍ مُّقْتَدِرًا ﴿٤٥﴾ الْمَالُ وَالْبَنُونَ زِينَةُ الْحَيَاةِ الدُّنْيَا ۖ
وَالْبَاقِيَاتُ الصَّالِحَاتُ خَيْرٌ عِندَ رَبِّكَ ثَوَابًا وَخَيْرٌ أَمَلًا ﴿٤٦﴾
وَيَوْمَ نُسَيِّرُ الْجِبَالَ وَتَرَى الْأَرْضَ بَارِزَةً وَحَشَرْنَاهُمْ
فَلَمْ نُغَادِرْ مِنْهُمْ أَحَدًا ﴿٤٧﴾ وَعُرِضُوا عَلَىٰ رَبِّكَ صَفًّا لَّقَدْ
جِئْتُمُونَا كَمَا خَلَقْنَاكُمْ أَوَّلَ مَرَّةٍ ۚ بَلْ زَعَمْتُمْ أَلَّن
نَّجْعَلَ لَكُم مَّوْعِدًا ﴿٤٨﴾ وَوُضِعَ الْكِتَابُ فَتَرَى الْمُجْرِمِينَ
مُشْفِقِينَ مِمَّا فِيهِ وَيَقُولُونَ يَا وَيْلَتَنَا مَالِ هَٰذَا الْكِتَابِ
لَا يُغَادِرُ صَغِيرَةً وَلَا كَبِيرَةً إِلَّا أَحْصَاهَا ۚ وَوَجَدُوا مَا
عَمِلُوا حَاضِرًا ۗ وَلَا يَظْلِمُ رَبُّكَ أَحَدًا ﴿٤٩﴾ وَإِذْ قُلْنَا
لِلْمَلَائِكَةِ اسْجُدُوا لِآدَمَ فَسَجَدُوا إِلَّا إِبْلِيسَ كَانَ

૩૦૩. અર્થાત ખૂબ માલદોલત સોનું ચાંદી વિગેરે દરેક જાતની વસ્તુઓ.

૩૦૪. ઇમાનદાર.

૩૦૫. ઇતરાઇને અને પોતાની દોલત પર ઘમંડ કરીને કહેવા લાગ્યો કે,

૩૦૬. મારો કુટુંબ કબીલો વિશાળ છે, નોકર ચાકરો ખિદમતગારોની સંખ્યા ઘણી છે.

૩૦૭. અને મુસલમાનનો હાથ પકડીને તેને સાથે લઇ ગયો ત્યાં ઘમંડનો દેખાવ કરવા તેને બધી બાજુ ફેરવ્યો અને પ્રત્યેક વસ્તુ દેખાડી.

૩૦૮. બગીચાનો શણગાર, રોનક અને બહાર દેખીને મગરૂર બની ગયો અને...

૩૦૯. તારી માન્યતા મુજબ ધારો કે...

૩૧૦. કારણ કે દુનિયામાં પણ મને સારી જગ્યા મળી છે.

૩૧૧. મુસલમાને.

૩૧૨. બુદ્ધિ પુખ્તવય તાકાત અને શક્તિ આપ્યાં અને તું એ બધું પામીને પણ કાફિર થઇ ગયો?

૩૧૩. જો તુ વાડી જોઇને માશાઅલ્લાહ કહેત અને સ્વીકાર કરત કે આ વાડી અને એની તમામ ઉપજ અને લાભ અલ્લાહ તઆલાની મરજી અને તેની મહેરબાનીના કારણે છે અને સર્વ કંઇ તેના જ અધિકારમાં છે, ઇચ્છે તો એને આબાદ રાખે ઇચ્છે તો વેરાન કરે, જો આવું કહેત તો તારા માટે સારૂં થાત, તેં એવું કેમ કર્યુ નહિ?

૩૧૪. અને એ કારણે ઘમંડમાં ડૂબેલો હતો અને પોતાને મહાન જાણતો હતો.

**જ્યારે અમે ફરિશ્તાઓને ફરમાવ્યું, આદમને સિજદો કરો[૩૪૦] તો બધાએ સિજદો કર્યો ઇબ્લીસ સિવાય (જે) જિન્નાત કૌમમાંથી હતો, તો પોતાના રબના હુકમમાંથી નીકળી ગયો.[૩૪૧] તો શું એને અને એની ઔલાદને મારા સિવાય દોસ્ત બનાવો છો ?[૩૪૨] અને તેઓ તમારા દુશ્મન છે. જાલિમોને કેટલો ખરાબ બદલો મળ્યો[૩૪૩] (૫૦) ન તો મેં આકાશો અને ધરતી બનાવતી વખતે તેમને સામે બેસાડયા હતા ન તેમને પોતાને બનાવતી વખતે, અને ન મને છાજે કે ગુમરાહ બનાવનારાઓને સહાયક બનાવું[૩૪૪] (૫૧) અને જે દિવસે ફરમાવશે,[૩૪૫] પોકારો મારા શરીકોને જે તમે ધારતા હતા. તો તેમને પોકારશે (પણ) તેઓ એમને જવાબ નહિ આપે, અને અમે એમની[૩૪૬] વચ્ચે એક વિનાશનું મેદાન કરી દઇશું[૩૪૭] (૫૨) અને ગુનેહગાર દોઝખને જોશે તો નક્કી માની લેશે કે તેમને એમાં પડવાનું છે અને ત્યાંથી નાસવાની કોઇ જગ્યા નહિ પામે (૫૩) અને બેશક ! અમે લોકો માટે આ કુરઆનમાં પ્રત્યેક પ્રકારનું દ્રષ્ટાંત તરેહવાર બયાન ફરમાવ્યું.[૩૪૮] અને માનવી પ્રત્યેક વસ્તુથી વધીને ઝગડાખોર છે[૩૪૯] (૫૪) અને માનવીઓને ઇમાન લાવવાથી કઇ વસ્તુએ રોક્યા જ્યારે કે હિદાયત[૩૫૦] તેમની પાસે આવી અને પોતાના રબ પાસે**



مِنَ الْجِنِّ فَفَسَقَ عَنْ اَمْرِ رَبِّهٖ ؕ اَفَتَتَّخِذُوْنَهٗ
وَذُرِّيَّتَهٗٓ اَوْلِيَآءَ مِنْ دُوْنِيْ وَهُمْ لَكُمْ عَدُوٌّ ؕ بِئْسَ
لِلظّٰلِمِيْنَ بَدَلًا ﴿۵۰﴾ مَآ اَشْهَدْتُّهُمْ خَلْقَ السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَلَا خَلْقَ اَنْفُسِهِمْ ۪ وَمَا كُنْتُ مُتَّخِذَ الْمُضِلِّيْنَ
عَضُدًا ﴿۵۱﴾ وَيَوْمَ يَقُوْلُ نَادُوْا شُرَكَآءِىَ الَّذِيْنَ زَعَمْتُمْ
فَدَعَوْهُمْ فَلَمْ يَسْتَجِيْبُوْا لَهُمْ وَجَعَلْنَا بَيْنَهُمْ مَّوْبِقًا ﴿۵۲﴾
وَرَاَ الْمُجْرِمُوْنَ النَّارَ فَظَنُّوْٓا اَنَّهُمْ مُّوَاقِعُوْهَا وَلَمْ
يَجِدُوْا عَنْهَا مَصْرِفًا ﴿۵۳﴾ ع وَلَقَدْ صَرَّفْنَا فِيْ هٰذَا الْقُرْاٰنِ
لِلنَّاسِ مِنْ كُلِّ مَثَلٍ ؕ وَكَانَ الْاِنْسَانُ اَكْثَرَ شَيْءٍ
جَدَلًا ﴿۵۴﴾ وَمَا مَنَعَ النَّاسَ اَنْ يُّؤْمِنُوْٓا اِذْ جَآءَهُمُ
الْهُدٰى وَيَسْتَغْفِرُوْا رَبَّهُمْ اِلَّآ اَنْ تَاْتِيَهُمْ سُنَّةُ

૩૧૫. દુનિયામાં અથવા આખેરતમાં.

૩૧૬. કે એમાં લીલાશનું નામ નિશાન પણ રહે નહિ.

૩૧૭. નીચે જતું રહે જે કોઇ રીતે પણ કાઢી શકાય નહિ.

૩૧૮. જેમકે એવું જ થયું, અઝાબ આવ્યો.

૩૧૯. અને વાડી તદ્દન વેરાન બની ગઇ.

૩૨૦. ખેદ અને પસ્તાવાના કારણે.

૩૨૧. આવી પરિસ્થિતિએ પહોંચીને તેને પેલા મો'મિનની શિખામણ સાંભરી અને હવે તે સમજ્યો કે આ બધું તેના કુફ્ર અને બંડખોરીનું પરિણામ છે.

૩૨૨. કે બરબાદ થઇ ગએલી વસ્તુને પાછી મેળવી શકે.

૩૨૩. અને આવી પરિસ્થિતિમાં ખબર પડે છે...

૩૨૪. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ !

૩૨૫. કે એની હાલત એવી છે.

૩૨૬. જમીન લીલીછમ બની અને તરત જ એવું થયું કે...

૩૨૭. અને વેરવિખેર કરી નાખે.

૩૨૮. બનાવવાનો અને ફના કરવાનો. આ આયતમાં દુનિયાની તાજગી અને લીલાશ અને તેના ફના તથા નાશ પામવાનું દ્રષ્ટાંત ઘાસ દ્વારા આપવામાં આવ્યું કે જે રીતે ઘાસ લીલું થયા પછી નાશ પામે છે અને

الأولين أو يأتيهم العذاب قبلا ﴿٥٥﴾ وما نرسل
المرسلين إلا مبشرين ومنذرين ويجادل الذين
كفروا بالباطل ليدحضوا به الحق واتخذوا آياتي
وما أنذروا هزوا ﴿٥٦﴾ ومن أظلم ممن ذكر بآيات ربه
فأعرض عنها ونسي ما قدمت يداه إنا جعلنا على
قلوبهم أكنة أن يفقهوه وفي آذانهم وقرا وإن
تدعهم إلى الهدى فلن يهتدوا إذا أبدا ﴿٥٧﴾ وربك
الغفور ذو الرحمة لو يؤاخذهم بما كسبوا لعجل لهم
العذاب بل لهم موعد لن يجدوا من دونه
موئلا ﴿٥٨﴾ وتلك القرى أهلكناهم لما ظلموا وجعلنا
لمهلكهم موعدا ﴿٥٩﴾ وإذ قال موسى لفتاه لا أبرح حتى

**માફી માંગવાથી[૩૫૧] પરંતુ એ કે એમના પર આવે[૩૫૨] આગલાઓની પ્રણાલિકા અથવા તેમના પર જાત જાતનો અઝાબ આવે (૫૫) અને અમે રસૂલોને ખુશ[૩૫૩] અને ભય[૩૫૪] સંભળાનાર બનાવીને મોકલ્યા. અને જે કાફિરો છે તેઓ અસત્ય રીતે ઝગડે છે[૩૫૫] કે એના વડે સત્યને હટાવી દે અને એમણે મારી આયતોની અને જે ભય તેમને સંભળાવવામાં આવ્યા હતા[૩૫૬] તેની હાંસી બનાવી લીધી (૫૬) અને તેનાથી વધીને જુલ્મી કોણ જેને તેના રબની આયતો યાદ અપાવવામાં આવે તો તે તેનાથી મોઢું ફેરવી લે[૩૫૭] અને તેના હાથ જે આગળ મોકલી ચૂક્યા[૩૫૮] તેને ભૂલી જાય. અમે તેમના દિલો પર પરદા પાડી દીધા છે કે (જેથી) કુરઆન સમજી શકે નહિ અને તેમના કાનોમાં પુમડાં.[૩૫૯] અને જો તમે તેમને હિદાયત તરફ બોલાવો તો પણ કદાપી માર્ગ નહિ પામે.[૩૬૦] અને તમારો રબ માફ કરનાર મહેરબાન છે. જો તે તેમને[૩૬૧] તેમનાં કૃત્યો બદલ પકડત તો તેમના પર જલ્દી અઝાબ મોકલત.[૩૬૨] પરંતુ તેમના માટે એક વાયદાનો સમય છે[૩૬૩] જેની સામે કોઇ આશરો મેળવી શકશે નહિ (૫૮) અને આ વસ્તીઓ અમે તબાહ કરી નાખી[૩૬૪] જ્યારે તેમણે જુલ્મ કર્યો[૩૬૫] અને અમે તેમની બરબાદીનો એક વાયદો રાખ્યો હતો (૫૯) અને યાદ કરો જ્યારે મૂસાએ[૩૬૬] પોતાના**

તેનું નામ નિશાન પણ બાકી રહેતું નથી એવી જ હાલત દુનિયાની બિન વિશ્વાસપાત્ર જિન્દગીની છે એનાથી ફૂલાઇ જવું અને ગર્વિત બનવું બુદ્ધિનું કામ નથી.

૩૨૯. કબ્ર અને આખેરતના રસ્તાનું ભાથું નથી. હઝરત અલી મુર્તઝા રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે, માલ અને ઔલાદ દુનિયાની ખેતી છે અને સારાં કામો આખેરતની અને અલ્લાહ તઆલા પોતાના ઘણા બધા બન્દાઓને એ બધું જ આપે છે.

૩૩૦. 'બાકીયાતુસ્સાલેહાત' (બાકી રહેનાર સારી વાતો)નો મતલબ નેકીના કામ છે જેનાં ફળો માણસ માટે બાકી રહે છે જેમકે પાંચ વખતની નમાઝો તસ્બીહ હમ્દ. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે બાકીયાતુ સ્સાલેહાત વધારે કરવાનો હુકમ આપ્યો, સહાબાએ પૂછયું કે એ શું છે? ફરમાવ્યુ, અલ્લાહુ અકબર, લાઇલાહ ઇલ્લલ્લાહ, સુબ્હાનલ્લાહ, વલ્હમ્દુ લિલ્લાહ, વલાહવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહ પઢવું.

૩૩૧. કે પોતાની જગ્યાએથી ઉખડીને વાદળીની જેમ રવાના થઇ જશે.

૩૩૨. એના પર ન તો કોઇ પહાડ હશે ન કોઇ ઇમારત કે ન કોઇ ઝાડ.

૩૩૩. કબરોમાંથી અને હિસાબની જગ્યાએ હાજર કરીશું.

૩૩૪. દરેક ઉમ્મતની લાઇનો અલગ અલગ અલ્લાહ તઆલા તેમને ફરમાવશે,

૩૩૫. જીવતા નગ્ન ખુલ્લા પગે અને માલદૌલત વિહોણા.

૩૩૬. જે વાયદો અમે નબીઓની જીભ દ્વારા કર્યો હતો. આવું તેમને કહેવામાં આવશે જેઓ મૃત્યુ પછી

سبحٰن الذي ١٥ الكهف ١٨

أبلغ مجمع البحرين أو أمضي حقبا ﴿٦٠﴾ فلما بلغا
مجمع بينهما نسيا حوتهما فاتخذ سبيله في
البحر سربا ﴿٦١﴾ فلما جاوزا قال لفتٰه آتنا غداءنا
لقد لقينا من سفرنا هٰذا نصبا ﴿٦٢﴾ قال أرءيت
إذ أوينا إلى الصخرة فإني نسيت الحوت وما
أنسٰنيه إلا الشيطٰن أن أذكره ۚ واتخذ
سبيله في البحر عجبا ﴿٦٣﴾ قال ذٰلك ما كنا
نبغ ۚ فارتدا على آثارهما قصصا ﴿٦٤﴾ فوجدا عبدا
من عبادنا آتينٰه رحمة من عندنا وعلمنٰه
من لدنا علما ﴿٦٥﴾ قال له موسىٰ هل أتبعك
على أن تعلمن مما علمت رشدا ﴿٦٦﴾ قال إنك

ربع

**સેવકને કહ્યું,[૩૬૭] હું પાછી પાની કરીશ નહિ જ્યાં સુધી કે ત્યાં પહોંચુ નહિ જ્યાં બે દરિયાઓ એકત્ર થયા છે[૩૬૮] અથવા સદીઓ સુધી ચાલ્યા કરૂં[૩૬૯] (૬૦) પછી જ્યારે તે બન્ને પેલા દરિયાઓને એકત્ર થવાની જગ્યાએ પહોંચ્યા[૩૭૦] (ત્યારે) પોતાની માછલી ભૂલી ગયા અને તેણે દરિયામાં સૂરંગ બનાવતા પોતાનો રસ્તો લીધો (૬૧) પછી જ્યારે ત્યાંથી આગળ વધી ગયા[૩૭૧] મૂસાએ સેવકને કહ્યું, આપણું સવારનું જમણ લાવ, બેશક! આપણને આપણી આ સફરમાં ઘણા કષ્ટનો સામનો થયો[૩૭૨] (૬૨) બોલ્યો, જુઓ તો ખરા! જ્યારે આપણે પેલી શીલા પાસે સ્થાન લીધું હતું ત્યારે બેશક! હું માછલી ભૂલી ગયો અને મને શયતાને જ ભૂલવી દીધું કે હું તેની વાત કરૂં, અને તેણે તો[૩૭૩] દરિયામાં પોતાનો રસ્તો પકડયો, અજબ કહેવાય (૬૩) મૂસાએ કહ્યું એ જ તો આપણે ઢુંઢતા હતા તો પોતાના પગલાં જોતો જોતા પાછા વળ્યા (૬૪) તો અમારા બન્દાઓમાંથી એક બન્દો મળ્યો જેને અમે પોતાની પાસેથી રહમત આપી[૩૭૪] અને તેને પોતાનું ''ઇલ્મે લદુન્ની'' આપ્યું.[૩૭૫] (૬૫) તેને મૂસાએ કહ્યું, 'શું હું તમારી સાથે રહું એ શરતે કે તમે મને શિખવાડી દેશો (તે) નેક વાત જે તમને શિખવાડવામાં આવી?'[૩૭૬] (૬૬) કહ્યું, 'તમે**

સજીવન થવાને અને કયામતના આગમનને માનતા ન હતા.

૩૩૭. પ્રત્યેક વ્યક્તિનું તેના હાથમાં, મો'મિનનું તેના જમણા હાથમાં અને કાફિરનું તેના ડાબા હાથમાં.

૩૩૮. તેમાં પોતાના ગુનાહો લખાએલા દેખીને.

૩૩૯. ન તો કોઇને ગુનાહ વગર સજા આપે ન કોઇની નેકીઓ ઘટાડે.

૩૪૦. તઅઝીમ (સન્માન)નો.

૩૪૧. અને હુકમ લાગુ પડવા છતાં તેણે સિજદો કર્યો નહિ તો અય આદમની ઔલાદ!

૩૪૨. અને તેમનું અનુકરણ કરો છો.

૩૪૩. કે અલ્લાહની ઇતાઅત કરવાને બદલે શયતાનનો હુકમ માનવા માંડયા.

૩૪૪. અર્થ એ છે કે વસ્તુઓના સર્જનમાં એકલો છું ન તો કોઇ મારો સહકાર્યકર ન સલાહકાર, પછી મારા સિવાય અન્યની ઇબાદત કેમ કરી યોગ્ય હોય શકે છે?

૩૪૫. અલ્લાહ તઆલા કાફિરોને.

૩૪૬. એટલે કે મૂર્તિઓ અને મૂર્તિપૂજકો વચ્ચે અથવા ગુમરાહો અને હિદાયતવાળાઓ વચ્ચે.

૩૪૭. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હમાએ ફરમાવ્યું કે, 'મવબિક' (વિનાશનું મેદાન) જહન્નમની એક તળેટીનું નામ છે.

૩૪૮. જેથી સમજે અને શિખામણ સ્વીકારે.

૩૪૯. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે, અહીં 'માનવી' (આયતમાં ઇન્સાન) શબ્દ દ્વારા નદ્ર બિન હારિસ પ્રતિ નિર્દેશ કરાયો છે, અને ઝગડાખોરનો મતલબ એનું કુરઆન શરીફ બાબત ઝગડો કરવો છે. અમુકે કહ્યું કે ઉબય બિન ખલફ પ્રતિ નિર્દેશ છે. અમુક મુફસ્સિરોના કથન અનુસાર બધા જ કાફિરો એમાં આવી ગયા. અમુકના મંતવ્ય મુજબ આયત આમ અર્થમાં છે અને એ જ વધારે ખરૂં છે.

૩૫૦. અર્થાત કુરઆને કરીમ યા રસૂલે મુકર્રમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની મુબારક જાત.

૩૫૧. અર્થ એ છે કે એમના માટે બહાનું કાઢવાની જગ્યા નથી. કારણ કે એમને ઇમાન અને ઇસ્તિગફારથી કોઇ વસ્તુ રોકનાર નથી.

૩૫૨. અર્થાત તે બરબાદી જે એના પછી લખાએલી છે.

૩૫૩. ઇમાનદારો અને કહ્યાગરાઓ માટે સવાબની.

૩૫૪. બેઇમાનો અને આજ્ઞાંકિતો માટે અઝાબનો.

૩૫૫. અને રસૂલોને પોતાની જેવા બશર કહે છે.

૩૫૬. અઝાબના.

૩૫૭. અને શિખામણ કાને ધરે નહિ અને ઇમાન લાવે નહિ.

૩૫૮. અર્થાત નાફરમાની અને ગુનાહ જે કંઇ તેણે કર્યા તે.

૩૫૯. કે હક્ક વાત સાંભળતા નથી.

૩૬૦. આ એવા લોકો માટે છે જેઓ અલ્લાહની જાણ મુજબ ઇમાનથી વંચિત રહેવાના છે.

૩૬૧. દુનિયામાં જ.

૩૬૨. પણ તેની મહેરબાની છે કે તેણે મહેતલ આપી અને અઝાબમાં ઉતાવળ કરી નહિ.

૩૬૩. અર્થાત કયામતનો દિવસ કબરોમાંથી ઉઠવાનો અને હિસાબનો દિવસ.

૩૬૪. ત્યાંના રહીશોને હલાક કરી દીધા અને તે વસ્તીઓ વેરાન થઇ ગઇ. એ વસ્તીઓનો ઇશારો કોમે લૂત અને આદ અને ષમૂદની વસ્તીઓ તરફ છે.

૩૬૫. હક્કને માન્યું નહિ અને નાહક્ક અખત્યાર કર્યું.

૩૬૬. ઇમરાનના દીકરા આબરૂદાર નબી તવરાત તેમજ સ્પષ્ટ મોઅજિઝાઓવાળા.

૩૬૭. જેમનું નામ યુશઅ બિન નૂન હતું જેઓ હઝરત મૂસા અલયહિસ્સલામની સેવામાં રહેતા હતા અને આપની પાસેથી ઇલ્મ શિખતા હતા અને આપના પછી આપની પદવીના વારસદાર બન્યા.

૩૬૮. પારસનો અખાત અને દરિયાએ રોમની પૂર્વ દિશાએ અને મજમઉલ બહરૈન તે જગ્યા છે જ્યાં હઝરત મૂસા અલયહિસ્સલામને હઝરત ખિઝર અલયહિસ્સલામની મુલાકાતનો વાયદો આપવામાં આવ્યો હતો એટલા માટે આપે ત્યાં જવાનો પાકો ઇરાદો કર્યો અને ફરમાવ્યું કે, હું મારા પ્રયત્નો ચાલુ રાખીશ જ્યાં સુધી કે ત્યાં લાધી જાઉં નહિ.

૩૬૯. જો તે જગ્યા દૂર હોય તો. પછી એ લોકો રોટલી અને નમકીન તળેલી માછલી ઝંબીલમાં ભાથા તરીકે લઇને રવાના થયા.

૩૭૦. જ્યાં પથ્થરની એક શીલા હતી અને ચશ્મએ હયાત (જીવનની નહેર) હતી, ત્યાં બન્નેએ આરામ કર્યો અને સૂઇ ગયા. તળેલી માછલી ઝંબીલમાં જીવતી થઇ ગઇ અને તરફડીને દરિયામાં પડી અને પાણી તેની ઉપર થઇને વહેવાનું બંધ થઇ ગયું અને એક પોલાણ જેવું બની ગયું. હઝરત મૂસા અલયહિસ્સલામ

**કદાપી મારી સાથે રહી શકશો નહીં[૩૭૭] (૬૭) અને એવી વાત પર કેમ ધીરજ ધરી શકશો જેને તમારા ઇલ્મે ઘેરેલું નથી.[૩૭૮]' (૬૮) કહ્યું, નજીકમાં જ અલ્લાહ ચાહશે તો તમે મને ધીરજવાન પામશો અને હું તમારા કોઇ હુકમ વિરૂદ્ધ નહિ કરૂં' (૬૯) કહ્યું, 'તો જો તમે મારી સાથે હો છો તો મને કોઇ બાબત વિષે પૂછશો નહિ જ્યાં સુધી હું પોતે તેની વાત કરૂં નહિ.[૩૭૯] હવે બન્ને ચાલ્યા એટલે સુધી કે જ્યારે વહાણમાં બેઠા[૩૮૦] પેલા બન્દાએ તેને ચીરી કાઢયું.[૩૮૧] મૂસાએ કહ્યું, શું તમે આને એટલા માટે ચીરી નાખ્યું કે એમાં બેઠેલાઓને ડૂબાડી દો ? બેશક ! આ તમે બુરી વાત કરી[૩૮૨] (૭૧) કહ્યું, હું કહેતો ન હતો કે આપ મારી સાથે કદાપી રહી શકશો નહિ[૩૮૩] (૭૨) કહ્યું, મને મારી ભૂલ બદલ પકડો નહિ[૩૮૪] અને મારા પર મારા કામમાં મુશ્કેલી નાખો નહિ (૭૩) પછી બન્ને ચાલ્યા[૩૮૫] એટલે સુધી કે જ્યારે એક છોકરો મળ્યો[૩૮૬] (ત્યારે) પેલા બન્દાએ તેને મારી નાખ્યો. મૂસાએ કહ્યું, શું તમે એક ચોખ્ખો જીવ[૩૮૭] કોઇપણ જીવના બદલા વગર મારી નાખ્યો ? બેશક ! તમે ઘણી ખરાબ વાત કરી (૭૪)**

سبحن الذی ١٥ الكهف ١٨

لَنْ تَسْتَطِيعَ مَعِيَ صَبْرًا ﴿٦٧﴾ وَكَيْفَ تَصْبِرُ عَلَىٰ مَا لَمْ
تُحِطْ بِهِ خُبْرًا ﴿٦٨﴾ قَالَ سَتَجِدُنِي إِنْ شَاءَ اللَّهُ صَابِرًا
وَلَا أَعْصِي لَكَ أَمْرًا ﴿٦٩﴾ قَالَ فَإِنِ اتَّبَعْتَنِي فَلَا
تَسْأَلْنِي عَنْ شَيْءٍ حَتَّىٰ أُحْدِثَ لَكَ مِنْهُ ذِكْرًا ﴿٧٠﴾
فَانْطَلَقَا حَتَّىٰ إِذَا رَكِبَا فِي السَّفِينَةِ خَرَقَهَا قَالَ
أَخَرَقْتَهَا لِتُغْرِقَ أَهْلَهَا لَقَدْ جِئْتَ شَيْئًا إِمْرًا ﴿٧١﴾
قَالَ أَلَمْ أَقُلْ إِنَّكَ لَنْ تَسْتَطِيعَ مَعِيَ صَبْرًا ﴿٧٢﴾
قَالَ لَا تُؤَاخِذْنِي بِمَا نَسِيتُ وَلَا تُرْهِقْنِي
مِنْ أَمْرِي عُسْرًا ﴿٧٣﴾ فَانْطَلَقَا حَتَّىٰ إِذَا لَقِيَا
غُلَامًا فَقَتَلَهُ قَالَ أَقَتَلْتَ نَفْسًا زَكِيَّةً بِغَيْرِ
نَفْسٍ لَقَدْ جِئْتَ شَيْئًا نُكْرًا ﴿٧٤﴾

જાગ્યા પછી તેમને કહેવાનું હઝરત યૂશઅ ભૂલી ગયા જેમકે વર્ણન થાય છે...

૩૭૧. અને ચાલતા રહ્યા એટલે સુધી કે બીજા દિવસે ખાવાનો સમય થયો ત્યારે હઝરત....

૩૭૨. થાક અને ભૂખ બન્ને લાગ્યાં છે અને જ્યાં સુધીમાં મજમઉલ બહરૈન પહોંચ્યા હતા ત્યાં સુધી એવું કશું લાગ્યું હતું નહિ મંઝિલે મકસૂદથી આગળ વધીને થાક અને ભૂખ લાગ્યાં. એમાં અલ્લાહનો ભેદ હતો કે માછલી યાદ કરે અને મંઝિલે મકસૂદ તરફ પાછા આવે. હઝરત મૂસા અલયહિસ્સલામની માંગણી પર સેવકે માફી ચાહી અને કહ્યું...

૩૭૩. અર્થાત માછલીએ.

૩૭૪. જે ચાદર ઓઢીને આરામ કરી રહ્યા હતા એ હઝરત ખિઝર હતા. ખિઝરનો શબ્દ શબ્દકોષમાં ત્રણ રીતે આવ્યો છે, ખિજ, ખજ, ખઝિર. આ લકબ છે, અને એ લકબનું કારણ એ છે કે જ્યાં બેસે છે અથવા નમાઝ પઢે છે ત્યાં જો ઘાસ સુકાએલી હોય તો તે લીલીછમ થઇ જાય છે. આપનું નામ બલ્યાબિન મલકાન અને અટક અબૂલ અબ્બાસ છે. એક કથન એવું છે કે આપ બની ઇસરાઇલમાંથી છે. એક કથન એવું છે કે આપ રાજકુંવર છે રાજગાદી છોડીને ફકીરી અખત્યાર કરી લીધી.

૩૭૫. એટલે કે ગૈબી બાબતોનું ઇલ્મ, તફસીરકારોએ કહ્યું છે કે, ઇલ્મે લદુન્ની તે છે જે બન્દાને ઇલ્હામ (ગૈબી સંકેત) દ્વારા સાંપડે. હદીષ શરીફમાં છે કે જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે હઝરત ખિઝર અલયહિસ્સલામને જોયા કે સફેદ ચાદર ઓઢીને સૂતેલા છે ત્યારે આપે તેમને સલામ કરી, તેમણે કહ્યું કે, તમારી ધરતીમાં સલામ ક્યાં છે ? આપે કહ્યું હું મૂસા છું. તેમણે પૂછયું : બની ઇસરાઇલના મૂસા ? કહ્યું,

હા. પછી...

૩૭૬. **મસઅલો** : આથી જણાયું કે માનવીએ ઇલ્મની ઢુંઢમાં રહેવું જોઇએ ભલે ગમે તેટલો મહાન આલિમ હોય.

**મસઅલો** : એ પણ જણાયું કે જેની પાસેથી ઇલ્મ શીખે તેની સાથે અદબ અને નરમીપૂર્વક વર્તવું જોઇએ. (મદારિક) હઝરત ખિઝરે હઝરત મૂસાના જવાબમાં...

૩૭૭. હઝરત ખિઝરે આવું એટલા માટે કહ્યું કે તેઓ જાણતા હતા કે હઝરત મૂસા અલયહિસ્સલામ મનાઇ કરેલાં અને અયોગ્ય કામો દેખશે તો નબી હોવાના કારણે ધીરજ ધરી શકશે નહિ કારણકે શક્ય જ નથી કે નબી કોઇ મનાઇ કરાએલું કામ જુએ અને ધીરજ ધરી બેસી રહે. પછી હઝરત ખિઝરે સબર ન રાખી શકવાનું કારણ પણ પોતે જ બયાન કરી દીધું અને કહ્યું...

૩૭૮. અને જાહેરમાં (એ વાતો) અયોગ્ય છે. હદીષ શરીફમાં છે કે હઝરત ખિઝર અલયહિસ્સલામે હઝરત મૂસા અલયહિસ્સલામને ફરમાવ્યું કે, એક ઇલ્મ મને અલ્લાહ તઆલાએ એવું આપ્યું છે જેને તમે જાણતા નથી અને એક ઇલ્મ તમને આપ્યું છે જેને હું નથી જાણતો. મુફસ્સિરીન મુહદ્દિષીન કહે છે કે જે ઇલ્મને હઝરત ખિઝરે પોતાના માટે વિશેષ કહ્યું તે બાતિન અને મૂકાશિફા (આંતરિક બાબતો જાણી લેવી)નું ઇલ્મ છે અને કમાલિયતવાળાઓ માટે એ શ્રેષ્ઠતાનું કારણ છે. જેમકે કહેવામાં આવ્યુ છે કે, સિદ્દીકને બીજા સહાબાઓ પર જે શ્રેષ્ઠતા છે તેમની નમાઝ વિગેરેના કારણે નથી પરંતુ તેના કારણે જે તેમના સીનામાં છે, અર્થાત બાતિન અને ભેદો રહસ્યોનું ઇલ્મ. કારણ કે જે કામો જાહેર થશે તેમાં ગમે તે રહસ્ય હશે ભલે જાહેરમાં વિરોધી હોય.

૩૭૯. **મસઅલો** : આથી જણાયું કે શાગિર્દ અને ફૈઝ મેળવનારાઓએ અદબનો ખ્યાલ કરવો જોઇએ કે તે શયખ અને ઉસ્તાદના કાર્યો બાબતે વાંધાવચકાની જીભ ખોલે નહિ અને તેઓ પોતે જ એનું રહસ્ય બહાર પાડે એની રાહ જુએ. (મદારિક, અબૂસ્સઉદ).

૩૮૦. અને વહાણવાળાઓએ હઝરત ખિઝર અલયહિસ્સલામને ઓળખીને ભાડું લીધા વગર બેસાડી લીધા.

૩૮૧. અને સારા-વાંસળા અથવા કુહાડી વડે તેનાં એક બે પાટીયાંઓ ઉખેડી નાખ્યાં પણ તે છતાં પાણી વહાણમાં પેઠું નહીં.

૩૮૨. હઝરત ખિઝરે.

૩૮૩. હઝરત મૂસા અલયહિસ્સલામે.

૩૮૪. કારણ કે ભૂલથી થએલા કાર્ય બદલ શરીઅતમાં પકડ નથી.

૩૮૫. અર્થાત કશ્તીમાંથી ઉતરીને એક જગ્યાએ ગયા ત્યાં છોકરાઓ રમી રહ્યા હતા.

૩૮૬. જે તે બધામાં રૂપાળો હતો અને બાલિગ થવાની હદ સુધી પહોંચ્યો ન હતો. અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે, જવાન હતો અને લુંટફાટનો ધંધો કરતો હતો.

૩૮૭. જેનો ગુનોહ સાબિત થએલો ન હતો.